MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૩૦-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

3 અમદાવાદમાં વધુ ત્રણ નવા કેસ નોંધાયા, કુલ પોઝિટિવ કેસ ૫૮ - રાજ્યમાં વધુ એક કોરોના દર્દીનું મોતઃ મૃત્યુઆંક ૬એ પહોંચ્યો

5 શાહરૂખના ધર્મનો આદર કરું છું, પણ ધર્મપરિવર્તન નહીં કરું: ગૌરી ખાન

6 રિસર્ચ એજન્સીનો દાવો, અનેક સેક્ટર ઉપર ખતરો -કોરોના ઇફેક્ટ: દેશ મંદીમાં ધકેલાશે, કંપનીઓ દેવાળુ ફૂંકશે

11 રાજપીપળામાં માલ ની અછત જણાવી ફળ, ફુટ, ગુટખા સહિતની વસ્તુઓના ભાવ બમણા : ઉઘાડી લૂંટ

લૉકડાઉનમાં થયેલી મુશ્કેલીઓ બદલ હું દેશવાસીઓની માફી માંગુ છું

લોકડાઉનનો ભંગ,કોરોનાને આમંત્રણ: મોદીની ચેતવણી

કોરોના સામે જીવન-મરણની લડાઈ છે, સાવચેત રહો,લોકડાઉનના લીધે સોશિયલ ડિસ્ટન્સિંગ વધારો, ઈમોશનલ ડિસ્ટન્સિંગ ઘટાડો,કેટલાક લોકો કોરોનાની ગંભીરતા સમજી રહ્યાં નથી, પરંતુ દેશવાસીઓ ગફલતમાં ન રહેતા, ઘણા દેશ બરબાદ થઈ ગયા

ઘરમાં રહેનાર ફ્રન્ટ લાઈન સોલ્જર્સ,લોકો એક થઈને લોકડાઉનનું પાલન કરવાનો સંકલ્પ કરે, સંકટ સમયમાં ગરીબો અને ભૂખ્યાની મદદ કરવી એ જ આપણી સંસ્કૃતિઃ મોદી



ન્યુ દિલ્હી

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના રોગચાળા સામેની લડાઈમાં આખા દેશમાં મૂકેલા ૨૧ દિવસના લોકડાઉનનો જે રીતે ભંગ થઈ રહ્યો છે ખાસ કરીને ગઈકાલે શનિવારે દિલ્હીમાં યુપી-બિહારના લોકો વતન જવા આનંદવિહાર બસમથકે હજારોની સંખ્યામાં ભેગા થયા તે પ્રત્યે નારાજગી વ્યક્ત કરીને લોકોને ફરી એકવાર ચેતવણી આપી હતી કે જીવ બચાવવો હોય તો લોકડાઉનમાં ઘરમાં જ રહો. જ્યાં છો ત્યાં જ રહો. કોરોના સામે આ જીવન-મરણની લડાઈ છે અને આપણે તેમાં વિજય પ્રાપ્ત કરવું હોવાથી સૌ કોઈ લોકડાઉનનો કડક અમલ કરે અને કરાવે, કેમ કે લોકડાઉનનો ભંગ એ જીવલેણ અને ભયાનક રોગ કોરોનાને આમંત્રણ આપવા સમાન છે. કેટલાક લોકો કોરોનાની ગંભીરતા સમજી રહ્યાં નથી એમ કહીને તેમણે ચેતવ્યાં કે, હું કહું છું કે ગફલતમાં ન રહેતા,કેમ કે કોરોનામાં ઘણા દેશ બરબાદ થઈ ગયા છેઃ તેમણે લોકડાઉનમાં લોકોને પડેલી પરેશાનીઓ બદલ ક્ષમા માંગી હતી અને એવો સંદેશો પણ આપ્યો કે, લોકડાઉનના લીધે સોશિયલ ડિસ્ટન્સિંગ વધારો, અને ઈમોશનલ ડિસ્ટન્સિંગમાં ઘટાડો કરવો જોઈએ. એટલે કે અત્યારે

અનુ. પાના નં. ૮ પર

કોરોના દર્દીઓની સંખ્યા ૧૦૦૦ને પાર: અત્યાર સુધી ૨૫ લોકોના મોત

ન્યુ દિલ્હી

સમગ્ર દેશમાં કોરોનાવાઈરસના અત્યાર સુધીમાં ૧૦૪૫ કેસ પ્રકાશમાં આવ્યા છે. રવિવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૭ નવા મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. આ સિવાય જમ્મુ-કાશ્મીરમાં ૫, ગુજરાતના અમદાવાદમાં ૩ અને રાજસ્થાનના ભીલવાડામાં એક દર્દી મળ્યો છે. અમદાવાદ, જમ્મુ-કાશ્મીર અને મુંબઈમાં એક-એક એમ કુલ ત્રણ દર્દીના મોત થયા છે. રવિવારે રાતે મધ્યપ્રદેશમાં ૫ નવા કેસ (૪ ઈન્દોર, ૧ ઉજ્જૈન) પ્રકાશમાં આવ્યા છે. સરકારના આંકડામાં હાલ સંક્રમિતોની સંખ્યા ૯૭૯ છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે તેમાંથી ૮૬ સાજા થઈ ચુક્યા છે, જ્યારે ૨૫ના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં આઠમું મોત નોંધાયું છે. અહીં બુલઢાણામાં ૪૫ વર્ષીય સંક્રમિતનું મહિલાનું મૃત્યું થયું હતું. આ મહિલાને હાયપર ટેન્શન પણ હતું. રાજ્યમાં મુંબઈ બહાર આ પહેલું મોત છે. હવે દેશમાં કુલ મોતનો આંકડો ૨૯ પર પહોંચી ગયો છે.

ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા એક હજાર પાર થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, ભારતમાં રવિવારે કોરોના વાયરસ સંક્રમિત સંખ્યા ૯૭૯ સુધી પહોંચી ગઈ, જ્યારે મૃતકોનો આંકડો ૨૫ સુધી પહોંચી ગઈ. મંત્રાલયે મોતના નવા છ કેસ નોંધ્યા છે. દિલ્હી, ગુજરાત, કર્ણાટક, કેરલ, મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર અને તેલંગાનામાં એક-એક સંક્રમિતની મોત થયું છે.

આવી રીતે કોરોના વાયરસ સંક્રમણથી દેશભરમાં

અનુ. પાના નં. ૮ પર

ચીનમાં ફરી ૪૫ કેસ સામે આવતા ચિંતા

ચિંતાજનક વાત એ પણ છે કે, ચીનમાં ફરી એક વખત કોરોનાના ૪૫ કેસ સામે આવ્યા છે. જેમાંથી પાંચના મોત થયા છે. ચીનમાં કોરોના વાયરસ પર ઘણા ખરા અંશે કાબૂ મેળવી લેવાયોહ તો પણ બીજા કેસ સામે આવતા ચીનની સરકાર ચોંકી ઉઠી છે.

એરપોર્ટ ઑથોરિટી આપશે ૨૦ કરોડ

એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા તરફથી એ અંગેની માહિતી આપવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યુ છે કે આપણા કર્મચારીઓએ ૨૦ કરોડ રૂપિયાની મદદની રકમ ભેગી કરવામાં આવી છે જેને પ્રધાનમંત્રી કેર્સ ફંડમાં દાન કરવામાં આવશે, જેથી કોવિડ-૧૯ની મહામારી સામે લડી શકાય. જેથી પહેલા સમાજના દરેક વર્ગના લોકોએ પ્રધાનમંત્રી મોદીની અપીલ બાદ હાથ આગળ વધાર્યો હતો.

રેલવે કર્મચારી આપશે ૧૫૧ કરોડ

ભારતીય રેલવે અને વિમાન ઉડ્યન સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓએ પોતાની સેલેરીનો એક હિસ્સો આ રાહત કોષમાં દાન કરવાની ઘોષણા કરી છે. રેલવેએ ૧૩ લાખ કર્મચારી કોરોનાના ખતરાને જોતા પીએમ કેર્સ ફંડમાં જમા કરશે પોતાની એખ દિવસની સેલેરી. આ તમામ કર્મચારી કુલ ૧૫૧ કરોડ રૂપિયાની મદદ પીએમ કેર ફંડમાં કરશે. આ ઉપરાંત એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયાના બધા કર્મચારીઓને ૨૦ કરોડ રૂપિયાની આર્થિક મદદ આપવાની મદદની ઘોષણા કરી છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257
http://www.jungegujarat.in/negative-ion/

ઈટલી બન્યું કબ્રસ્તાન,એક જ દિવસમાં વધુ ૮૮૯ના મોત

ઈટલીમાં કોરોના વાયરસથી હાહાકાર: મોતનો આંકડો ૧૦ હજારને પાર



રોમ

યૂરોપનો સમૃદ્ધ દેશ ઈટાલી કોરોના વાયરસના લીધે કબ્રસ્તાન બની ગયો છે. નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ના કારણે શનિવારે ઈટાલીમાં એક જ દિવસમાં વધુ ૮૮૯ લોકોનાં મોત થતા દેશમાં મૃતાંક ૧૦,૦૦૦ને પાર થઈ ગયો છે. ઈટાલીમાં લોકોનાં મોતની સંખ્યા વધતા કબ્રસ્તાનોમાં વેઈટિંગ લીસ્ટ જોવા મળઆયું છે. દેશમાં શનિવારે ૫,૯૭૪ લોકો વધુ કોરોના પોઝિટિવ થયા હતા. દેશમાં ૯૨,૪૭૨ લોકો કોરોના સંક્રમિત થયા છે.

અનુ. પાના નં. ૮ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

સુરત મહાનગરપાલિકા

જાહેરખબર (COVID-19)

વૈશ્વિક મહામારી કોરોના (COVID-19)ના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં નીચે જણાવેલ વ્યક્તિઓ વિદેશ પ્રવાસ કરીને આવેલ હોવાનું જાણવા મળેલ છે. તેઓ સંદિગ્ધ COVID-19 ના વાહકો હોય શકે છે. તે પૈકી જેઓ સુરત મહાનગરપાલિકાની જાણ હેઠળ હોમ કવોરોન્ટાઈનમાં છે. તે સિવાયની વ્યક્તિઓ કે જેમણે આજદિન સુધી સેલ્ફ ડેકલેરેશનથી અત્રે જાણ કરેલ નથી. તેઓને તાકીદે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ suratmunicipal.gov.in પર સેલ્ફ ડેકલેરેશન અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ પર જાણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જે કોઈ વ્યક્તિઓ નીચે જણાવેલ વ્યક્તિના સંપર્કમાં આવેલ હોય કે પરિચયમાં હોય તેઓને પણ સુરત મહાનગરપાલિકાના ટોલ ફ્રી નંબર દ્વારા જાણ કરવા જણાવવામાં આવે છે.

SR NO	NAME
1	AMAR
2	ANKITABEN PATEL
3	CHARI KHATARI
4	DEBENDRASINGH GHAUHA
5	DEYARAM SOLANKI
6	DILIPKUMAR
7	GAJFIROJ
8	JAY MEHTA
9	JIGAR BHATT
10	MUSTUFA FAKKRUDDIN TINWALA
11	IMRAN MO.SALIM
12	MAKWANA NARENDRABHAI
13	MANUIK JAIN
14	MATHAKIYA HOOMADVALI
15	MINESH N PATEL
16	MOHSI DOBARIA
17	MUKTIYAR AHMED
18	MUNTAZIR
19	MURTAZA KAPADIA
20	NALIM N. GANDHI
21	NIKUJBHAI
22	PRANAV PARIKH
23	PRANAV SHAJI NAIR
24	RAJESHKUMAR TANDEL
25	YASH THAKOR
26	RANAWADA NISHAR
27	RINKAL SHARMA
28	SANDIP G PODARIYA
29	SANGEETA SINGHVI
30	SATISH R ZAVERI
31	SHABANA PARVEEN
32	SHAH JYOTI NITIN KUMAR
33	SHAIKH RAMIZA
34	SHAKH MOHMAD
35	SHAKIL POOHACOALA
36	SHANYA SHETH
37	SHUBBIR SAFRI
38	SMITKUMAR
39	SNEHA SIPPY
40	T.R.CHOKSI
41	VIJAY SHARMA
42	VISHAL CHHOTEDA
43	VRUNDA B PATEL
44	YOGESH J. VAGHASIYA
45	VASAVA PRADYUMAN GANPATSINH
46	SAGAR MANSHUKHBHAI CHAVADA
47	Velsi Sorathiya
48	PULIKOTTLE JIFFIN JOSE
49	MAHEZBIN RANGWALA
50	Shah siodhi sanjaybhai
51	GEETA PATEL
52	Dinapati abhishek
53	DESAI HARSH PARTH
54	KORADIYA DHARMENDRA KUMAR DEVJI BHAI
55	MORAKHIA DHAVALKUMAR JITENDRAKUMAR
56	SHAIKH VAHIDABANU MOHAMMAD FAROOQ
57	BHATLA PRIYANKA PAWAN
58	BHOJANI SHAHIDHUSAIN SULTANALI
59	CHAUDHARI NILESHWARI SURAJKUMAR
60	HEGDE POOJA SHRIDHAR
61	Bhargav Desai
62	Ray samir kumar
63	Uttara nair
64	Saurabh Mishra
65	SHRADHA DWARKADAS MARU
66	Sanghavi Bhaveshkumar Rameshkumar
67	UPADHYAY Sneh Prabha
68	Sanghvi soniya abhishek
69	Modi Nancy Kamleshkumar
70	Sakal wala lahat bhai pirmohammad
71	Patolia Jayesh leelabai
72	Radheshyam balchand makharia
73	viranchikumari chintankumar patel
74	KUSHALGARHWALA ZAHRA HUSAIN
75	Dani Milin mukesh
76	Tibreval kanika
77	chintankumar patel
78	Preeti dua
79	Memon antabanoo aadil
80	Cyclewala azaz mohmed arif
81	Sanghavi vishal nirmalkumar
82	Tibrewal kanika
83	Kulkarni Ram Ganesh
84	Desai anjanaben narendrabhai
85	RAJANIKANT D GANDHI
86	MASHARUWALA RAJPAL ANKITKUMAR
87	Dastur hanoz rohinton
88	Parekh Bhaumik Rajiv
89	Gupta Tarun sanjaykumar
90	Mamrawala amit rajeshkumar
91	Meena bhanupriya
92	Nakum Jalak Haribhai
93	JOSHI JALPABEN BHAVESH
94	Saiyadpura binte Zehra nausad hussain
95	Shaikh Mohammad Farooq sirajmiya
96	Behera Pradipkumar
97	PEINTAR RUKAIYABIBI ABDUL KARIM
98	Chandra Mohan keshvani
99	Choudhary manish
100	MOHMAD CHAND
101	NERAJ KAUSHAL ASANI
102	Patra soumya
103	DAKORIA KALPNA VASANTLAL
104	SAMA FATMABANU
105	Nishad jitendra fulchand
106	Topo Mariyam
107	Panda abinash
108	GUPTA DEEPAK ASHOKKUMAR
109	Harikrishnan Raveendran
110	Neethu joseph
111	JAIN DHRUVI DEEPAK
112	Gandhi Kanubhai vithaldas
113	Anubhav bipinbhai naik
114	khanda Imtiyaz Hanif
115	SINGH SATISHKUMAR SUNILKUMAR
116	Tirumala poonam
117	Rathod Dharmendrasingh jayendrasingh
118	TIWARI AMIT HOSILAPRASAD
119	Memon rafique
120	PATEL RAJNEESHKUMAR
121	GAURAV MEHTA
122	Karthikeyan nagamani
123	Jashwanti M Patel
124	Merchant yasin noorahmed
125	Thandayuthapani chandrasekaran
126	Dinesh
127	Dhruv Jayesh Shah
128	Trupti patel
129	Vaishnavi Darji
130	Jariwala krunal shuresh chandra
131	PRTIK JANAKBHAI SHAH
132	Mangavani harsha lalitbhai
133	Trivedi amitkumar gaurishankar
134	Patel ajitbhai
135	Sayunktaben karkhemish
136	Nair Palak Nimeshbhai
137	Maltiben Masmiya
138	Hetal patel
139	MANSUKHBHAI UKABHAI PATEL
140	TAJKHAN MAZAM ABBASALI
141	TAJUHAR ZAIAAB MUZAFAR
142	Dipakbhai mysuria
143	Patel dipeshkumar dhansukhlal
144	Aayush shrivastav
145	Parin parikh
146	MAHETA ROHAN KIRITBHAI
147	Patel sneha yogesh
148	HUNJASWALA BHAVIN JITENDRA
149	Gangvani chaitara sanjay
150	Gangvani chaitra
151	Lala asad ishmail
152	KASERA NIKUNJ BHARAT
153	VERANDANI RAM DEOOMAL
154	Maheta vivek nikhil
155	Narang Enkesh Pratapsingh
156	Gupta Shefali Mohan
157	PHUTKE MINAKSHEE BHIMSHANKAR
158	PRATHMESH GHERIA
159	Oberoi dlgagndeep
160	Parwewn irfat
161	Shanghvi vishal nirmalkumar
162	DAS ANIMESH
163	BABA RAM DEVASI
164	Ashokbhai madhubhai bhesaniya
165	Nepalsingh
166	Mathur Shlok Pushpesh
167	Vasdani dinesh chelaram
168	Sakariya Babubhai shambhubhai
169	Rohera Hitesh prakadhchandra
170	DUKA RAM
171	sakaria ramaben babubhai
172	SHABBIR RANGWALA
173	Margi Patel
174	UJJWALA BHOSALE
175	MEHTA NILESH
176	Patel shashikant dahyabhai
177	Priyanka
178	goyal hariom
179	Patel Karan shaileshkumar
180	TARIKA SHIVANG AJITBHAI
181	Sidat farahbanu salim
182	IJARDAR MUHAMMAD HUNEN MOIZUDDIN
183	Jariwala Priyanka Deepak
184	SHARMA KRATI
185	MAISURIYA NIMESH KUMAR DHANSUJHBHAI
186	CHEEKILODAN KORACHANKANDY AHLAAM
187	Choksi hirenkumar RAMESHCHANDRA
188	GUPTA RAMPRAKASH
189	abrar ahhamad
190	PATEL HARDIK VINODCHANDRA
191	VARCHAND SHAMJI
192	Nakum Jalak Haribhai
193	SHAIKH SHARIK MEHBOOB
194	Chardraprakash
195	VISAVADIYA ALPA RAJENDRA
196	Khan kashamirakhatan imtiaz
197	CHAWLA ROHIT GULSHANTKUMAR
198	Shaikh atiyabanu Mohamed zuber
199	Dhaval Jitendra morakhiya
200	Sonaseth mufaddal zohedbhai
201	Devariya jiteshkumar khtmji
202	SHAIKH ROMA RASHID
203	SHAH KAHAAN PURAV
204	SAKINA
205	Kotak rahil haresh
206	Patel Milinkumar Mukeshbhai
207	Patel Milinkumar Mukeshbai
208	SABBIRBHAI ABBIRALI
209	MALHOTRA SUDHIR
210	VIKAS AGRAVAL
211	FALGUNIBEN DESAI
212	Visavadiya alpa rajendr
213	Tangirala Akhil reddy
214	Mansi thakor
215	Mirza jahangir abdulrashid
216	Prakash shah
217	KASUBHAI BATUL SHABBIR
218	Thangarathiam emaraja
219	Jinwala poorav himansu
220	UMESH DAVE
221	bombaywala muhammad siddiq abdul
222	PATEL JAYESHKUMAR
223	Sayed moez Danish Ahmed
224	Hemantbhai patel
225	Patel aasefun aasif
226	Zakari Burhanvddin SHABBIR
227	Mityapara Hiren Marubhai
228	Begwala juveriya alimohamed
229	Richa shah
230	CHAUDHARI MAHEK SURAJKUMAR
231	Kapadiya sabeeda banu
232	HEENA KIRITSINH RAW
233	Prashant nareshbhai
234	Tailor Manan
235	DHUNDHIYAWALA

સહી/
કમિશનર
સુરત મહાનગરપાલિકા

તા.૨૯/૦૩/૨૦૨૦

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ

- આપની સેવા અને સુરક્ષામાં હર હંમેશ હાજર અને કટિબદ્ધ
- બિનજરૂરી કામ માટે કોઈએ પણ બહાર નીકળવું નહીં, જરૂરી કામ માટે પણ ફક્ત એક વ્યક્તિએજ બહાર નીકળવું.
- આથી જાહેર જનતાને નમ્ર અપીલ કરવામાં આવે છે કે કોઈપણ સ્થળાંતર ના કરે, જ્યાં છે ત્યાં જ રહે. આપની જરૂરી તમામ સેવાઓ અને સગવડ પુરી પાડવાના અમે પ્રયત્ન કરીશું.
- દરેક કંપનીના મેડીકલ, સીક્યુરીટી તથા અન્ય આવશ્યક સ્ટાફ એ યુનિફોર્મમાં જ બહાર નીકળવું સાથે પોતાની કંપનીનું આઈ. ડી. કાર્ડ રાખવું ખૂબ જ જરૂરી છે.
- નાગરિકોએ પોતાની સોસાયટીમાં પણ એકઠા થવું નહી, જો કોઈપણ સોસાયટીમાં આ રીતનું વર્તન જોવા મળશે તો પોલીસ કડક કાર્યવાહી કરી શકે છે.
- દરેક પ્રાઈવેટ બેંકના એ.ટી.એમ.માં સિક્યુરીટી ગાર્ડને યુનિફોર્મ પહેરવો અને પોતાનું આઈડી કાર્ડ સાથે રાખવું. એટીએમમાં આવનાર વ્યક્તિઓ વચ્ચે બે મીટરનું અંતર રાખવું.
- શાકભાજી તથા ફળફળાદીની લારીવાળાઓએ ડીસ્ટન્સ મેઈનટેઈન કરવું. આવશ્યક ચીજવસ્તુની દુકાનવાળાઓએ જો શક્ય હોય તો ઘરબેઠા ડીલીવરી કરવાનો આગ્રહ રાખવો.
- ઘરની બહાર નીકળતી વખતે દરેક વ્યક્તિએ માસ્ક તથા સેનીટાઈઝરનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો.
- દરેક કંપનીએ કામે આવતા તેમના કામદારો અને અન્ય સ્ટાફની જમવાની વ્યવસ્થા જે તે કંપનીએ પોતાની કંપનીમાં જ કરવી.
- દરેક સોસાયટીએ અજાણ્યા વ્યક્તિને પ્રવેશ ન આપવો, તથા મુખ્ય પ્રવેશ દ્વાર પર વોચમેન રાખવો અને ગેટ બંધ રાખવો.
- આપત્તિકાલીન પરિસ્થિતિએ ગભરાવું નહી, અફવાઓ ન ફેલાવવી અને તુરંત પોલીસનો સંપર્ક કરવો.

અમદાવાદમાં વધુ ત્રણ નવા કેસ નોંધાયા, કુલ પોઝિટિવ કેસ ૫૮

રાજ્યમાં વધુ એક કોરોના દર્દીનું મોતઃ મૃત્યુઆંક ૬એ પહોંચ્યો

• અમદાવાદમાં ૪૫ વર્ષિય વ્યક્તિનું કોરોનાથી મોત, તમામ જિલ્લાઓમાં બે કોવિડ-૧૯ હોસ્પિટલ કરાશે શરૂ

• રાજ્યમાં અત્યારે ૧૯,૬૬૧ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈન હેઠળ અને ૫ કરોડ લોકોનો સર્વે કર્યો

• ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશનના કારણે કોરોના પોઝિટિવ વધે છે, કુલ ૫૮ કેસમાં ૨૬ લોકલ ટ્રાન્સમિશન વાળા દર્દીઓ

ગાંધીનગર

ચીનથી ફેલાયેલ કોરોના વાયરસના કારણે આખી દુનિયામાં મોતનું તાંડવ જોવા મળી રહ્યું છે. ભારતમાં પણ કોરના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે હવે એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. માહિતી મુજબ અમદાવાદમાં વધુ એક કોરોનાના દર્દીનું મોત થયું છે. અમદાવાદમાં ૪૫ વર્ષીય પુરુષનું કોરોના સારવાર દરમિયાન મોત થયું હોવાની પુષ્ટિ થઈ છે. મૃતકને ડાયાબિટીસની પણ બીમારી હતી. આ સાથે હવે રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસથી કુલ ૫ લોકોના મોત થયા છે.

મળતી માહિતી મુજબ અમદાવમાદમાં કોરોના સંક્રમણના વધુ ૩ કેસ પોઝિટીવ આવ્યા છે. આ સાથે અમદાવાદમાં કોરોનાના કુલ ૨૧ કેસ પોઝિટીવ નોંધાયા છે.

ડો. જયંતિ રવિએ ઉમેર્યું કે, રાજયમાં જે ૫૮ કેસ પોઝીટીવ નોંધાયા છે, જેમાં અમદાવાદમાં ૨૧, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૮, વડોદરામાં ૦૯, ગાંધીનગરમાં ૦૯, ભાવનગર, કચ્છ, મહેસાણા અને ગીર સોમનાથ સહિત પ્રત્યેક જિલ્લામાં એક-એક કેસ નોંધાયો છે.

ગુજરાતમાં નોંધાયેલા કોરોના પોઝિટિવના કુલ ૫૮ કેસમાં વિદેશથી આવેલા પ્રવાસીઓ જેટલા જ કેસો લોકલ ટ્રાન્સમિશનના બહાર આવી રહ્યા છે. ગુજરાતના કુલ ૫૮ કેસમાં વિદેશના ૨૮ કેસની સાથે લોકલ ટ્રાન્સમિશનના ૨૬ અને આંતરરાજ્યના ૪ કેસ છે. ગુજરાતમાં કોરોનાના કારણે થયેલા ૫ મોતમાં પણ ૨ લોકલ ટ્રાન્સમિશન અને ૨ આંતરરાજ્યના કેસ છે.

રાજયના ચારેય મહાનગરો અને જિલ્લા કક્ષાએ ૫૫૦૦ જેટલા બેડની અલાયદી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે, જેમાં અમદાવાદ ખાતે ૧૨૦૦, સુરત ખાતે ૫૦૦, વડોદરા ખાતે ૨૫૦, રાજકોટ ખાતે ૨૫૦ બેડની સુવિધાવાળી ખાસ કોવિડ હોસ્પિટલ કાર્યરત થઈ ગઈ છે. એજરીતે રાજ્યના તમામ જિલ્લામાં ૫૦ સરકારી અને ૫૦ ખાનગી મળી અંદાજે ૧૦૦ બેડની સુવિધા વાળી ૩૩૦૦ બેડની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

રાજયના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં કોરોનાના કારણે મોતને ભેટેલી વ્યક્તિ પહેલાથી જ ડાયાબિટિસથી પીડાતી હતી. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા આ માહિતી આપતું ટ્વીટ પણ કરવામાં આવ્યું છે. અમદાવાદમાંથી ૩૮૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી કોરોના પોઝિટિવ કેસ ૨૧ છે, તો ૪૦૨૦ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

રાજયમાં કુલ ૧૦૭૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૫૮ લોકો કોરોના પોઝિટવ આવ્યા છે. રાજયભરમાં ૧૯,૬૬૧ લોકોને વિવિધ રીતે ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. હજુ સુધી રાજ્યમાંથી કોઈ કોરોના વાયરસથી પીડાતી દર્દી સ્વસ્થ થઈ હોવાનો આંકડો સામે આવ્યો નથી.

કોરોના વાયરસના પોઝિટિવ કેસોમાં રાજ્યમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં લોકડાઉન હોવા છતા કોરોના પોઝિટીવ દર્દીઓનો આંકડો વધી રહ્યો છે. જ્યારે આખા રાજ્યની વાત કરીએ તો આ આંકડો ૫૮ એ પહોંચ્યો છે. માહિતી પ્રમાણે ત્રણે દર્દીઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

સાત વર્ષથી ઓછી સજા વાળા કેદીઓને પેરોલ અપાશે

રાજ્ય સરકારે જેલમાં કોરોના ન ફેલાય તે માટે સાત વર્ષથી ઓછી સજા વાળાને કેદીને બે મહિનાની પેરોલ આપવાનો નિર્ણય કર્યો છે. તેમજ ઘરે મોકલતાં પહેલા તેમની મેડિકલ તપાસ કરવામાં આવશે. કોને કોને પેરોલ આપવા તેની યાદી પણ બનાવવામાં આવી છે.

૬ લાખ ૪૫ હજાર મેટ્રીક ટનનો જથ્થો

સચિવે જણાવ્યું કે હાલ ૬ લાખ ૪૫ હજાર મેટ્રિક ટન અનાજનો જથ્થો એફસીઆઈના ગોડાઉનમાં છે. જ્યારે ૯૦ ક્વિન્ટલ શાકભાજીની આવક છે. તેમણે જણાવ્યું કે એપ્રિલ મહિનાનો ૮૦ ટકા જથ્થો વિતરકો સુધી પહોંચાડાયો. જ્યારે એક લાખ મેટ્રિક ટનનો વધારાનો જથ્થો પણ પહોંચાડાયો છે. આ સિવાય તેમણે કહ્યું કે ૫૫૦૦ લોકોએ ૨૪ કલાકમાં ૨૫ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. મુખ્યમંત્રી રાહત નિધિમાં આવેલ રૂપિયા લોકોના આરોગ્ય માટે કામ આવશે.

અમેરિકાના શિકાગોમાં કોરોના વાયરસથી નવજાત બાળકનું મોત

વોશિંગ્ટન

કોરોના વાયરસ મહામારીને કારણે અમેરિકામાં પહેલી વખત કોઈ નવજાત મોતની ઘટના સામે આવી છે. શનિવારે અમેરિકાના શિકાગોમાં આ મહામારીથી સંક્રમિત નવજાત બાળકે જીવ ગુમાવ્યો છે. જો કે બાળકની વાસ્તવિક ઉંમરનો ખુલાસો કરવામાં આવ્યો નથી. સ્વાસ્થ્ય વિભાગે દાવો કર્યો છે કે, દુનિયામાં આ પ્રથમ કેસ છે.

પ્રેસ કોન્ફરન્સમાં ગવર્નર જેબી પિત્ઝકરે જણાવ્યું છે કે, બાળકને ૨૪ કલાક પહેલા કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. તેના મોતના સમાચાર સાંભળીને મને ખૂબ જ આઘાત લાગ્યો છે. બાળકના મૃત્યુની તપાસ કરવામાં આવી રહી છે. હું જાણું છું કે એક નવજાત બાળકના મોતથી કેટલું દુઃખ થાય છે. આ સમગ્ર પરિવાર માટે કપરો સમય છે.

યુએસ હેલ્થ ડિરેક્ટર નેગોજી એજિકે જણાવ્યું હતું કે, કોરોના વાયરસથી અત્યાર સુધી કોઈપણ બાળકનું મોત થયા હોવાનું સામે આવ્યું નથી, આ પ્રથમ કેસ છે. ફ્રાન્સના સ્વાસ્થ્ય અધિકારીએ જેરોમ સોલોમને ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે, પેરિસમાં એક ૧૬ વર્ષની છોકરીનું કોરોના વાયરસથી મોત થયું હતું.

મુંબઈમાં વધુ એક કોરોનાગ્રસ્ત મહિલાનું મોતઃ કુલ પોઝિટિવ કેસ ૧૯૯

મુંબઈ

મહારાષ્ટ્રમાં મુંબઈની એક ૪૦ વર્ષીય મહિલા કોરોના વાઈરસનો શિકાર થઈ હતી. જેનું રવિવારે મુંબઈમાં મોત નીપજયું હતું. આ સાથે મહારાષ્ટ્રમાં કોરોનાથી મરનાર લોકોનો આંકડો વધીને ૭ પર પહોંચ્યો છે. જ્યાં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ૧૯૯ થઈ છે. હાલમાં કોરોનાથી જે ૪૦ વર્ષીય મહિલા મોત થયું છે. તેને એમસીજીએમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર બાદ તેનું મોત થયું છે.મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ વિશે અફવા ફેલાવવામાં આવી રહી છે.

આ અફવા ફેલાવવાના મામલામાં ૩૬ એફઆઈઆર નોંધાઈ છે, જ્યાં કોરોના વાયરસનો સૌથી વધુ મોત થયાં છે. અહીં દરરોજ નવા દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યાં છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૦૪૫ કેસ નોંધાયા છે. આજે મહારાષ્ટ્રમાં ૭ કેસ અને એક મહિલાનું મોત થયું છે. આ સિવાય કાશ્મીરમાં ૫, ગુજરાતમાં ૩ અને એકનું મોત થયું છે. રાજસ્થાનમાં ૧ સંક્રમિત કેસ સામે આવ્યો છે.

અમે કોરોના વિરુદ્ધની લડાઈમાં સરકાર સાથેઃ રાહુલ ગાંધીનો વડાપ્રધાનને પત્ર

ન્યુ દિલ્હી

દેશમાં વધતા કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં રાહુલે પીએમ મોદીને સૂચન આપીને કહ્યુ છે કે આ કોરોના જેવા પડકારો સામે લડવા અને તેના પર કાબુ મેળવવામાં અમે સરકારની સાથે છે. આ પહેલા રાહુલ ગાંધીએ કોરોના વાયરસના પ્રસારને રોકવા માટે કરેલા લૉકડાઉન દરમિયાન મજૂરો તેમજ ગરીબોને પોતાના ઘરો માટે પગપાળા જવા માટે આરોપ લગાવ્યો હતો કે આ ભયાનક સ્થિતિ માટે સરકાર જવાબદાર છે.

તેમણે કહ્યુ કે ભારતની પરિસ્થિતિ અલગ છે. આપણે બીજા દેશોની લૉકડાઉનની રણનીતિથી પણ વધુ પગલાં લેવા પડશે. તેમણે કહ્યુ કે આપણા દેશમાં રોજમદાર મજૂરોની સંખ્યા વધુ છે માટે આપણે આર્થિક ગતિવિધિઓ બંધ ન કરીએ શકીએ. સંપૂર્ણપણે આર્થિક બંદીના કારણે કોવિડ-૧૯ વાયરસથી થતો મૃત્યુદર વધી જશે. વળી, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યુ કે આ સ્થિતિ પર આપણને બધાને શરમ આવવી જોઈએ.

ક્વારેન્ટાઈનની જરૂર નથીઃ ટ્રમ્પ

અમેરિકા કોરોનાના સકંજામાંઃ ૨૨૦૦થી વધુના મોત, ૧.૨૩ લાખથી વધુ લોકો સંક્રમિત

વોશિંગ્ટન

દુનિયાના સૌથી તાકાતવાર દેશ અમેરિકામાં પણ કોરોના વાયરસનો જીવલેણ પ્રકોપ ચાલુ છે. એકબાજુ જ્યાં પોઝિટીવ કેસ સતત વધી રહ્યા છે તો બીજીબાજુ મૃતકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં અત્યાર સુધીમાં એટલે કે રવિવારે સવારે ૯ વાગ્યા સુધીમાં કોરોનાથી સંક્રમિત લોકોનો આંકડો વધીને ૧૨૪૩૭૭ પર પહોંચી ગયો છે. તો મૃતકોની સંખ્યા વધીને ૨૨૯૦ થઈ ગઈ છે. આ સિવાય ૧૦૯૫ દર્દી બીમારીમાંથી રિકવર થઈ ગયા છે. સૌથી વધુ કેસ ન્યૂયોર્કથી સામે આવી રહ્યા છે. જ્યાં કોરોના વાયરસની ઝપટમાં આવીને અત્યાર સુધીમાં ૬૭૨ લોકોના જીવ ગયા છે. આ બધાની વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરી માહિતી આપી કે વ્હાઇટ હાઉસની કોરોના વાયરસ ટાસ્ક ફોર્સે ન્યૂયોર્કમાં સપ્ત ટ્રાવેલ એડવાઈઝરી રજૂ કરવાના નિર્દેશ આપ્યા છે. કોરોના વાયરસ પર અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે ક્વારેન્ટાઇનની જરૂર નથી. આજે રાત્રે સીડીએસ આ અંગે નિર્ણય લેશે. આપને જણાવી દઈએ કે અમેરિકન સરકાર ભારતમાં કોરોના વાયરસ મહામારીને ધ્યાનમાં રાખતા લોકડાઉનની વચ્ચે દેશમાં ફસાયેલા અમેરિકન નાગરિકોને નીકાળવાની વ્યવસ્થા કરાય રહી છે. અમેરિકન અધિકારી ઈયાન બ્રાઉનલીએ શુક્રવારના રોજ કહ્યું કે અમે સીધા ભારતથી અમેરિકા પાછા લાવવા માટે અમેરિકન અને વિદેશી ઉડાન સર્વિસીસની વાત કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા બંને દેશોની તરફથી મંજૂરી મળવામાં થોડોક સમય લાગશે. આપને જણાવી દઈએ કે કોરોના વાયરસ મહામારીથી લડવા માટે ભારતે પણ તમામ ઉડાનોને રદ્દ કરવાની સાથે જ દેશભરમાં લોકડાઉન લાગૂ કરી રાખ્યું છે.

માત્ર યુરોપમાં જ ૨૦ હજાર લોકો મોતને ભેટ્યા

કોરોના વાયરસથી વિશ્વભરમાં ૩૦ હજારના મોતઃ ૬.૫૦ લાખથી વધુ લોકો સંક્રમિત

ન્યુ દિલ્હી

વિશ્વના મોટા ભાગના દેશો આજે કોરોના વાઈરસ સામે લડી રહ્યા છે. વિશ્વભરમાં કોરોના વાઈરસના કેસ ૬ લાખ ૬૩ હજાર ૭૪૦ થઈ ગયા છે. જ્યારે મૃત્યુઆંક ૩૦ હજાર ૮૭૯ થઈ ગયો છે. એક લાખ ૪૨ હજાર ૧૮૩ લોકો સંક્રમણ પછી સાજા થઈ ગયા છે. અમેરિકામાં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ ૨૩ હજાર ૭૫૦ એ પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૨૨૨૭ થઈ ગયો છે. ઈટાલીમાં કોરોના વાઈરસના કેસ એક લાખે પહોંચવા આવ્યા છે, જ્યારે અહીં મૃત્યુઆંક ૧૦ હજાર પાર પહોંચી ગયો છે. વાઈરસની જ્યાંથી શરૂઆત થઈ હતી તેવા ચીનમાં કુલ ૮૧૪૩૯ કેસ નોંધાયા હતા. તેમાંથી હાલ માત્ર ૨૬૯૧ દર્દી જ સારવાર લઈ રહ્યા છે. ચીનમાં મૃત્યુઆંક ૩૩૦૦ હતો.

કેનેડાના પ્રધાનમંત્રીની પત્ની કોરોના સંક્રમણથી સાજી થઈ

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોની પત્ની સોફી ગ્રેગોઈરે કોરોના વાઈરસનો ભોગ બન્યા બાદ સાજી થઈ ગઈ છે. સોફીએ શનિવારે આ જાણકારી આપતા કહ્યું હતુંકે મને હવે સારું લાગે છે. ૧૨ માર્ચના રોજ લંડનના પ્રવાસ પછી તેને કોરોના વાઈરસનું સંક્રમણ લાગ્યું હતું. ત્યાર પછી પ્રધાનમંત્રી ટ્રુડો અને તોનો પરિવાર પણ આઈસોલેશનમાં હતો. કેનેડામાં અત્યાર સુધીમાં ૫૬૫૫ પોઝિટિવ કેસ છે અને ૬૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.

પાકિસ્તાનમાં કોરોના વાઈરસના ૧૫૨૬ કેસ

પાકિસ્તાનમાં કોરોના વાઈરસના ૧૫૨૬ કેસ નોંધાયા છે અને ૧૨ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. પંજાબમાં ૫૫૮ કેસ, સિંધમાં ૪૮૧ કેસ નોંધાયા છે. ચીનની મેડિકલ ટીમ અને જરૂરી સામાનનું પ્લેન પાકિસ્તાન પહોંચી ગયું છે.

સ્પાઈસ જેટનો પાયલટ કોરોના પોઝિટિવ, પ્લેનનો સ્ટાફ ક્વૉરન્ટીનમાં ધકેલી દેવાયો

ન્યુ દિલ્હી

દેશની ખાનગી વિમાન કંપની સ્પાઈસજેટે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમનો એક પાયલટ કોવિડ-૧૯થી અસરગ્રસ્ત છે અને તેનો કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. કંપનીએ સમાચાર સંસ્થા પીટીઆઈને આ માહિતી આપતા સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે.

કંપનીના પ્રવક્તાએ જણાવ્યું કે તેણે છેલ્લી ઉડાન ચેન્નાઈથી દિલ્હીની વચ્ચે ભરી હતી અને ૨૧મી માર્ચની અંતિ ફ્લાઈટ બાદ તેણે પોતાની જાતને ઘરમાં ક્વૉરન્ટીન કરી દીધી હતી. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું કે અમે તકેદારની ભાગરૂપે આ ફ્લાઈટના તમામ ક્રૂ મેમ્બરને ૧૪ દિવસ ક્વૉરન્ટીનમાં રહેવા માટે મોકલી દીધાં છે. ઘટનાની ગંભીરતને ધ્યાને રાખી તમામ પગલાં ભરવામાં આવ્યા છે. દેશમાં ૨૯મી માર્ચના બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં દેશમાં ૯૭૦ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ થયા છે અને તેમના ૨૫ લોકોનાં મોત થયા છે.

ગંદી રાજનીતિ બંધ કરી કોરોના સામે લડોઃ સિસોદિયાના યોગી પર પ્રહારો

ન્યુ દિલ્હી

દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનિષ સિસોદિયાએ ફરી એક વખત ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. સિસોદિયાએ કોરોના વાયરસની મહામારીને લઈને ભાજપ પર હલકી રાજનીતિ કરવાનો આક્ષેપ મુક્યો છે.

સિસોદિયાએ ટ્વીટ કરી જણાવ્યું કે, મને ખૂબ જ દુઃખ થયું છે કે, કોરોના વાયરસની મહામારી વચ્ચે ભાજપના નેતા હલકી કક્ષાની રાજનીતિ પર ઉતરી આવ્યા છે. યોગી આદિત્યનાથની સરકારે આરોપ લગાવ્યો છે કે, અરવિંદ કેજરીવાલે વીજળી અને પાણીનું કનેક્શન કાપી નાંખ્યું છે. આથી લોકો દિલ્હીમાંથી પલાયન કરી રહ્યા છે. હાલ ગંભીરતાથી એક થઈને દેશને બચાવવાનો સમય છે. હલકી રાજનીતિ કરવાનો નહીં. તેમ મનિષ સિસોદિયાએ જણાવ્યું હતું.





તંત્રી લેખ

પોર્ન પર અંકુશ જરૂરી

ભારતની સાથે સાથે દુનિયામાં કોરોના વાયરસના કારણે તમામ દેશો હાલમાં મુશ્કેલીમાં મુકાયા છે. તમામ દેશો સંઘર્ષ કરી રહ્યા છે. માનવતાની સામે જંગ જારી છે. દરેક દેશ આ ખતરામાંથી બહાર નિકળવાના પ્રયાસમાં છે. જો કે તમામ ક્ષેત્રોને કોરોનાના કારણે અસર થઇ રહી છે. અમેરિકાની પોર્ન ઇન્ડસ્ટ્રીઝ પણ ખરાબ હાલતમાં આવી ગઇ છે. પોર્ન ઇન્ડસ્ટ્રીઝ પર સંકટના વાદળો ઘેરાઇ ગયા છે. બીજી બાજુ સોશિ.લ મિડિયાના યુગમાં સરળ રીતે ઉપલબ્ધ થઇ રહેલા પોર્ન સામગ્રી પર કોઇ રીતે બ્રેક આવે તે જરૂરી છે. કારણ કે હાલમાં કોરોનાના કારણે લોકડાઉનની સ્થિતી છે અને દરેક લોકો સોશિયલ મિડિયાનો વધારે ઉપયોગ કરી રહ્યા છે. બાળકો પણ હવે મોબાઇલ ફોનનો વધારે ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં મોટા ભાગે તરત જ સરળ રીતે ઉપલબ્ધ થતી પોર્ન સામગ્રી પર અંકુશ આવે તે જરૂરી છે. આના માટે કેટલાક નિયમો અને ધારાધોરણ અમલી કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે બાળકોને દુષણથી દુર રાખી શકાશે. તમામ વયના લોકો માટે કેટલાક નિયમો હોવા જોઇએ. આ નિયમો પાળ્યા બાદ જ પોર્ન સામગ્રી જોઇ શકાય તેવા નિયમો રહે તેવી જાણકાર લોકો માંગ કરે છે. મોબાઇલ , લેપટોપ અને અન્ય સોશિયલ મિડિયા પર પોર્ન સાઇટ નિહાળતા અથવા તો ધરાવતા લોકોની સંખ્યા કમ નથી. કેટલાક લોકો તો ટેવ મુજબ દરરોજ પોર્ન સાઇટ નિહાળે છે. કેટલાક લોકોને પોર્નને લઇને વિકૃતિ પણ છે. પોર્ન સાઇટના દુષણને રોકવા માટે તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેમાં કોઇ સફળતા મળી રહી નથી. જો કે પહેલા કરતા તેના પર અંકુશ ચોક્કસપણે મુકવામાં સફળતા મળી છે પરંતુ આ દિશામાં હજુ પગલા લેવાની જરૂર છે. બાળકોને આ દુષણથી કઇ રીતે દુર રાખવામાં આવે તે દિશામાં વધારે નક્કર રીતે આગળ વધવાની જરૂર છે. તમામ ઇન્ટરનેટ ટ્રાફિક પૈકી આશરે ૩૦ ટકા પોનોગ્રાફી ટ્રાફીક છે. જ્યારે સૌથી મોટી પોર્ન સાઇટ ઉપર ૪ અબજથી વધુ પેજ વ્યુહ હોવાનું જાણવા મળ્યું છે. એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૩૦ ટકા ગ્લોબલ વેબ ટ્રાફિક પોર્ન તરીકે છે. પોર્નોગ્રાફીની બોલબાલા અતિ ઝડપથી વિશ્વના દેશોમાં વધી છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૩૫૦ મિલિયન લોકો દર મહિને પોર્નોગ્રાફી સાઇટ નિહાળે છે. એક્સ્ટ્રીમ ટેક વેબસાઇટે માહિતી આપતા કહ્યું છે કે જે વેબસાઇટે અતિ ઝડપથી વધી રહી છે તે વેબસાઇટ ગુગલ અને ફેસબુક છે.થોડાક સમય પહેલા જ બ્રિટનના જાણિતા અખબાર ડેલી મેલે માહિતી આપતા કહ્યું છે કે લાસવેગાસમાં થોડાક દિવસ પહેલા જ એવીએન એડલ્ટ એન્ટરટેનમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામા પોર્ન ચાહકો ઉમટી પડ્યા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે પોર્ન સાઇટના ચાહકોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. યુઝરોની સંખ્યાની માહિતી પણ મેળવવામાં આવી રહી છે. વિશ્વની સૌથી મોટી પોર્ન સાઇટ તરીકે યુ પોર્ન તરીકે ગણવામાં આવે છે. યુ પોર્ન વેબસાઇટ પોર્નના ૧૦૦ ટીબી ધરાવે છે અને ૧૦૦ મિલિયન પેજ વ્યુહ ધરાવે છે. અહિથી ૯૫૦ ટેરાબાઇટ્સ દરરોજ ટ્રાન્સફર થાય છે. આ વર્ષની શરૂઆતમાં યુ પોર્ન યુઝરના ૬૪૦૦ પાસવર્ડ અને ઇમેલ હેક કરવામાં આવ્યા હતા. યુ પોર્ન વેબસાઇટ અને અન્ય મહાકાય પોર્ન સાઇટો ઉપર દરરોજ નવી ચીજો સતત ઉમેરાય છે.ઇન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઇ છે જે ખતરનાક છે.

બાળકોને તેના દુષણથી રોકવા માટે અનેક નિયમો અને ધારાધોરણો જરૂરી બન્યા છે

કોરોના સામે લડાઇ આવી સ્થિતીમાં નબળી પડી શકે છે કારણ કે...

લોકડાઉન વચ્ચે લાપરવાહી ઘાતક


લોકડાઉન કોઇ પણ કિંમતે નિષ્ફળ ન થાય તે માટે મજુરો અને અન્ય લોકોના પલાયનને રોકવામાં આવે તે જરૂરી : સરકારો સામે પડકારો



સમગ્ર દેશમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે દુનિયા પરેશાન છે. લાખો લોકો તેના સકંજામાં આવી ગયા છે. હજારોની સંખ્યામાં લોકોના મોત થઇ ચુક્યા છે. દુનિયાના ૧૯૯ દેશો હવે કોરોના વાયરસના સકંજામાં આવી ચુક્યા છે. દરરોજ હજારો નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. હજારોના મોત પણ થઇ રહ્યા છે. કોરોના વાયરસે લોકોને મોતને ઘાટ ઉતારી દેવા માટે જિદ્દી વલણ અપનાવેલુ છે. આવી સ્થિતીમાં દેશમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. લોકોને એકપછી એક સમસ્યા આવી રહી છે. સરકારો દ્વારા સામાન્ય લોકો અને ગરીબ લોકોની સમસ્યાને ઓછી કરવા માટે એક પછી એક પગલા લેવાનો સિલસિલો જારી રાખ્યો છે. લોકડાઉનની સ્થિતી હોવા છતાં હાલમાં પોતાના વતન જવા માટે લાખોની સંખ્યામાં લોકો ઉતાવળ કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નિષ્ણાંતો દ્વારા ખતરાને ધ્યાનમાં લઇને હાલમાં કઠોર રીતે લોકડાઉનને અમલી કરવા સુચના આપી હોવા છતાં લોકો બહાર નિકળી રહ્યા છે. આવી સ્થિતીમાં હાલત ખરાબ થઇ રહી છે. લોકો કોઇ સુવિધા ન મળવાની સ્થિતીમાં ચાલતા દુર દુર સુધી પોતાના વતન જવા માટે રવાના થઇ ગયા છે. આવી સ્થિતીમાં મજબુરીથી દિલ્હી અને યુપી સહિતની સરકારો તેમજ રાજસ્થાનમાં લોકોને તેમના નિર્ધારિત સ્થળ પર પહોંચાડી દેવા બસ અને અન્ય સાધનોની વ્યવસ્થા કરવાની ફરજ પડી રહી છે. લોકડાઉનની આ સ્થિતી કોરોના સામેના જંગને કમજોર કરી શકે છે. બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારે ખુબ સારી વાત કરી છે તેમના કહેવા મુજબ આ પ્રકારની હિજરત વધારે ખતરનાક બની જશે અને કોરોનાને ફેલાવવા માટે વધારે તક આપી દેશે. જ્યારે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતી છે ત્યારે દિલ્હીના મજદુરો અને અન્યોને પુરતી સહાય અને ટેકો આપવાના બદલે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ તેમની વિજળી અને પાણીની સુવિધા બંધ કરી દીધી હોવાની ફરિયાદ ઉઠી છે. દિલ્હીની બોર્ડર પર મોટી સંખ્યામાં લોકોને પહોંચવા દેવાની ચતક પણ આપી છે. જ્યારે દેશમાં કોઇ વ્યક્તિ ઘરમાંથી બહાર નિકળી રહી નથી ત્યારે કેજરીવાલની સરકારે બસના સંચાલનની પ્રક્રિયા બંધ કરી નથી. માત્ર કહેવા માટે તો કહેવામાં આવ્યુ છે કે દરરોજ ચાર લાખ લોકોને ભોજનની વ્યવસ્થા તેમની સરકાર કરી રહી છે પરંતુ અંદર ખાને મજુરોને દિલ્હીથી બહાર મોકલી દેવામાં આવી રહ્યા છે. લોકડાઉન નિષ્ફળ રહે અને કેન્દ્ર સરકાર પર દોષનો ટોપલો આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દિલ્હીના તમામ મજુરોને પોતાની સરકારી બસમાં ભરી ભરીને દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ પર મુકી દીધા છે. આવી સ્થિતીમાં જો યોગી સરકાર તેમને પોતાના વતનમાં મોકલે છે તો ગાવોમાં બિમારીનો ડર છે અને જો આનંદ વિહારની પાસે કોશાંબીમાં રોકે છે તો ગાજિયાબાદમાં બિમારી ફેલે છે. કેજરીવાલે એમ કહીને જવાબદારી અદા કરવાનો ઇન્કાર કરી દીધો છે કે પ્રજા ભાગી રહી છે તો તે શુ કરી શકે છે. જ્યારે દેશના તમામ વિરોધ પક્ષ સાથે મળીને કોરોના વાયરસની સામે લડી રહ્યા છે ત્યારે કેજરીવાલે ફરી એકવાર તમામ લોકોને મુશ્કેલીમાં મુકી દીધા છે. દિલ્હી સરકાર જટિલ સમસ્યા આ પ્રકારની સ્થિતીમાં ઉભી કરી રહી છે. નજીકના ભવિષ્યમાં કોરોના વાયરસ જો વધારે ખતરનાક બનશે તો સ્થિતી વચ્ચે કેટલાક નવા પગલા લેવા પડી શકે છે. આવી સ્થિતીમાં ઇમરજન્સીની જાહેરાત કરવાની પણ ફરજ પડી શકે છે. હાલમાં તો કોરોના વાયરસને રોકવા માટે જોરદાર રીતે લડાઇ ચાલી રહી છે. દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ પર જ નહીં બલ્કે રાજસ્થાન ગુજરાત સરહદ અને અન્ય રાજ્યોની સરહદ પર પણ મોટી સંખ્યામાં મજુરો લોકડાઉનની સ્થિતી વચ્ચે પોતાના વતનમાં જવાના પ્રયાસ કરી રહ્યા છે. જેના કારણે હાલત ખરાબ થઇ રહી છે. લોકોને રોકવા માટે હાલમાં સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર છે. લોકડાઉનનુ પાલન જો કરવામાં નહીં આવે તો સ્થિતી વણસી શકે છે. જેથી લોકોના ટોળા ભેગા ન થાય તે જરૂરી છે. કોરોના વાયરસે વિશ્વના ૧૯૯થી વધારે દેશોમાં હાલમાં હાહાકાર મચાવી દીધો છે.

કોરોના વાયરસથી બચવા મોબાઇલની સફાઇ

મોબાઈલને પણ સાફ રાખો



હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની જ ચારેબાજુ ચર્ચા છે. વિશ્વ આરોગ્ય સંગઠન તરફથી વારંવાર હાથ ધોવા, ભીડવાળા વિસ્તારોમાં ન જવા અને એકબીજાથી અંતર રાખવા માટે કહેવામાં આવી રહ્યુ છે. હાલની સ્થિતીમાં પુરતી સાવધાની રાખવાની જરૂર દેખાઇ રહી છે. જો કે આ તમામ બાબતોની વચ્ચે મોબાઇલની સાફ સફાઇ પણ જરૂરી બની છે. પોતાના મોબાઇલને પણ સમય સમય પર સેનેટાઇઝ કરવાની જરૂર દેખાઇ રહી છે. કારણ કે તે મો અને નાકના સંપર્કમાં સૌથી વધારે આવે છે. શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવાની જરૂર છે. આના માટે નિયમિત રીતે વિટામિન ડીનીનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાવર્ડ દ્વારા હાલમાં જ આ સંબંધમાં એક રિપોર્ટ પ્રકાશિત કરીને કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સામાન્ય શરદી અને ઉધરસથી લઇને ગંભીર વાયરસને રોકવા માટે તેની ભૂમિકા ખુબ મોટી રહેલી છે. જાણકાર લોકો તો અહીં સુધી કહી રહ્યા છે કે થોડાક સમય બાદ તો વિટામિન ડીને તેને વિટામિન ન માનીને એક હાર્મોનની શ્રેણીમાં મુકી દેવામાં આવનાર છે. ધ્યાન રાખવા માટેની બાબત એ છે કે જેટલી ચિંતા કરવામાં આવે છે તેટલા પ્રમાણમાં બિમારી ફેલાતી જાય છે. ચિંતા કરવાના કારણે શરીરમાં કાર્ટિસોલ નામના હાર્મોન વિકસિત થાય છે. જે બિમારીને આમંત્રિત કરે છે. હમેંશા કહેવામાં આવે છે કે સમયસર ઉંઘ લેવામાં આવે તે જરૂરી છે. કોરોના વાયરસનો ફેલાવો વધી રહ્યો છે ત્યારે મોબાઇલનો ઉપયોગ કરતી વેળા સાવધાની જરૂરી છે. નાની નાની ચીજોની સાવધાની રાખીને કોરાના વાયરસના કહેરથી બચવામાં મદદ મળી શકે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ શરીરની રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં મદદરૂપ બને છે. જેના કારણે શરીરમાં વાટિ બ્લડ સેલ્સનુ નિર્માણ થાય છે. તે બિમારીને રોકવનામાં મદદ કરે છે.

ફાંસી આપવી છે તો પોતાના અંદરના કૃત્યોને આપો કારણ કે....

અપરાધ વધ્યા : ફાંસી ઉપચાર નથી



નિર્ભયાના દોષિતોને ફાંસી પર આખરે લટકાવી દેવામાં આવ્યા બાદ ગુનાઓ રોકાશે કે કેમ તેને લઇને ફરી નિષ્ણાંતોમાં ચર્ચા છેડાઇ ગઇ

સમગ્ર દેશને હચમચી મુકનાર નિર્ભયાના દોષિતોને હાલમાં ફાસી પર લટાકાવી દેવામાં આવ્યા હતા. સાત વર્ષના લાંબા ગાળા બાદ અપરાધીઓને આખરે ફાંસી આપવામાં આવી હતી. એક સાથે ચાર દોષિતોને ફાંસી પર લટકાવવાની પણ આ પ્રથમ ઘટના હતી. અપરાધીઓને ફાંસી આપવાની માંગ સતત સાત વર્ષથી દેશમાં ઉઠી રહી હતી. અપરાધીઓને તેમની સજા મળી ગઇ છે ત્યારે પ્રશ્ન ફરી એકવાર એ થાય છે કે શુ અપરાધીઓને ફાંસી આપવાથી આવા બનાવો રોકી શકાશે. આ લાંબી ચર્ચાનો વિષય છે. હાલના વર્ષોમાં દેશમાં રેપ સહિતના કમકમાટીભર્યા બનાવો સતત વધ્યા છે. દરરોજ કોઇને કોઇ બળાત્કાર, હત્યા અને અન્ય અપરાધના બનાવો અમારી સામે આવતા રહ્યા છે. વારંવાર વિરોધ પ્રદર્શન થાય છે પરંતુ અપરાધ થતા રહે છે. કોઇ બનાવ બનતાની સાથે જ લોકો વિરોધ પ્રદર્શન કરવા મેદાનમાં આવી જાય છે. એકત્રિત થયેલા લોકોમાં નારાજગી હોય છે અને ગુસ્સો હોય છે. આ લોકો ફાંસી આપો ફાંસી આપોના નારા લગાવતા નજરે પડે છે. પરંતુ કોને ફાંસી આપો બળાત્કારીને કે પછી અન્ય અપરાધીને . નિર્ભયાના દોષિતોને તો ફાસી આપી દેવામાં આવી છે પરંતુ આવા અનેક અપરાધીઓની સામે સજા અમલી કરવામાં આવી નથી. ફાંસી પર અપરાધીઓને લટકાવી દેવામાં આવ્યા બાદ ચોક્કસપણે આવા બનાવો ઘટશે પરંતુ હજુ આ પ્રકારના કમકમાટીભર્યા મામલામાં કેસ સાત સાત વર્ષ સુધી ન ચાલે તે જરૂરી છે. વહેલી તકે કોર્ટ સુનાવણી જો પૂર્ણ કરાશે તો ફાયદો થઇ શકે છે. અપરાધીઓમાં ભય ફેલાશે.આ કેવી કમનસીબ બાબત છે કે અમે નિર્ભયા કાંડનો ઉલ્લેખ વારંવાર કરવા લાગી ગયા છીએ. તેને માપદંડ તરીકે ગણવા લાગી ગયા છીએ. આસામગ્ર ઘટનાક્રમ કઇ રીતે થયો અને કઇ રીતે આગળ વધ્યો તેમાં જાણવાની કોઇ જરૂર વધારે નથી. ભીડના લોકો પણ આવી સ્થિતીમાં જ દેખાય છે. ઘટના બનતાની સાથે જ તમામ લોકો સપાટી પર આવે છે. આવી સ્થિતીમાં એક પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય છે કે નાનકડી જગ્યાએ રેપની ઘટના બાદ આટલી મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ જાય છે અને આક્રોશ વ્યક્ત કરે છે ત્યારે પ્રશ્ન એઉઠે છે કે લોકો જો આટલા સાવધાન રહે છે તો આ પ્રકારના બનાવો બને છે કેમ. જે સમાજમાં એટલા બધા લોકો બળાત્કાર જેવી ઘટનાને લઇને એટલી નિંદનીય માને છે કે જાહેરમાં એકત્રિત થઇ જાય છે. જો લોકો બળાત્કારની ઘટનાને આટલી નિંદનીય ગણે છે તો આ પ્રકારના બનાવો કઇ રીતે બની શકે છે. કોઇ બળાત્કારીની ગુના માટે હિંમત જ કેમ થવી જોઇએ. બળાત્કાર કરનાર અમારા સમાજની વ્યક્તિ છે. તે પોતે પણ જોવે છે અને જાણે છે કે અમે તમામ પણ પોતાના ઘરમાં અથવા તો પોતાના સમાજમાં યુવતિની સ્વતંત્રતા, હૈસિયત અને તેની આઝાદીને સ્વીકાર કરતા નથી. શુ અમારા ઘરમાં યુવતિ સુરક્ષિત છે. સમાજમાં સુરક્ષિત છે. કહેવામાં આવે છે કે યુવતિ સાથે સૌથી વધારે મનમાની ઘરમાં હોય છે. સંબંધીઓ વચ્ચે સૌથી વધારે મનમાની હોય છે. આ તમામ બાબતોને બળાત્કારી પણ જોવે છે અને સમજે છે. તે એ પણ જાણે છે કે તમામ લોકો થોડાક સમય માટે હલ્લો મચાવશે અને ત્યારબાદ તમામ બાબતો શાંત થઇ જશે. તેને યાદ છે કે જ્યારે નિર્ભયાનુ કામ તમામ કરવામાં આવ્યુ ત્યારે પણ આવો જ આક્રોશ દેશભરમાં જોવા મળ્યો હતો. વર્મા કમીશનની રચના કરવામાં આવી હતી. જોતા જોતામાં સરકારનો તે કમીશનની ભલામણમાં પાણી ભેળવી દેવાની જરૂરિયાત દેખાઇ હતી. યુવકોથી કેટલીક ભુલો થઇ જાય છે તે પ્રકારના નીચલા સ્તરના નિવેદન પણ કરવામાં આવ્યા હતા. બળાત્કાર કોની સાથે થયો છે, બળાત્કારી કોણ છે, ધર્મ અને જાતિને જાણી લેવામાં આવે છે. શિકાર અને શિકારીઓની હૈસિયત પણ જોવામાં આવે છે. ફાંસીના કારણે ગુનામાં કમી આવે છે તેવા કોઇ આંકડા દેખાતા નથી. ફાંસી ફાંસીથી અમારી નારાજગી દેખાય છે. કારણ કે તે હમેંશા બીજા માટે હોય છે. બળાત્કારના કારણે કોઇ ભાઇએ પોતાના ભાઇ સાથે, પિતા સાથે , પોતાના પતિની સાથે સંબંધો તોડી લીધા છે તેવા કિસ્સા ક્યાં સાંભળવા મળે છે. સજા એવી કરવી જોઇએ કે અપરાધ રોકવામાં મદદ મળી શકે. ભાજપના એક વખતના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી વારંવાર અફઝલ માટે ફાંસીની માંગ કરતા હતા અને હવે જ્યારે અફજળને ફાસી આપી દેવામાં આવી છે ત્યારે કેટલા અફજલ જન્મ લઇ ચુક્યા છે. અમે કેટલાક લોકોને ભગવાનનો દરજ્જો આપી દઇએ છીએ જેમ કે આસારામ અને ગુરમિત રામ રહીમના દાખલા છે. આવુ કરીને અમેરેપના આશ્રમ બનાવી દઇએ છીએ. અપરાધીને એવી સજા કરવી જોઇએ જેથી અન્યો એ દિશામાં આગળ વધતા રોકાઇ શકે. સમાજમાં જાગૃતિ જરૂરી બની છે.

લોકડાઉનમાં હિટ થઈ નેહા કક્કડઃ ઈન્સ્ટાગ્રામમાં ફોલોઅર્સ ૩.૪ કરોડને પાર



મુંબઈ

લૉકડાઉનમાં જ્યાં સમગ્ર ભારત પોતાના ઘરોમાં કેદ છે. લોકો એવી પ્રાર્થના કરી રહ્યા છે કે લોકો વહેલી તકે આ મહામારીથી તેમને છુટકારો મળી જાય અને ફરી એકવાર બધા પહેલાની જેમ થઈ જાય. બીજી તરફ, આ લૉકડાઉનની વચ્ચે બોલિવૂડ સિંગર નેહા કક્કડ માટે એક સારા સમાચાર આવ્યા છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેનારી નેહાને તેના પ્રશંસકોએ ગૂડ ન્યૂઝ આપ્યા છે.

બોલિવૂડની જાણીતી સિંગર નેહા કક્કડ ના ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા હાલમાં ત્રણ કરોડથી વધુ થઈ ગઈ છે. નેહાને હાલમાં ઈન્સ્ટાગ્રામ પર ૩૪.૯ મિલિયન લોકો ફોલો કરી રહ્યા છે. નેહાનું તેની પર કહેવું છે કે દુનિયાભરના આટલા બધા લોકો દ્વારા તેમના કામને સ્વીકાર કરવાના કારણે તે ઘણી ખુશ છે.

નેહાએ કહ્યું કે, આ એક દિલને સ્પર્શી જનારું છે. હું મારા પ્રશંસકોનો નિસ્વાર્થ પ્રેમ માટે તેમનો આભારી છું. મને ઘણું સારું લાગી રહ્યું છે કે દુનિયાભરથી આટલા બધા લોકોએ મારા કામને સ્વકાર્યું. આ પ્રકારનું પ્રોત્સાહન મને સંગીતના ક્ષેત્રમાં કંઈક નવું કરવા અને પોતાના શ્રોતાઓને તેમની પસંદગીના ગીતો આપવા માટે પ્રેરિત કરે છે.

શાહરૂખના ધર્મનો આદર કરું છું, પણ ધર્મપરિવર્તન નહીં કરું: ગૌરી ખાન

મુંબઈ

બોલીવૂડ અભિનેતા શાહરૂખ ખાનની પત્ની ગૌરીને સૌથી મોટી સુપરસ્ટાર પત્ની તરીકે ઓળખવામાં આવે છે. એ શાહરૂખ સાથે અને જાહેરખબરોમાં ચમક્યાં છે, અનેક કાર્યક્રમોમાં સાથે હાજરી આપી ચૂક્યાં છે અને ઘણા ઈન્ટરવ્યૂ આપી ચૂક્યાં છે.

ગૌરી ખાન અને સુઝેન ખાન (બોલીવૂડ અભિનેતા હૃતિક રોશનની ભૂતપૂર્વ પત્ની)એ 'કોફી વિથ કરન' ટીવી શો પર હાજરી આપી હતી અને એમાં તેમણે



પોતાનાં અને એમનાં પતિનાં ધર્મ વિશે વાત કરી હતી.

ગૌરી હિન્દુ છે અને મુસ્લિમ પરિવારના શાહરૂખને પરણ્યાં છે. 'બંને ધર્મમાં તમને શું ફરક લાગ્યો છે?' એવા સવાલના જવાબમાં ગૌરીએ કહ્યું હતું, કમનસીબે, શાહરૂખના માતા-પિતા રહ્યા નથી. જો તેઓ હયાત હોત તો ઘરમાં ઘરડાઓ હોત અને અમે એમની કાળજી લેતા હોત. અત્યારે અમારા ઘરમાં હું જ તહેવારો વખતે બધું આયોજન કરું છું, પછી એ હોળી હોય, દિવાળી હોય કે અન્ય કોઈ પણ તહેવાર હોય. એટલે મારાં સંતાનો પર હું હિન્દુ હોવાને કારણે હિન્દુ ધર્મનો પ્રભાવ રહેશેપ પરંતુ સાવ એવુંય નથી, આર્યનને પિતા પ્રત્યે ઘણી લાગણી છે એટલે તે એમના ધર્મનું અનુસરણ કરશે, એવું મને લાગે છે. એ અવારનવાર કહેતો હોય છે, 'હું મુસ્લિમ છું.'

ગૌરીએ વધુમાં કહ્યું, અમારે ત્યાં સંતુલન છે. હું શાહરૂખના ધર્મનો આદર કરું છું, પણ એનો મતલબ એ નહીં કે હું ધર્મ પરિવર્તન કરીને મુસ્લિમ બની જઈશ. હું એમાં માનતી નથી. મારું માનવું છે કે દરેક વ્યક્તિએ પોતપોતાના ધર્મનું અનુસરણ કરવું જોઈએ, સાથોસાથ અન્ય ધર્મનો અનાદર પણ કરવો ન જોઈએ. જેમ કે હું પણ શાહરૂખના ધર્મનો અનાદર કરતી નથી.

આકાશ ચોપડાએ પોતાની કોમેન્ટ્રી અંગે ખુલાસો કર્યો



મુંબઈ

છેલ્લા કેટલાક વર્ષોમાં કોમેન્ટ્રીની દુનિયામાં અંગ્રેજી પર હિન્દી કોમેન્ટ્રીનો દબદબો વધ્યો છે. ૨૦૧૨માં સ્ટાર સ્પોર્ટ્સે હિન્દી કોમેન્ટ્રી શરુ કરી હતી. જે પછી તેની લોકપ્રિયતા સતત વધી છે. ભારતના પૂર્વ ઓપનર બેટ્સમેન આકાશ ચોપડા હિન્દી કોમેન્ટ્રીમાં શરુથી જ સ્ટાર સ્પોર્ટ્સ સાથે જોડાયેલ છે. તેમની હિન્દી પર પકડ ઘણી સારી છે, ખાસ કરીને તે વન લાઈનર માટે ઓળખાય છે. આકાશ ચોપડાએ ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં હિન્દી કોમેન્ટ્રી કરી હતી. તેમની પકડ હિન્દીમાં જેટલી સારી છે તેટલી જ અંગ્રેજીમાં છે. આમ છતા તેણે હિન્દી કોમેન્ટ્રીની પસંદગી કરી હતી.

હિન્દી કોમેન્ટ્રી પસંદ કરવા પર આકાશ ચોપડાએ કહ્યું હતું કે તેની પ્રથમ ભાષા હિન્દી છે. આ સ્વાભાવિક પણે આવે છે. ક્રિકબઝને હાલમાં આપેલા ઈન્ટરવ્યૂમાં ચોપડાએ ખુલાસો કર્યો કે તેણે ક્યારેય પણ ડેવિડ લોયડ અને નવજોત સિંહ સિદ્ધુની જેમ નકલ કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેનો ઉદ્દેશ્ય વસ્તુઓને આસાન રાખવાનો છે.

આકાશ ચોપડાએ કહ્યું હતું કે હિન્દી તેની પ્રથમ ભાષા છે. જ્યારે હિન્દી કોમેન્ટ્રી શરુ કરી હતી તો તેમની પાસે કશુંક નવું કરવા માટે ઘણું બધું હતું. જ્યારે અંગ્રેજીમાં પહેલાથી બધું સેટ હતું. હિન્દીમાં તે શબ્દો સાથે રમી શકે છે પણ તે શાયરી નથી કરતો. હું સિદ્ધુ નથી અને હું આવું કરતો નથી.

આકાશ ચોપડાને જ્યારે તેની મનપસંદ કોમેન્ટ્રી વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું કે ૨૦૦૭માં ઈંગ્લેન્ડ સામે યુવરાજ સિંહના સતત ૬ સિક્સર વિશે બતાવ્યું હતું તે ફેવરિટ છે. તે સમયની કોમેન્ટ્રી તેના માટે આજે પણ સૌથી મનપસંદ કોમેન્ટ્રી પીસ છે.

કોરોના વિરુદ્ધ લડાઈઃ રોનાલ્ડો પાંચ વેંટિલેટર્સ દાન કરશે

પોર્ટુગલ

પુર્તગાલના સ્ટાર ફુટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેમના મેનેજર જોર્જ મેંડિસ કોરોના વાયરસની લડાઈમાં પોતાનું યોગદાન આપવા માટે મેડીરા સ્વાસ્થ્ય વિભાગને પાંચ વેંટિલેટર્સ દાન કરશે.

લુસા સમાચાર એજેન્સીએ શનિવારે તેની જાણકારી આપી. સમાચાર એજેન્સી સિન્હુઆની રિપોર્ટ અનુસાર,



મેડીરા સ્વાસ્થ્ય વિભાગને કોવિડ-૧૯થી લડવા માટે ઉપકરણ દાન કરશે.

આ દાન મેડીરન ફુટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને બિઝનેસમેન જોર્જ મેંડિસ તરફથી આપવામાં આવશે. તેઓ પાંચ વેંટિલેટર આપશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ પાંચ વેંટિલેટર્સ મળવાથી સ્વાસ્થ્ય વિભાગ પાસે કુલ ૯૯ વેંટિલેટર્સ થઈ જશે. પુર્તગાલના સ્વાસ્થ્ય નિદેશાલયની રિપોર્ટ અનુસાર દેશમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ લોકોના મોત નિપજી ચૂક્યા છે.

તમને જણાવી દઈએ કે, આ પહેલા અર્જેંટીનાના સ્ટાર ફુટબોલર લિયોનેલ મેસીએ કોરોના વાયરસ સામે લડવા માટે બાર્સિલોનામાં એક હોસ્પિટલને ૧૦ લાખ યૂરો એટલે કે લગભગ ૮ કરોડ રૂપિયાનું દાન કર્યું છે.

કોરોના આગની જ્વાળાની જેમ ફેલાતો હતો, અમે બધા ભયભીત હતાઃ સાનિયા મિર્ઝા

હૈદરાબાદ

ભારતની ટોચની ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ ત્રણેક અઠવાડિયા પહેલાં પોતાને જીવલેણ કોરોના વાઈરસને લીધે ફેલાયેલી કોવિડ-૧૯ની મહામારી વચ્ચે કેવો કડવો અનુભવ થયેલો એની વાત એક અખબારી મુલાકાતમાં કરી છે જે તેના જ શબ્દોમાં જાણીએ.

'હું આઠમી માર્ચે દુબઈથી રવાના થઈને ૨૦ કલાકે અમેરિકામાં ઈન્ડિયન વેલ્સ ખાતે પહોંચી હતી. ત્યાં



પહોંચ્યા બાદ એક કલાક પછી અમને ખબર પડી કે ટુર્નામેન્ટ રદ કરાઈ છે. એ જ સમયકાળ હતો જ્યારે કોરોના વાઈરસના રોગચાળાની ગંભીરતા કેવી છે એનો મને ખરો અંદાજ થયો હતો. આ મહામારીને લીધે વિશ્વભરમાં જે કંઈ બની રહ્યું હતું એનાથી ત્યારે અમે બરાબર વાકેફ થઈ ગયા હતા. પહેલાં હું એવું માનતી હતી કે આ રોગે મોટા ભાગે એશિયાને ભરડામાં લીધું છે. જોકે, એ જ અરસામાં આ રોગ આગની જ્વાળાની જેમ ફેલાતો ગયો હતો. યુરોપના ઘણા દેશો એની લપેટમાં આવવા લાગ્યા હતા. અમેરિકામાં ઈન્ડિયન્સ વેલ્સ સ્પર્ધા રદ થઈ ત્યારે અમે બધા સૌથી વધુ આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા.

અક્ષય કુમારે દાન કરતાં દીપિકા પાદુકોણ-આમિર ખાન ટ્રોલ થયા

મુંબઈ

બોલિવૂડના ખેલાડી અક્ષય કુમારે કોરોના વાઈરસ સામે ચાલી રહેલી જંગમાં ફાળો આપીને તમામના દિલ જીતી લીધા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ, વડા પ્રધાન રાહત ભંડોળમાં તેમણે ૨૫ કરોડનું દાન આપ્યું. અક્ષયે ખુદ ટ્વિટર પર આ માહિતી આપી હતી. પરંતુ અક્ષયનું મોટું દાન સામે આવતાંની સાથે જ સોશિયલ મીડિયા યુઝર્સે દીપિકા પાદુકોણને ઘેરી લીધી છે. હવે લોકો દીપિકા પાદુકોણને સવાલ કરી રહ્યા છે કે તેણે દેશ માટે શું કર્યું?

એક યુઝરે આમિર ખાન અને દીપિકા પાદુકોણને ટેગ કરીને લખ્યું છે કે, બાકી બધુ બરાબર છે, પરંતુ હવે ટુકડે-ટુકડે ગેંગના સભ્યો દીપિકા પાદુકોણ અને આમિર ખાન ક્યાં છે?'' બીજા એક ટ્વિટમાં આપણે જોઈ શકીએ કે, દીપિકા સાથે કંગના, રણબીર કપૂર અને આલિયા તેમજ રણવીર સિંહને પણ નિશાને લેવામાં આવ્યા છે.

તો વળી બીજી બાજુ, ઈ સલમાન, શાહરુખ, આમિર, દાન કારો' ટ્વિટર પર ટ્રેન્ડ કરી રહ્યું છે. લોકો આ હેશટેગ પર જોરદાર ટ્વીટ કરી રહ્યા છે. ટ્વિટર પર લોકો આમિર ખાન, સલમાન ખાન અને શાહરૂખ ખાન વિશે બે ભાગોમાં વહેંચાયેલા જોવા મળે છે. એક તરફ આ ત્રણેયને પૈસા દાનમાં આપવા કહે છે. જ્યારે બીજું જૂથ તેમના પક્ષમાં ટ્વિટ કરતું જોવા મળે છે. કેટલાક લોકો કહે છે કે આ સુપરસ્ટાર્સે પહેલા ઘણી વખત મદદ કરી છે અને આ વખતે પણ ચોક્કસપણે કરશે.

કોરોના વિરુદ્ધ જંગમાં ઉતર્યા ક્રિકેટર જોગિંદર શર્મા, આઈસીસીએ રિયલ વર્લ્ડ હીરો કહ્યો



દુબઈ

ભારતીય ટીમને ૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતાડનાર ફાસ્ટ બોલર જોગિંદર શર્મા હવે લોકોને કોરોનાવાઈરસથી બચાવવા રોડ પર ઉતર્યો છે. તે હરિયાણા પોલીસ હિસારમાં ડીસીપી છે. આ સમયે જોગિંદર લોકડાઉનનું પાલન કરવા અને કોરોનાથી બચવા લોકોને ઘરે રહેવાની અપીલ કરે છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ તેના કામના વખાણ કરતા ટ્વિટર પર જોગિંદરનો ફોટો શેર કરીને તેને રિયલ વર્લ્ડ હીરો કહ્યો હતો. આઈસીસીએ ટ્વીટ કર્યું કે, "૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપનો હીરો, ૨૦૨૦માં વર્લ્ડનો રિયલ હીરો. ક્રિકેટ કરિયર પછી એક પોલીસકર્મીના રૂપમાં ભારતનો જોગિંદર શર્મા વૈશ્વિક સ્વાસ્થ્ય સંકટ વચ્ચે પોતાનું કામ કરી રહ્યો છે.

જોગિંદરે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે લોકોને ઘરે રહેવાની અપીલ કરી છે. જોગિંદર દેશ માટે ૪ વનડે અને ૪ ટી-૨૦ રમ્યો છે.

સુરેશ રૈનાએ કોરોના સામેની લડત માટે ૫૨ લાખ રૂપિયાનું દાન કર્યું



મુંબઈ

ભારતના ક્રિકેટર સુરેશ રૈનાએ કોરોના વાઈરસની મહામારી સામેની લડત માટે બાવન લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ લેફ્ટ-હેન્ડેડ બેટ્સમેને ૩૧ લાખ રૂપિયા પ્રાઈમ મિનિસ્ટર-કેર્સ ફંડમાં અને ૨૧ લાખ રૂપિયા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાનના ડિઝાસ્ટર રિલીફ ફંડમાં ફાળવ્યા છે. રૈનાએ આ ડોનેશન આપવાની સાથે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે 'મેં કોવિડ-૧૯ સામેની લડત માટે બાવન લાખ રૂપિયા આપ્યા છે. તમે પણ તમારી રીતે યોગદાન આપો, જય હિંદ!' રૈના ભારત વતી ૧૮ ટેસ્ટ, ૨૨૬ વન-ડે અને ૭૮ ટી-ટ્વેન્ટી રમ્યો છે. સચિન તેન્દુલકરે શુક્રવારે કુલ ૫૦ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. અન્ય કેટલાક ક્રિકેટરો અને એથ્લેટોએ પણ ડોનેશન જાહેર કર્યા છે.

કોરોના વિરુદ્ધ જંગઃ વરૂણ ધવને ૫૫ લાખ રૂપિયા દાનમાં આપ્યા

મુંબઈ

કોરોનાને કારણે દુનિયાભરમાં લોકો ભયના માહોલમાં દિવસો પસાર કરી રહ્યા છે. દેશ માટે પણ આ અત્યારે સંકટનો સમય છે. ૨૧ દિવસનું લોકડાઉન લગાવી દેવામાં આવ્યુ છે, આજ કારણે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. દરરોજ કમાતા મજૂરોની રોજીરોટીને લઈને સતત સવાલો થઈ રહ્યા છે. એવામાં સરકાર આ પરિસ્થિતમાં લડવા માટે પગલા ઉઠાવી રહી છે. ત્યારે ઘણાં બોલિવૂડ સ્ટાર્સ મદદ માટે આગળ આવી રહ્યાં છે અને હવે આ લિસ્ટમાં પોતાની એક્ટિંગથી લોકોના દિલમાં ખાસ જગ્યા બનાવનાર વરૂણ ધવન પણ સામેલ થઈ ગયો છે.

તમને જણાવી દઈએ કે



વરૂણ ધવને ૫૫ લાખ રૂપિયા દાનમાં આપવાની જાહેરાત કરી છે. આ ધનરાશિમાં તેણે ૨૫ લાખ મહારાષ્ટ્ર સીએમ રિલીફ ફંડ અને ૩૦ લાખ પીએમ રિલીફ ફંડમાં આપ્યા છે. વરૂણ ધવન પીએમ રિલીફ ફંડમાં દાન આપનાર બીજો એક્ટર છે. આ પહેલાં અક્ષય કુમારે ૨૫ કરોડ રૂપિયા દાનમાં આપવાની જાહેરાત કરી હતી.

વરૂણ ધવને તેના ટ્વિટર હેન્ડલ પર લખ્યું- હું મહારાષ્ટ્ર રિલીફ ફંડમાં ૨૫ લાખ રૂપિયા અને પીએમ રિલીફ ફંડમાં ૩૦ લાખ રૂપિયાની સહાય કરવાની જાહેરાત કરું છું. તેણે અન્ય એક ટ્વિટમાં લખ્યું-આપણે આ જંગ જીતી જઈશું. દેશ છે તો અમે છીએ.


વકાર યૂનિસની ડોક્ટર પત્ની જીવના જોખમે કોરોના દર્દીઓને બચાવી રહી છે

લાહોર

કોરોના વાયરસને કારણે હાલ દુનિયાભરમાં હાહાકાર મચી ગયો છે. સ્કૂલ-કોલેજ અને ઓફિસ ઠપ થઈ ચુક્યા છે. દરેક ક્રિકેટ ટીમના ખેલાડીઓ ઘરે આરામ કરી રહ્યા છે. પરંતુ એક દિગ્ગજ ક્રિકેટર એવો પણ છે જેની પત્ની રોજ ઘરની બહાર નીકળીને કોરોના વાયરસના દર્દીઓનો જીવ બચાવી રહી છે. અમે વાત કરી રહ્યા છીએ પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર વકાર યુનિસની જેની પત્ની ફરયાલ યુનિસ ડોક્ટર છે જે રોજ હોસ્પિટલ જઈ કોરોના વાયરસથી પીડિત લોકોનો ઈલાજ કરે છે.

વકાર યુનિસે શનિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી છે જેમા તેણે તેની પત્ની ફરાયલ ને સલામ કર્યું છે. વકારે લખ્યું ડરનો અનુભવ થાય છે. જ્યારે ફરયાલ ઘરથી હોસ્પિટલ માટે નીકળે છે અને જ્યારે તે ઘરે પરત આવે છે તો સારુ લાગે છે. હું ગર્વ થી કહું છું કે મારી પત્ની હીરો છે લડતા રહો, ઉલ્લેખનીય છે કે દુનિયાની જેમ પાકિસ્તાનમાં પણ કોરોના વાયરસે આતંક મચાવ્યો છે. જ્યાં ૧૦૦૦થી વધારે લોકો તેની ઝપેટમાં આવી ગયા છે. પાકિસ્તાન પીએમ ઈમરાન ખાને પણ લોકડાઉનનું એલાન કર્યું છે.

ગૌતમ ગંભીરે ૧ કરોડ રૂપિયાનું પીએમ રાહત ફંડમાં કર્યું યોગદાન



ન્યુ દિલ્હી

પૂર્વ ભારતીય બેટ્સમેન અને લોકસભા સાંસદ ગૌતમ ગંભીરે જણાવ્યું કે, તે એક કરોડ રૂપિયા પોતાની સાંસદ નિધિમાંથી કોરોના વાઈરસ સામેની લડતમાં યોગદાન આપશે. આ પહેલા ગંભીરે નિવેદન આપ્યું હતું કે, તેનું ફાઉન્ડેશન ગરીબ લોકો અને જરૂરીયાતમંદ લોકો માટે ફૂડ પેકેટ્સનું પણ વિતરણ કરી રહ્યું છે. લૉકડાઉનની સ્થિતિમાં લગભગ ૨૦૦૦ ફુડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.ખેલ પ્રધાન કિરન રિજિજૂએ પણ જણાવ્યું હતું કે, તેઓ પણ પીએમ રાહત ફંડમાં એક કરોડ રૂપિયાનું દાન કરશે.

આ સપ્તાહના અંત સુધીમાં પરીક્ષણ માટે તૈયાર થઈ જશે

કોરોનાનો પ્રભાવી ઉપચાર શોધી કાઢ્યાનો બેંગ્લુરુ ડોક્ટરનો દાવો

બેંગ્લુરુ

દુનિયાભરમાં તબાહી મચાવનારા કોરોના વાયરસે ભારતમાં પણ તાંડવ મચાવ્યું છે. સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકો કોરોના વાયરસ માટે રસી શોધવામાં લાગ્યા છે ત્યારે આ બધા વચ્ચે બેંગ્લુરુના એક ડોક્ટરે એવો દાવો કર્યો છે કે તેમણે કોરોનાનો પ્રભાવી ઉપચાર શોધી કાઢ્યો છે.

રિપોર્ટ મુજબ બેંગ્લુરુના ઓંકોલોજિસ્ટ વિશાલ રાવે દાવો કર્યો છે કે તેમણે કોરોના વાયરસ માટે ઉપચાર શોધી કાઢ્યો છે. તેમણે દાવો કર્યો છે કે આ ઉપચાર આ સપ્તાહના અંત સુધીમાં પરીક્ષણ માટે તૈયાર થઈ જશે.

ડોક્ટરે કહ્યું કે આ ઉપચાર વ્યક્તિની ઈમ્યુન સિસ્ટમને રીટ્રિગર કરશે જે Sars-Cov-2ના કારણે પ્રભાવિત થયેલી હોય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ દવા કોરોના વાયરસની વેક્સિન નથી પરંતુ તે દર્દીની ઈમ્યુન સિસ્ટમને મજબુત કરવાનું કામ કરશે જેનાથી દર્દીનું શરીર કોરોના વાયરસ સામે મજબુતાઈથી લડી શકે.

તેમણે કહ્યું કે અમે સાઈટોકિન્સનું નિર્માણ કર્યું છે જે કોવિડ-૧૯ના દર્દીઓની ઈમ્યુન સિસ્ટમ પાવરફૂલ બનાવવા માટે તેમને ઈન્જેક્શન દ્વારા આપી શકાય છે. અમે એક ખુબ જ પ્રાથમિક તબક્કામાં છીએ. આ અઠવાડિયાના અંત સુધીમાં પહેલો સેટ તૈયાર થઈ જાય તેવી આશા છે. ડોક્ટર રાવે કહ્યું કે અમે સંભવિત ઉપચારની તાબડતોબ સમીક્ષા માટે સરકારને એક અરજી પણ કરી છે. બેંગ્લુરુના આ કેન્સર વિશેષજ્ઞએ કહ્યું કે માનવ શરીરની કોશિકાઓ વાયરસને મારવા માટે ઈન્ટરફેરોન કેમિકલ છોડે છે. Sars-Cov-2થી સંક્રમિત થયા બાદ કોશિકાઓની આ પ્રક્રિયા બંધ થઈ જાય છે. જેનાથી ઈમ્યુન સિસ્ટમ નબળી પડવા લાગે છે. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ સામે લડવામાં ઈન્ટરફેરોન પ્રભાવી છે.

કોરોનાની અસર

ડોમેસ્ટિક ફ્લાઈટનો પ્રતિબંધ લંબાવાયો, ૧૪ એપ્રિલ સુધી ફ્લાઈટ બંધ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધતા જતાં ફેલાવાને ધ્યાને રાખી ડીજીસીએ ડોમેસ્ટિક ફ્લાઈટ પર લગાવેલો પ્રતિબંધ ૧૪ એપ્રિલ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે. આ અગાઉ ડીજીસીએએ ડોમેસ્ટિક ફ્લાઈટને ૩૧ માર્ચ સુધી રોકવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે હવે પરિસ્થિત કાબૂમાં ન આવતા હજૂ પણ આ સર્વિસને આગળ લંબાવવાનો નિર્ણય કર્યો છે. તો વળી ડીજીસીએએ આ અગાઉ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કોમર્શિયલ વિમાન સેવા ૧૪ એપ્રિલ ૨૦૨૦ સાંજના ૬.૩૦ સુધી બંધ રહેશે. જો કે, આંતરરાષ્ટ્રીય કાર્ગો વિમાન સેવા પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નહીં લાગે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે.

પ્રેમિકાને મળવા ક્વોરન્ટાઈનમાંથી યુવક ભાગ્યો, ગર્લફ્રેન્ડ પણ આઈસોલેટ થઈ

ચેન્નાઈ

કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યા છે. આ વાયરસથી બચવા માટે અનેક દેશોમાં લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે. લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. વિદેશથી પરત ફરેલા લોકોને ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવી રહ્યા છે પરંતુ આ મહામારીના વધી રહેલા ખતરાં છતા લોકો બેદરકારી દાખવી રહ્યા છે.

પરંતુ આ દરમિયાન તમિલનાડુના મદુરાઈ જિલ્લામાં એક અનોખો મામલો સામે આવ્યો છે. જ્યાં યુવક તેની ગર્લફ્રેન્ડના લગ્ન અટકાવવા દુબઈથી ભારત પરત ફર્યો હતો. વિદેશી પરત ફર્યા બાદ ક્વારોટાંઈન રાખવામાં આવ્યો હતો પરંતુ ત્યાંથી નીકળીને પ્રેમિકાને મળવા શિવગંગા પહોંચી ગયો હતો. જ્યાં તેણે ગર્લફ્રેન્ડ સાથે સમય પસાર કર્યો હતો.

પ્રેમી સાથે સંપર્કમાં આવી હોવાના કારણે પ્રેમિકાને પણ આઈસોલેટ કરી દેવામાં આવી છે. આ દરમિયાન પોલીસ અને સ્વાસ્થ્ય અધિકારીઓએ યુવકની શોધખોળ શરૂ કરી દીધી છે અને તેની પ્રેમિકાને મદુરાઈ લાવવામાં આવી છે. જ્યાં તેને ક્વોરોટાઈન કરી દેવામાં આવી છે.

કોરોનાના ડર વચ્ચે ૧૫ દિવસમાં લોકોએ બેંકોમાંથી ૫૩૦૦૦ કરોડ ઉપાડ્યા

મુંબઈ

કોરોના વાયરસનો ભય લોકોના જીવનના દરેક ભાગને અસર કરી રહ્યો છે. લોકો ઈમરજન્સીની અપેક્ષાએ બેંકો પાસેથી જંગી રકમની રોકડ ઉપાડી રહ્યા છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાહેર કરેલા આંકડા મુજબ લોકોએ ચાલુ મહિનામાં ૧૩ માર્ચના રોજ પૂરા થતાં પખવાડિયામાં બેંકો પાસેથી રૂ. ૫૩,૦૦૦ કરોડની રોકડ ઉપાડી લીધી છે જે છેલ્લા ૧૬ મહિનામાં રોકડ ઉપાડનું આ ઉચ્ચતમ સ્તર છે. આરબીઆઈના જણાવ્યા મુજબ, આટલી મોટી માત્રામાં ઉપાડ તહેવારો અથવા ચૂંટણીના સમયમાં થાય છે. ૧૩ માર્ચ સુધી લોકોની પાસે કુલ ૨૩ લાખ કરોડનું ચલણ હતું. અર્થશાસ્ત્રીઓ કહે છે કે ડિજિટલ વ્યવહારોમાં વધારો થયો હોવા છતાં, કટોકટીના પગલે સાવધાની અને ડર ફેક્ટરનું હાવી છે.

સ્ટેટ બેંકના ચીફ ઈકોનોમિસ્ટ એસ.કે. ઘોષે પોતાની તાજેતરની રિસર્ચ નોટમાં લખ્યું છે કે, લોકડાઉન દરમિયાન મોટા ભાગની જરૂરી ચીજો રોકડમાં ખરીદવામાં આવશે. બેંકોએ અચાનક રોકડ માંગની સ્થિતિમાં રોકડની ડિલિવરી સુનિશ્ચિત કરવી પડશે. નિષ્ણાંતોના મતે, બેંકોમાંથી રોકડ ઉપાડમાં થયેલા વધારાની અસર બેંક થાપણો પર પડે છે. નાણાકીય બજારના વધઘટ સમયે બજારમાં લિક્વિડિટીની સ્થિતિને અસર કરી શકે છે.

રિસર્ચ એજન્સીનો દાવો, અનેક સેક્ટર ઉપર ખતરો

કોરોના ઈફેક્ટ: દેશ મંદીમાં ધકેલાશે, કંપનીઓ દેવાળુ ફૂંકશે

કોરોનાની ભારતીય અર્થવ્યવસ્થા ઉપર માઠી અસર પડશે, વિકાસ દર ૫ ટકાની નીચે ચાલ્યો જશે

ન્યુ દિલ્હી

કોરોનાના મારથી ભારતીય અર્થવ્યવસ્થા ઉપર માઠી અસર પડવાની શકયતા છે. રિસર્ચ એજન્સી ડન એન્ડ બ્રેડસ્ટ્રીટના રિપોર્ટ મુજબ ૨૧ દિવસના લોકડાઉનથી અનેક સેકટરના ધંધાને માઠી અસર પડી છે. જેમાં રીયલ્ટી, નાણા, બેન્કીંગ, મેન્યુ. અને પેટ્રોલીયમનો સમાવેશ થાય છે. એજન્સીના કહેવા મુજબ દેશ મંદીમાં ફસાશે અને અનેક કંપનીઓ નાદાર થાય તેવી શકયતા છે. સમગ્ર વિશ્વ ઉપર મંદીનો ખતરો મંડરાય રહ્યો છે. તેમાં ભારત બચી શકે તેમ નથી. ૨૧ દિવસના લોકડાઉનથી વિકાસદર ઘટશે.

કોરોના વાઈરસનો વધતો પ્રકોપ ટ્રેડ અને ઈન્ડસ્ટ્રી માટે ખતરાની ઘંટડી બની રહ્યો છે. કોરોનાની ભારતીય અર્થતંત્ર પર ગંભીર અસર થવાની ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે. વિવિધ રિસર્ચ સંસ્થાઓના અભ્યાસ મુજબ ૨૧ દિવસના લોકડાઉનને કારણે ઘણાં સેકટર્સના વેપાર-ઉદ્યોગ પર અત્યંત ખરાબ અસર પડી રહી છે.

આ સંજોગોને લઈ આગામી દિવસોમાં દેશમાં મંદીની અસર ગાઢ બનવાની શકયતા છે. ઉપરાંત ઘણી કંપનીઓ માંદી પડવાની પણ ભીતિ છે. મુશ્કેલી ભોગવી રહેલા મુખ્ય સેકટર્સમાં મેન્યુફેકચરિંગ, ઓઈલ, ફાઈનાન્સિયલ સહિત અનેક ક્ષેત્રનો સમાવેશ થાય છે.

એજન્સીઓના તાજેતરના આર્થિક અનુમાન મુજબ, દેશ મંદીનું જોર વધવાની અને કંપનીઓ નાદાર થવાની શકયતા વધી ગઈ છે. સમગ્ર દુનિયાની અર્થવ્યવસ્થા પર મંદીનો ભય વધી ગયો છે. જેનાથી ભારત પોતાને દૂર રાખી શકે તેમ નથી. મુખ્ય અર્થશા સ્ત્રી અરુણસિંહનું કહેવું છે કે, ચીનની સાથે દેશના અન્યઘણાં મેન્યુફેકચરિંગ હબ્સ લોકડાઉનમાંથી પસાર થઈ રહ્યા છે.

લોકડાઉનને કારણે ભારતના વિકાસદરમાં વધુ ઘટાડો નોંધાઈ શકે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં પાંચ ટકાના જૂના અંદાજ કરતા વધુ નીચે જઈ શકે છે. આવનારા નવા નાણાકીય વર્ષ માટે વિકાસદરનું અનુમાન લગાવવું મુશ્કેલ છે. રિપોર્ટ મુજબ, લોકડાઉનને કારણે માર્ચ ૨૦૨૦ પછી વૈશ્વિક અને ઘરેલું વિકાસ દરને અસર થઈ શકે છે. ફેબ્રુઆરી - ૨૦૨૦માં ઔદ્યોગિક વિકાસદર ૪થી ૪.૫ ટકા રહેવાનો અંદાજ છે.

છીંકો ખાઈને કોરોના ફેલાવવાની અપીલ કરનાર ઈન્ફોસિસના કર્મચારીની ધરપકડ

બેંગ્લુરુ

આઈટી કંપની ઈન્ફોસિસે કોરોના મહામારીને લઈને ફેસબુક પર મજાક કરતી પોસ્ટ કરવા પર એક એન્જિનિઅરને નોકરીમાંથી કાઢી નાખ્યો હતો. એન્જિનિઅર મુજીબ મોહમ્મદે પોસ્ટ કર્યું હતું- આવો આપણે સાથે આવીએ, લોકો વચ્ચે જઈને છીંકો. વાયરસ ફેલાવો. ત્યારબાદ મુજીબની ઓળખ ઈન્ફોસિસ કર્મચારી તરીકે થઈ હતી અને કંપનીએ તેની વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. સોશિયલ મીડિયામાં સંક્રમણ ફેલાવવાની વાત કરવા પર તેની ધરપકડ પણ કરવામાં આવી છે. ઈન્ફોસિસે ટ્વિટ કર્યું- અમે અમારા એક કર્મચારીની પોસ્ટની તપાસ કરી લીધી છે. તેની પોસ્ટ કંપનીના નિયમો અને સામાજિક પ્રતિબદ્ધતા વિરુદ્ધ છે. આવી પ્રવૃત્તિઓ સામે અમારી ઝીરો ટોલરન્સ પોલિસી છે. તેને નોકરીમાંથી હટાવી દેવામાં આવ્યો છે.

એસબીઆઈનો ગ્રાહકોને ઝટકોઃ ૩૧ માર્ચથી લોકરના ચાર્જમાં વધારો થશે

ન્યુ દિલ્હી

જો તમારૂ લોકર દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંકમાં છે તો આ ખબર તમારી માટે મહત્વની વાત છે. કારણ કે ૩૧ માર્ચ ૨૦૨૦થી લોકરમાં સામાન રાખવો મોંઘો થઈ જશે.

એસબીઆઈએ લોકરના ચાર્જમાં વધારો કર્યો છે અને નવા ચાર્જ ૩૧ માર્ચે લાગુ થશે. એસબીઆઈએ લોકરના આકારના આધાર પર રેન્ટલ ચાર્જને ૫૦૦ રૂપિયા ૨૦૦૦ રૂપિયા સુધી વધારી દીધા છે. આ ફીસ એ વાત પર નિર્ભર કરશે કે ખાતા ધારકનું લોકર કયા શહેરમાં છે.

નાના લોકરના ભાડામાં ૫૦૦થી લઈને ૨,૦૦૦ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે. જયારે એક્સ્ટ્રા લાર્જ લોકરનો ચાર્જ ૯,૦૦૦ની જગ્યાએ હવે ૧૨૦૦૦ રૂપિયા આપવાનો રહેશે. મીડિયમ સાઈઝ લોકર માટે હવે ૧૦૦૦થી ૪૦૦૦ રૂપિયા સુધી વધુ ચાર્જ ચુકવવાનો રહેશે. મોટા લોકરનુ ભાડુ ૨૦૦૦થી ૮૦૦૦ રૂપિયા સુધી હશે.

સેફ ડિપોઝિટ લોકર બેંકોની ખાસ સુવિધા હોય છે. આ લોકર અલગ અલગ આકારમાં આવે છે. તેનો ઉપયોગ લોકો પોતાની કિમતી વસ્તુઓને મુકવા માટે કરે છે. ફક્ત લોકર હોલ્ડર અથવા જોઈટ હોલ્ડર જ તેને ઓપરેટ કરી શકે છે.

આરબીઆઈ નોટિફિકેશનના જણાવ્યા અનુસાર, કોઈ પણ બેંકમાં ખાતા વગર પણ લોકર ખોલી શકાય છે. પરંતુ લોકરના ભાડા અને ચાર્જીસના સિક્યોરિટી ડિપોઝીટનો હવાલો આપતા બેંક ખાતા વગર લોકર ખોલવામાં આના કાની કરે છે. આટલું જ નહીં અમુક બેંક તમારા પર મોટી રકમની ફિક્સ્ડ ડિપોઝિટ માટે પણ દબાણ કરી શકે છે. માટે સારૂ રહેશે કે તમે તેજ બેંકમાં લોકર લો જેમાં સેવિંગ એકાઉન્ટ છે.

ભાજપના સાંસદો એક કરોડ અને એક મહિનાનો પગાર આપશે દાનમાં

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામેની લડાઈમાં દેશે પોતાની બધી તાકાત લગાવી દીધી છે. લોકો પોતાનો પગાર અને જરુરિયાતનો સામાન દાન કરી રહ્યા છે. હવે આ દરમિયાન બીજેપીએ મોટી જાહેરાત કરી છે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું છે કે પાર્ટીના બધા એમએલએ અને સાંસદ પોતાની એક મહિનાની સેલેરી કોરોના વાયરસ સામેની લડાઈમાં દાન આપશે. સાંસદ અને ધારાસભ્ય જરુરિયાતમંદ લોકોની મદદ અને વાયરસને રોકવા કેન્દ્રીય રાહત ફંડમાં દાન આપશે.

જેપી નડ્ડાએ કહ્યું હતું કે બધા ભાજપા સાંસદ કોરોનાને રોકવા માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા કાર્યોમાં મદદ કરવા માટે પોતાની સાંસદ નિધિમાંથી એક કરોડ રુપિયા કેન્દ્રીય સહાયતા કોષમાં આપશે.

બીજી તરફ પીએમ મોદીએ કોરોના વાયરસના સંક્રમણ દરમિયાન સેવા આપી રહેલા ડોક્ટર અને નર્સોના વખાણ કર્યા અને તેમને આભાર વ્યક્ત કર્યો હતો, ફોન પર પાંચ મિનિટની વાતચીતમાં પીએમ મોદીએ સીસ્ટર છાયાને તેમના હાલ-ચાલ પુછ્યા. પ્રધાનમંત્રી મોદીએ સિસ્ટર છાયાને પુછ્યું કે તે પોતાનું ધ્યાન સારી રીતે રાખી રહ્યા છે કે નહીં. સિસ્ટરે તેમને કહ્યું કે, તે પૂરી રીતે સ્વસ્થ્ય છે અને દર્દીઓ સાથે પોતાનું પણ ધ્યાન રાખી રહ્યા છે.

હવે માત્ર ૫ મિનિટમાં જાણવા મળશે કે કોઈને કોરોના વાયરસ છે કે નહીં

વોશિંગ્ટન

કોરોના વાયરસથી ઉભી થયેલી કટોકટીના સંજોગોમાં સારા સમાચાર છે. અમેરિકાની એક પ્રયોગશાળાએ કોરોના વાયરસ માટે એક ટેસ્ટ કીટ વિકસાવી છે,

તે કોઈ વ્યક્તિને ચેપ લાગ્યો છે કે નહીં તે માત્ર પાંચ મિનિટમાંજણાવી શકે છે. વિશેષ બાબત એ છે કે તે એટલી હલકી અને નાની કીટ છે કે તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવી ખૂબ જ સરળ છે.

એબોટ લેબોરેટરીઝે એક નિવેદનમાં જણાવ્યું છે કે યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ તેને આગામી સપ્તાહ સુધીમાં વહેલી તકે આરોગ્ય સંભાળ પ્રદાતાઓને આપવા માટે તાત્કાલીક મંજૂરી આપી દીધી છે. શુક્રવારે પ્રેસને અપાયેલા નિવેદનમાં કંપનીએ જણાવ્યું છે કે મોલેક્યુલર ટેકનોલોજી પર આધારિત આ તપાસમાં કોઈ વ્યક્તિને ચેપ લાગ્યો છે કે નહીં તે માત્ર ૧૩ મિનિટમાં જાણવા મળી જશે. કંપનીના ચેરમેન અને ચીફ ઓપરેટિંગ ઓફિસર રોબર્ટ ફોર્ડે જણાવ્યું કે, "કોવિડ -૧૯ વૈશ્વિક રોગચાળા સામે વિવિધ મોરચા પર લડવામાં આવશે અને એક પોર્ટેબલ ટેસ્ટથી આ વાયરસ સામે લડવા માટે ડાયગ્નોસ્ટિક સોલ્યુશન પ્રદાન કરશે.". ફોર્ડે જણાવ્યું હતું કે આ ટેસ્ટ કીટ નાની હોવાનો અર્થ એ છે કે તે હોસ્પિટલોની બહાર લઈ જઈ શકાય છે જ્યાં ઘણાં કોવિડ -૧૯ કેસ છે.

કેન્દ્રનું રાજ્યોને ફરમાન

લૉકડાઉન કડકાઈથી લાગુ થાય, બોર્ડર સંપૂર્ણપણે સીલ કરવામાં આવે

ન્યુ દિલ્હી

દેશભરમાં લાગુ લૉકડાઉનના કારણે પ્રવાસી મજૂરોની વચ્ચે અનિશ્ચિતતાનો માહોલ છે. રાજધાની દિલ્હી જેવા મોટા શહેરોને બાદ કરતાં મજૂર પોતાના વતન પરત જવા માંગે છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે રાજ્યોને લૉકડાઉન દરમિયાન પ્રવાસી મજૂરીની આવન-જાવન રોકવા માટે રાજ્ય અને જિલ્લાઓની સરહદોને પ્રભાવી રીતે સીલ કરવા માટે કહ્યું છે.

મુખ્ય સચિવો અને પોલીસ મહાનિદેશકોની સાથે વીડિયો કોન્ફરન્સ દરમિયાન કેબિનેટ સચિવ રાજીવ ગૌબા અને કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ તેમને સુનિશ્ચિત કરવા માટે કહ્યું કે શહેરોમાં કે હાઈવે પર આવન-જાવન ન હોવી જોઈએ કારણે કે લૉકડાઉન ચાલુ છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે, દેશના કેટલાક હિસ્સાઓમાં પ્રવાસી કારીગરોની આવન-જાવન થઈ રહી છે.

નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે કે રાજ્યો અને જિલ્લાઓની બોર્ડરોને પ્રભાવી રીતે સીલ કરવામાં આવે. રાજ્યોને એ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે કે શહેરોમાં કે હાઈવે પર લોકોની અવર-જવર ન હોવી જોઈએ. માત્ર સામાનને લઈ જવા માટેની મંજૂરી હોવી જોઈએ.

વિશ્વ કોરોનાની ચપેટમાં અને ઉ.કોરિયાએ મિસાઈલોનું પરીક્ષણ કરતાં ખળભળાટ

પ્યોંગયોંગ

વિશ્વભરમાં કોરોના વાયરસ પીડિતોની સંખ્યા ૬ લાખ ૬૦ હજારને વટાવી ગઈ છે, તેને લીધે ૩૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. આ સાથે જ ઉત્તર કોરિયાએ ફરી એકવાર મિસાઈલોનું પરીક્ષણ કરીને વિશ્વને ચોંકાવી દીધું છે. ઉત્તર કોરિયાએ રવિવારે સમુદ્ર પર બે શંકાસ્પદ બેલિસ્ટિક મિસાઈલોનું પરીક્ષણ કર્યું હતું. બીજી તરફ, દક્ષિણ કોરિયાએ આ મિસાઈલ પરીક્ષણને 'અયોગ્ય' ગણાવ્યું છે. ઉત્તર કોરિયાના વડાએ આ મહિનામાં જ ૮ મિસાઈલો દાગી છે.


ધ ગાર્ડિયનના જણાવ્યા અનુસાર, દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના અહેવાલમાં જણાવાયું છે કે રવિવારે સવારે ઉત્તર કોરિયાના પૂર્વીય દરિયાકાંઠાના શહેર વોંસનથી પસાર થતી મિસાઈલો કોરીયાના દ્વીપકલ્પ અને જાપાન વચ્ચે દરિયામાં પડતી જોવા મળી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મિસાઈલોએ ૩૦ કિ.મી.ની મહત્તમ ઉંચાઈથી આશરે ૨૩૦ કિ.મી.ની સફર નક્કી કરી હતી. દક્ષિણ કોરિયા અને અમેરિકાના ગુપ્તચર અધિકારીઓ મિસાઈલોના પરીક્ષણની માહિતીનું વિશ્લેષણ કરી રહ્યા છે. સેનાએ તેને 'અત્યંત અયોગ્ય' ગણાવ્યું છે કારણ કે તે એવાં સમયે કરવામાં આવ્યું છે જ્યારે વિશ્વ કોરોના વાયરસના વૈશ્વિક રોગચાળાથી પીડિત છે. તેમણે ઉત્તર કોરિયાને આવી સૈન્ય કાર્યવાહી અટકાવવા વિનંતી કરી.

ઉત્તર કોરિયા કોવિડ-૧૯નાં પ્રસારને રોકવા માટે આક્રમક અભિયાન ચલાવી રહ્યુ છે. તેણે વારંવાર દાવો કર્યો છેકે, ત્યાં સંક્રમણનો એક પણ મામલો નથી. જોકે, વિદેશી વિશેષજ્ઞ આ દાવા પર સવાલ ઉઠાવતા રહ્યા છે. ઘણા વિશેષજ્ઞોનું માનવું છેકે, ઉત્તર કોરિયામાં મહામારી ગંભીર થઈ શકે છે. કારણકે તેની પાસે ચિકિત્સા સામગ્રીનો અભાવ છે તથા તેની સ્વાસ્થ્ય સેવા પ્રણાલી બહુજ ખરાબ છે.

અફઘાનિસ્તાનમાં ગુરુદ્વારા પર હુમલો કરનાર આતંકી મૂળે કેરળનો રહેવાસી

કાબૂલ

અફઘાનિસ્તાનના કાબુલમાં ગુરુદ્વારા પર થયેલા આત્મઘાતી હુમલાના તાર કેરાલા સાથે જોડાયેલા હોવાનો ઘટસ્ફોટ થયો છે.



જે ચાર લોકોએ આ ગુરુદ્વારા પર હુમલો કર્યો હતો તેમાંથી એક કેરલનો દુકાનદાર અબુ ખાલિબ અલ હિન્દી હોવાનુ બહાર આવ્યુ છે. જે ૧૪ યુવાઓ સાથે ચાર વર્ષ પહેલા આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટમાં જોડાઈ ગયો હતો અને ભારતથી ભાગી ગયો હતો.

ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી લીધી છે.શુક્રવારે આતંકી સંગઠને અબુ ખાલીદની તસવીર જાહેર કરતા ખળભળાટ વ્યાપી ગયો છે. અબુ ખાલીદ કેરાલામાં દુકાન ચલાવતો હતો. તેનુ મૂળ નામ મહોમ્મદ સાજીદ છે. જેની ૨૦૧૬થી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી શોધખોળ કરી રહી હતી.

ઉલ્લેખનીય છે કે, કાબુલના ગુરુદ્વારા પર બુધવારે ભારે હથિયારો સાથે સક્ષ આત્મઘાતી હુમલાખોરે ફાયરિંગ કરીને અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૫ લોકોના મોત થયા હતા.એ પછી અફઘાન સુરક્ષા કર્મીઓએ હુમલાખોરને ઢાળી દીધો હતો.



મહારાષ્ટ્રના કરાડ જિલ્લામાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે લાદવામાં આવેલા દેશવ્યાપી તાળાબંધીના દિવસ-૩ દરમિયાન ટ્રાફિક પોલીસ કર્મચારીએ મુસાફરોને ઘરે રહેવાની વિનંતી કરતાં તેણી તેના હાથ જોડે છે.

તિહાર જેલ પર કોરોનાની અસર, ૪૦૦થી વધુ કેદીઓને છોડી મૂક્યા

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. સંક્રમણના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. લોકો પોતાના ઘરોની અંદર રહેવા માટે કહેવામાં આવી રહ્યુ છે. ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉનની ઘોષણા કરી દેવામાં આવી છે. કોરોનાના કારણે ફેલાતા સંક્રમણને જોતા તિહાર જેલ પ્રશાસને ૪૦૦થી વધુ કેદીઓને છોડી દીધા છે.

તિહાર જેલમાં ભીડ ઓછી કરવા અને કોરોના સંક્રમણને ફેલાતો રોકવા માટે જેલ પ્રશાસને શનિવારે ૪૦૦થી વધુ કેદીઓને છોડી દીધા. જેલ પ્રશાસને ૨૮ માર્ચો ૩૫૬ કેદીઓને અંતરિમ જામીન પર છોડી દીધા. વળી, ૬૩ કેદીઓને ઈમરજન્સી પેરોલ આપવામાં આવી. આ અંતરિમ જામીનનો સમય ૪૫ દિવસ માટે હશે. વળી, ૬૩ કેદીઓને ઈમરજન્સી પેરોલ પર જામીન આપવામાં આવ્યા. આ કેદીઓને ૮ અઠવાડિયા માટે છોડવામાં આવ્યા છે.

કોરોના વાયરસનું સંક્રમણ હવાથી ફેલાતુ નથીઃ વિશ્વ આરોગ્ય સંસ્થાનો ખુલાસો

જિનિવા

કોરોના વાયરસનો પ્રકોપ ઝડપથી આખી દુનિયામાં ફેલાઇ રહ્યો છે. દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૬.૫૦ લાખથી વધુ લોકો સંક્રમિત થઇ ચૂકયા છે અને ૩૦૦૦૦થી વધુ લોકોના મોત થઇ ચૂકયા છે. માત્ર ભારતમાં જ કોરોનાના સંક્રમણનો આંકડો ૧૦૦૦ની નજીક પહોંચી ગયો છે અને ૨૦ લોકોના મોત થઇ ચૂકયા છે. દુનિયાભરની સરકારો બચાવના તમામ ઉપાયો કરી રહી છે. ભારતમાં પણ લોકડાઉન કરી દીધું છે. જાગૃતતા પણ ફેલાવી રહ્યા છે પરંતુ સાથો સાથ કેટલાંય પ્રકારની અફવાઓ પણ ફેલાવી રહ્યા છે. એક એવી જ અફવા છે કે કોરોના વાયરસ હવાથી ફેલાય છે જેનું વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ખંડન કર્યું છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એ સ્પષ્ટતા કરી છે કે કોરોના વાયરસ માત્ર એક સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવતા ફેલાય છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસનું સંક્રમણ હવાથી ફેલાતું નથી કારણ તે માત્ર થૂંકના કણોથી જ ફેલાય છે. આ કણ કફ, છીંક અને બોલવાથી શરીરમાંથી બહાર નીકળે છે. થૂંકના કણ એટલા હલકા નથી હોતા જે હવાની સાથે અહીંથી ત્યાં ઉડ જાય. તે ખૂબ જ ઝડપથી જમીન પર પડી જાય છે.

જમ્મૂ-કાશ્મીરમાં કોરોના વાયરસથી પીડિત વધુ એક વ્યક્તિનું મોત

ન્યુ દિલ્હી

જમ્મૂ-કાશ્મીરમાં કોરોના વાયરસથી પીડિત વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું છે. આ વ્યક્તિ કાશ્મીરના બારામૂલા જિલ્લામાં રહેતો હતો. રવિવારે સવારે સારવાર દરમિયાન તેનું મોત થયું છે. પીડિતની ઉંમર ૬૨ વર્ષ હતી.

એક સરકારી અધિકારી અનુસાર આજે સવારે ૪ કલાકે ચેસ્ટ ડિસિઝ હોસ્પિટલમાં પીડિતે અંતિમ શ્વાસ લીધા હતા. એક ડોક્ટરે કહ્યું કે, બીમાર વયક્તિનો શનિવારે કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ વ્યક્તિને એમએમએચએસ હોસ્પિટલથી અહીં રેફર કરવામાં આવ્યો હતો.

શ્રીનગરની ચેસ્ટ ડિસિઝ હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું કે, બીમાર વ્યક્તિને શનિવારે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો, તેને લીવર સાથે જોડાયેલા સમસ્યા પણ હતી.

તંગમાર્ગ સાથે જોડાયેલા એક પોલીસ અધિકારીએ પણ મોતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે, પોલીસને આ વ્યક્તિ સાથે જોડાયેલા કેસમાં જરૂરી કાર્યવાહી પૂરી કરવાનું કહેવામાં આવ્યું છે. આ વ્યક્તિની સાથે જમ્મૂ-કાશ્મીરમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામનારની સંખ્યા ૨ થઈ ગઈ છે. ગુરૂવારે હૈદરપુરામાં ૬૫ વર્ષના એક વ્યક્તિનું આ બીમારીથી મોત થયું હતું. આ રાજ્યમાં કોરોના વાયરસથી મોતનો પ્રથમ મામલો હતો.

સીઈઓ પિચાઈએ કરી જાહેરાત

કોરોના વિરુદ્ધની લડાઈ માટે ગૂગલ ૫૯૦૦ કરોડની મદદ કરશે

સાન ફ્રાન્સિસ્કો

કોરોના વાયરસ મહામારીથી દુનિયામાં ડરનો માહોલ છે. આ મહામારીની દુનિયાની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડી છે. મહામારીનો સામનો કરવા માટે સરકાર, સંગઠન અને લોકો પ્રયાસો કરી રહ્યા છે. કોરોના વાયરસ સામે લડવા ગૂગલ અને તેની પેરન્ટ કંપની અલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ નાના અને મધ્યમ ઉદ્યોગો, સ્વાસ્થ્ય સંગઠનો અને સરકારો અને સ્વાસ્થ્ય કાર્યકર્તાઓનું સમર્થન કરવા ૮૦ કરોડ ડોલર (લગભગ ૫૯૦૦ કરોડ રૂપિયા)થી વધુની મદદ આપવાની વાત કરી છે.

સુંદર પિંચાઈએ ટ્વિટ કરી આ જાણકારી આપી હતી. પિંચાઈએ પોતાના બ્લોગ પોસ્ટમાં લખ્યુ કે, દુનિયાભરમાં નાના અને મધ્યમ બિઝનેસને ગૂગલ એન્ડ કેડિટના રૂપમાં ૩૪ કરોડ ડોલર મળશે. આ રકમ એ કંપનીઓને આપવામાં આવશે જેના એકાઉન્ટ છેલ્લા એક વર્ષથી એક્ટિવ છે.

કોંગ્રેસ નેતા સચિન ચૌધરીએ લોકડાઉનનો ભંગ કરતાં ધરપકડ

મુરાદાબાદ

લોકો તો ઠીક છે પણ નેતાઓ પણ કોરોના વાયરસના પગલે લાગુ થયેલા લોકડાઉનનો ભંગ કરી રહ્યા છે. લોકડાઉનના નિયમોનો ભંગ કરીને ટોળુ ભેગુ કરવાના આરોપસર શનિવારે અમરોહા લોકસભા કોંગ્રેસના ઉમેદવાર રહી ચુકેલા સચિન ચૌધરીની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેમના પર દારુ પીને ધમાલ કરવાનો પણ આરોપ મુક્યો છે.

સચિન ચૌધરીનુ કહેવુ છે કે, દિલ્હી અને હરિયાણાથી મોટી સંખ્યામાં મજૂરો હાઈવે પરથી પસાર થઈ રહ્યા છે. શનિવારે હાઈવે પર ભેગી થયેલી ભીડને મદદ કરવા માટે હું ગયો હતો. જેજોઈને પોલીસે ભીડ ઓછી કરવાનુ કહ્યુ તો ટોળાએ હંગામો કરવા માંડ્યો હતો. બીજી તરફ પોલીસે આરોપ મુક્યો છે કે, નેતાએ શરાબના નશામાં પોલીસ સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો. એ પછી સચિન ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી. પાછળથી પોલીસે સ્પષ્ટતા કરી હતી કે, મેડિકલ પરિક્ષણમાં નેતાએ દારુ પીધા હોવાની વાતને સમર્થન મળ્યુ નથી.

બીએસએફ જવાન કોરોના પોઝિટિવઃ એડીજી-આઈજી સહિત ૫૦ જવાનો કોરોન્ટાઈન

ભોપાલ

મધ્ય પ્રદેશના ટેકનપુરમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના ૫૦ જવાનો કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ નિર્ણય પર બીએસફના એક અધિકારીમાં કોરોના વાયરસ મળ્યા પછી લેવામાં આવ્યો છે.

ટેકનપુર મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લામાં સ્થિત છે. અહીં પર બીએસએફનો એક આધુનિક ટ્રેનિંગ સેન્ટર છે. આ સેન્ટરના એક અધિકારીને તપાસ દરમિયાન કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. તે પછી અધિકારીઓના સંપર્કમાં આવનાર બધા જ ૫૦ અધિકારીઓ અને જવાનોને કોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. બીએસએફના ડોક્ટર આ બીએસએફના જવાનોની દેખરેખ રાખી રહ્યાં છે. ૫૭ વર્ષનો જે બીએસએફ ઓફિસર કોરોના પોઝિટિવ મળી આવ્યો છે તે ટેકનપુરમાં ફરજ પર હતા. હાલમાં જ આ ઓફિસરની પત્ની લંડનથી પરત ફરી છે. માનવામાં આવી રહ્યું છે કે, આ ઓફિસરને સંક્રમણ પોતાની પત્નીથી જ લાગ્યું છે. બીએસએફના આ અધિકારીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા છે.

આ ઓફિસર ૧૫થી ૧૯ માર્ચ વચ્ચે એડીજી, આઈજી રેંકના અધિકારીઓ સાથે બેઠક કરી ચૂક્યો છે. હવે બધા જ અધિકારીઓને કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

વિચાર્યા વગર લોકડાઉન ક્રૂરતા છેઃ ઓવૈસી

હૈદરાબાદ

કોરોના વાયરસને કારણે સમગ્ર દેશભરમાં ૨૧ દિવસ સુધી લોકડાઉન છે પરંતુ આ દરમિયાન દિલ્હી અને આજુ-બાજુના શહેરોમાંથી મોટી સંખ્યામાં મજૂરો હિજરત કરી રહ્યા છે. એ આઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ આ મામલે નરેન્દ્ર મોદી સરકાર સહિત રાજ્ય સરકારો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, વિચાર્યા વગર લોકડાઉન ક્રૂરતા છે.

પ્રવાસીઓની હિજરત અંગે રાજ્ય સરકારો પર હુમલો કરતા જણાવ્યું છે કે, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને બિહારની સરકાર ફસાંયેલા પ્રવાસીઓ માટે કંઈપણ કરી રહી નથી. ભારતના બહુસંખ્યક વર્ગ વિશે વિચાર્યા વગર લોકડાઉન કરવું એ ક્રૂરતા છે.

તેમણે જણાવ્યું હતું કે, દિલ્હીમાંથી મજૂરોને બસોમાં ભરીને મોકલવામાં આવી રહ્યા છે. ત્યાં તેલંગાણામાં તેમની પાસે કોઈ બેંક એકાઉન્ટ, કોઈ રેશન કાર્ડ અને કોઈ સુરક્ષા નથી. જો યુપી પોતાના પ્રવાસીઓને પરત લાવી શકે છે અને શું તેલંગાણા કેમ આવું કરી શકતું નથી? તેમણે સવાલ કર્યો કે આ કેવું લોકડાઉન છે જયાં પ્રવાસીઓને યાત્રા કરવાની મંજૂરી છે.

કોરોના સામે લડવા અમેરિકાએ ૬૪ દેશને ૨૭૪ મિલિયન ડોલરની મદદ કરી

વોશિંગ્ટન

કોરોના વાયરસ સામે લડતા અમેરિકાએ અન્ય દેશો માટે સહાયની જાહેરાત કરી છે. અમેરિકન વહીવટીતંત્રે વિશ્વના ૬૪ દેશો માટે સહાય નાણાંની જાહેરાત કરી છે, જ્યાં કોરોના વાયરસનું જોખમ સૌથી વધુ છે. યુએસએ આ મદદ માટે ૨૭૪ મિલિયનની જાહેરાત કરી છે. જે રૂપિયામાં આ રકમ આશરે ૧૩ અબજ રૂપિયા થાય છે. આ રકમમાંથી ૨.૯ મિલિયન ભારત માટે ફાળવવામાં આવ્યાં છે.

૨૭૪ મિલિયન ડોલરની આ રકમ ફેબ્રુઆરીમાં જાહેર કરેલા ૧૦૦ મિલિયન ઉપરાંતની છે. આ અંગે અમેરિકન સ્ટેડ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, ભારતને ૨.૯ મિલિયન આપી રહ્યું છે. જેનો ઉપયોગ લેબમાં થઈ શકે છે, નવા કેસ શોધી કોરોના દર્દીઓની દેખરેખ રાખવામાં આવે અને તકનીકી નિષ્ણાતોની સેવામાં વાપરવામાં આવે.

અમેરિકાએ કહ્યું છે કે, અમે દાયકાઓથી વિશ્વમાં સુચારુ આરોગ્ય સુવિધા માટે મદદ કરી રહ્યા છીએ. સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, લોકોના જીવન બચાવવામાં અમેરિકા આગળ આવી રહ્યું છે, અમે રોગની સંવેદનશીલતા સમજી શકીએ છીએ, અમે આરોગ્ય સેવાઓ સંબંધિત સંસ્થાઓ બનાવી રહ્યાં છીએ અને વિવિધ સમુદાયો અને રાષ્ટ્રોની સલામતી સુનિશ્ચિત કરી રહ્યાં છીએ.

કોરોના પ્રભાવિત ઈરાનથી જોધપુર લવાયા ૨૭૫ ભારતીય, આર્મી કેમ્પમાં રખાયા

જોધપુર

કોરોના વાઇરસ સામેની લડતમાં ૨૭૫ ભારતીયોનો અન્ય કાફલો ઈરાનથી ભારત પરત લાવવામાં આવ્યો છે. રવિવારે આ ભારતીયો જોધપુર પહોંચ્યા હતા.

આ તમામ લોકોની સ્ક્રિનિંગ પ્રોસેસ બાદ તમામને ઈન્ડિય આર્મી દ્વારા તૈયાર કરાયેલા વેલનેસ સેન્ટરમાં આઈસોલેટેડ કર્યા છે. આ પહેલા પણ ૨૭૭ ભારતીયોને ઈરાનના કેપિટલ તેહરાનથી ૨૫ માર્ચે ભારત પરત લવાયા હતા અને તમામને આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા.

આ પહેલા, જેસલમેરના આર્મી વેલનેસ સેન્ટરમાં ઈરાનથી ૨૩૪ ભારતીય સ્થળાંતર કરાયેલા લોકોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (એમએચએફડબ્લ્યુ) ના જણાવ્યા મુજબ, દેશમાં કોવિડ -૧૯ ના ૯૭૯ પુષ્ટિ થયેલા કેસ છે, જેમાંથી ૮૬ લોકો સ્વસ્થ થયા છે.

દેશમાં પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસનો પૂરતો સ્ટોકઃ આઈઓસી

ન્યુ દિલ્હી

લોકડાઉનના પગલે ભારતમાં જીવન જરુરિયાતની વસ્તુઓની સંઘરાખોરી નહી કરવા માટે સરકાર લગાતાર અપીલ કરી રહી છે.

સરકારની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને લોકોને ખાતરી આપતા કહ્યુ છે કે, ગભરાવાની કોઈ વાત નથી. દેશમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસનો પૂરતો સ્ટોક છે. ભારતમાં કોઈ ફ્યુલ ક્રાઈસિસ નથી. લોકડાઉનનો જે સમયગાળો છે તેના કરતા વધારે સ્ટોક ભારત પાસે છે. આઈઓસીના ચેરમેન સંજીવ સિંહે કહ્યુ હતુ કે, પેટ્રોલ અને ડીઝલ મળી રહ્યુ છે. પંપો ચાલુ છે. રસોઈ ગેસની સપ્લાય પણ કરવામાં આવી રહી છે. માટે લોકો જરુર કરતા વધારે ગેસના બોટલ બૂક ના કરાવે. હાલમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા વધી રહી છે અને ભારતમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન છે. આવામાં લોકોના મનમાં એવી પણ શંકા છે કે, લોકડાઉનનો સમયગાળો લંબાઈ શકે છે.

હરિયાણામાં પગપાળા જઈ રહેલા આઠ કામદારોને ગાડીએ કચડ્યાઃ ૪ના મોત

પાનીપત

કોરોના વાયરસ સંક્રમણને રોકવા માટે લાગૂ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન એક દુખદ સમાચાર સામે આવ્યા છે. નૂંહથી નિકળતા કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ વે પર આઠ લોકોને રવિવારે સવારે એક ગાડીએ કચડી નાખ્યા હતા. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયા છે જ્યારે ચાર ગંભીર છે. ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ કામદારો દિલ્હીથી તેમના ઘરે પગપાળા જવા માટે નિકળ્યા હતા. લોકડાઉનના કારણે સૌથી વધારે મજૂરી કરીને પેટિયુ રળતા કામદારોને પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. તેઓ સરકારની અપીલ છતાં શહેરોમાં રોકાતા નથી. હરિયાણા હાઈવે પર મોટી ભીડ જોવા મળી રહી છે.

દિલ્હીની આસપાસના ફરીદાબાદ, પલવલ, ગુરુગ્રામ અને સોનીપતમાં મોટી સંખ્યામાં કામદારો રસ્તા પર દેખાઈ રહ્યા છે. મોટાભાગના મજૂરો તેમના બાળકો, પરિવારના અન્ય સભ્યોને માથે બેસાડીને નિકળ્યા છે. પ્રશાસને લોકોને રોકાવાની અપીલ કરી છે પરંતુ તેઓ નથી માનતા. અમુક લોકો દિલ્હી થઈને ગુરુગ્રામના રસ્તે યૂપી જઈ રહ્યા છે તો અમુક લોકો પલવલના રસ્તે મથુરા તરફ આગળ વધી રહ્યા છે. સોનીપતના રાઈમાં મોટા ઉદ્યોગો હોવાના કારણે ત્યાંથી મજૂરો પલાયન કરી રહ્યા છે. ગુરુગ્રામ અને ફરીદાબાદમાં બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આઈપીએલ રદ્દ થશે તો ધોનીનું ટીમમાં પરત ફરવું મુશ્કેલઃ હર્ષા ભોગલે

મુંબઈ

કોરોના વાયરસને કારણે રમતગમતની ઘટનાઓ બનતી નથી અને આણે ઘણા ખેલાડીઓની કારકીર્દિને પણ જોખમમાં મૂકાયું છે, જેમાંથી એક ભારતીય વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોની છે. ગયા વર્ષના વર્લ્ડ કપથી ધોની મેદાનથી દૂર છે અને અપેક્ષા છે કે તે ટી -૨૦ વર્લ્ડ કપ પહેલા ટીમમાં વાપસી કરશે. તેની ટીમમાં વાપસી કરવા માટે આઈપીએલ છે, જે કોરોના વાયરસને કારણે ૧૫ એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી છે અને તેનું આયોજન થવાની સંભાવના અસંભવિત લાગે છે. જો આઈપીએલ રદ કરવામાં આવે તો ધોનીને પરત ફરવું મુશ્કેલ બનશે.

ભારતીય જાણીતા ટીકાકાર અને ક્રિકેટના ભૂતપૂર્વ પર્ટેટ હર્ષ ભોગલેનું માનવું છે કે હવે ધોની ટીમ ઈન્ડિયામાં રમવાનું શક્ય નથી. ક્રિકબઝ સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, ધોની ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનારા ટી -૨૦ વર્લ્ડ કપ તરફ ભાગ્યે જ જોશે. તેણે કહ્યું હતું કે ધોની તેની ફ્રેન્ચાઈઝી ચેન્નઈ અને સુપર કિંગ્સ માટે ફાળો આપવા માંગશે.

હર્ષ ભોગલેએ કહ્યું કે તેઓ ઘણાં વર્ષોથી જોઈ રહ્યા છે કે ધોની તેના શબ્દો ખૂબ સીધા બોલે છે, પરંતુ ચેન્નાઈના ચાહકોના પ્રેમથી તે થોડો નરમ થઈ ગયો છે. ભોગલેએ ધોનીને પૂછ્યું કે સીએસકેના ચાહકો જ્યારે તેમને થલાઈવા કહે છે ત્યારે તેમને કેવું લાગે છે. ભોગલેએ કહ્યું કે, આ સવાલ પછી પહેલી વાર તેણે ધોનીના ચહેરા પર નરમ લાગણી જોઈ.

સમગ્ર દુનિયામાં રોયલ ફેમિલીમાં કોરોના વાયરસથી પ્રથમ મોત

સ્પેનની રાજકુમારી મારિયા ટેરેસાનું કોરોના વાયરસથી મોત

મેડ્રિડ

કોરોના વાયરસનો કહેર થમવાનું નામ નથી લઈ રહ્યો. સતત મોતના આંકડા વધી રહ્યા છે, ત્યારે સ્પેનના શાહી પરિવારમાં ૮૬ વર્ષીય રાજકુમારી મારિયા ટેરેસાનું શનિવારના રોજ કોરોનાના કારણે મોત થયું છે. આ વાતની જાણકારી તેમના ભાઈ પ્રિન્સ સિકસટો એનેરીકે ડી બોરબોને ફેસબુક પર પોસ્ટ મૂકીને આપી હતી. આખી દુનિયામાં કોઈ રોયલ ફેમિલીમાં કોરોનાના કારણે આ પહેલું મોત છે. દેશ-દુનિયામાં ઘણા લોકો આ બીમારીની ઝપટમાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે યુરોપીય દેશમાં ઈટલી પછી સ્પેન કોરોનથી સુધી વધુ પ્રભાવિત છે. અત્યાર સુધી સ્પેનમાં ૩૪૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે

સ્પનેના રાજા ફિલિપ-IV ની કાકાની દીકરી અને બૉરબોન પાર્માની પ્રીન્સેસ મારિયા ટોરેસાની શનિવારે કોરોના વાયરસના સંક્રમણને કારણએ મોત થઈ ગઈ છે. ૮૬ વર્ષીય મારિયા ગુરુવારના રોજ કોરોના પોઝીટીવ મળી આી હતી અને માત્ર ૩ દિવસથી વેન્ટિલેટર પર હતી. દુનિયાના કોઈપણ શાહી પરિવારમાં કોરોના વાયરસથી આ પ્રથમ મોત છે. મારિયાનો અંતિમ સંસ્કાર આગામી શુક્રવારના રોજ મેડ્રિડમાં કરવામાં આવશે. આ ફેસબુક પોસ્ટ પ્રમાણે મારિયાની મોત પેરિસમાં થઈ છે.

ડાયરા કલાકાર કિર્તિદાન ગઢવી, માયાભાઈ આહિરે ૧૧ લાખનું દાન કર્યુ

અમદાવાદ

કોરોના વાયરસને કારણે નાના મોટા તમામ ઉદ્યોગો અને ધંધાઓને મોટો ફટકો પડ્યો છે. સૌથી વધુ ફટકો ગરીબોને પડ્યો છે ત્યારે આ લોકોની મદદ માટે ઘણાં લોકો આગળ આવ્યા છે. કોરોના વાયરસના કારણે અસરગ્રસ્તોને મદદ હેતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મુખ્યમંત્રી રાહતનિધિમાં દાન કરવા અપીલ કરી છે. જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાંથી વિવિધ દાતાઓ, સંસ્થાઓ, કલાકારો સહિત અનેક લોકોએ આ રાહતનિધિમાં ઉદાર હાથે ફાળો આપ્યો છે.

લોકગાયક કીર્તિદાન ગઢવીએ કોરોના સામેની લડત માટે ૧૧ લાખનું દાન કર્યું છે. એક બાદ એક ગુજરાતી સાહિત્યકાર સરકારની મદદ કરવા આગળ આવી રહ્યા છે. કિર્તીદાન ગઢવીએ ૧૧ લાખની સહાય કરી અને તેમણે ગુજરાતની જનતાને અપીલ કરી છે કે તેઓ સરકારના આદેશનું પાલન કરે અને ઘરમાં જ રહે તેવી અપીલ પણ કરી છે.

હાસ્ય કલાકાર હકાભા ગઢવીએ કોરોનાની મહામારી સામે લડવા મોટી જાહેરાત કરી છે. તેમણે પોતાની બેંકમાં રહેલા રૂપિયામાંથી ૫૦ હજાર રાખીને તમામ રકમ દાન કરવાની જાહેરાત કરી છે. તેમના ત્રણ ખાતામાં જેટલી રકમ છે તે તમામ દાન કરવાની જાહેરાત કરીછે. ઘરની જરૂરિયાત માટે ૫૦ હજાર રાખીને અન્ય રૂપિયા દાન કરવાની જાહેરાત કરીછે. માંગલ ધામ ચેરીટ્રેબલ ટ્રસ્ટ ભગુડા વતી માયાભાઈ આહિરે અને રામાભાઈ કામળિયાએ ૧૧ લાખનું દાન કર્યું છે. આ સાથે માયા આહિરે પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન કર્યું છે.

પશ્ચિમ રેલવે જીવન જરૂરિયાત વસ્તુઓ માટે સ્પેશિયલ કાર્ગો ટ્રેન દોડાવશે

ગાંધીનગર

દુનિયાભરમાં મહામારીનો હાહાકર જોવા મળી રહ્યો છે ત્યારે ભારતમાં પણ કોરોનાના વધતા કેસોનો લઈને સરકાર વારંવાર લોકોને ઘરમાં રહેવાની અપીલ કરી રહી છે. ગુજરાતમાં લોકડાઉન હોવા છતાં પણ લોકો જીવનજરૂરિયાતની વસ્તુઓ માટે રોડ પર જોવા મળી રહ્યાં છે. ત્યારે પશ્ચિવ રેલવે દ્વારા ૯ સ્થળ માટે સ્પેશિયલ પાર્સલ કાર્ગો એક્સપ્રેસ ટ્રેન દોડાવાનો નિર્ણય લીધો છે.

લોકડાઉનના સમયે લોકોને જીવનજરૂરિયાતની વસ્તુઓ મળી રહે તે માટે પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ કાર્ગો ટ્રેન દોડાવાશે. પશ્ચિમ રેલવે દ્વારા ૯ સ્થળ માટે સ્પેશિય પાર્સલ ટ્રેન દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ પાર્સલ કાર્ગો એક્સપ્રેસ ટ્રેનમાં વસ્તુઓની હેર-ફેર કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા આ સ્પેશિયલ કાર્ગો ટ્રેનમાં મેડિકલ સેવાઓ, શાકભાજી વગેરેનો પુરવઠો નિયત કરેલા સ્થળે પહોંચાડાશે. જેમાં સુરત, વલસાડ, નવસારીમાં માલવહન માટેની તક મળી શકે છે.

સુરત, વલસાડ અને નવસારી આ ત્રણેય ઈન્ડસ્ટ્રીઝ હોવાના કારણે માલવહનની તક મળી શકે છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર ડીઆરએમ દ્વારા ફ્લેટ ટ્રેન ચલાવવા માટે વેપારીઓનો દ્વારા સંપર્ક કરાયો છે. જો કે આ અંગે ટૂંક સમયમાં આ અંગે અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

ધો.૩થી ૮ના વિદ્યાર્થીઓને સોશિયલ મિડિયા મારફતે વિકલી લર્નિંગ મટિરિયલ મોકલાશે

અમદાવાદ

કોરોના વાયરસના ફેલાવા વચ્ચે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવાઈ છે. ત્યારે વિદ્યાર્થીઓનો અભ્યાસ ના બગડે તે માટે રાજ્યના શિક્ષણ વિભાગે મહત્વનું પગલું ભર્યું છે. ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતના શિક્ષણ વિભાગે 'હોમ લર્નિંગ'નું આયોજન કર્યું છે.

વિદ્યાર્થીઓને વ્હોટ્સએપ સહિતના વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ થકી 'વિકલી લર્નિંગ મટિરિયલ' મોકલવામાં આવશે. આગામી ૪-૫ અઠવાડિયા સુધી વિદ્યાર્થીઓને લર્નિંગ મટિરિયલ આપવામાં આવશે, તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. આ મહિનાની શરૂઆતમાં જ કોરોના વાયરસની મહામારીના કારણે સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ છે. સાથે જ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાયું છે. એવામાં વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી શિક્ષણથી દૂર ના રહે એટલે શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

એક અધિકારીએ કહ્યું, "૨૮ માર્ચથી જ અમે વિદ્યાર્થીઓને શૈક્ષણિક મટિરિયલ આપવાનું શરૂ કર્યું છે. સાથે જ તેમાં જણાવેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓએ ઘરે બેસીને પૂરી કરવાની રહેશે. વાલીઓ પોતાના સમયનો ઉપયોગ બાળકોને આ શૈક્ષણિક મટિરિયલનું અધ્યનન કરાવવામાં કરી શકે છે." મહત્વનું છે કે, વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય જાળવી રાખવા માટે સરકારે વંદે ગુજરાત અને દૂરદર્શન જેવી ટીવી ચેનલો પર શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કર્યા છે. જેમાં જે-તે વિષયના તજજ્ઞો વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે.

સલામ: રાજકોટ પોલીસ રોજ ૧૫,૦૦૦ જરૂરિયાતમંદોને ભોજન આપશે

રાજકોટ

તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો હતો જેના ભાગરૂપે રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ દ્વારા તેની અમલવારી અર્થે કોઈપણ મજૂર વર્ગને રાજકોટ શહેરની બહાર જવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. બે દિવસ પહેલા કેટલાક દ્રશ્યો સામે આવ્યા હતા કે જેમાં પરપ્રાંતિય મજૂરો કામ ન હોવાના કારણે પોતાના વતન પરત ફરી રહ્યા હતા. પરંતુ રાજકોટ પોલીસે તેમને અહી જ રહેવા સમજાવ્યા છે અને તેમની જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. રાજકોટ પોલીસ દ્વારા પોલીસ હેડક્વાર્ટરમાં જરૂરિયાતમંદો માટે રોજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસ રોજ ૧૫૦૦૦ લોકોને ભોજન આપશે.

તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા એક નિર્ણય કરવામાં આવ્યો હતો જે નિર્ણય અંતર્ગત પ્રાંતીય મજૂરોને પોતાના વતન ન ફરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો જે આ દેશના અનુસાર રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ રાજકોટ પોલીસ ની હદમાં કામ કરતા તમામ મજૂરોને પોતાની હાલની જગ્યા ન છોડવા હુકમ કર્યો હતો. તેમ છતાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય મજૂરો પોતાના પરિવાર સાથે ચાલીને પોતાના વતન તરફ દોડ લગાવી હતી.

જો કે પોલીસે સમયસર તેમને સમજાવી તેમની રહેવાની અને જમવાની સગવડ કરી આપી છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ અને સામાજિક સંસ્થાના સહયોગ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે રોજનું ૧૫૦૦૦ વ્યક્તિઓનું જમવાનું બની શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ભાવનગરમાં ૩૦૦ કેદીઓની ભૂખ હડતાળ: પેરોલ આપવાની માગ

ભાવનગર

ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિત વચ્ચે કોરોનાનો કેર વધી રહ્યો છે. આજે અમદાવાદમાં વધુ એક દર્દીનું મોત થતા કુલ મૃત્યુઆંક પાંચ થયો છે. અને ત્રણ નવા પોઝીટીવ કેસ દાખલ થતા કુલ ૫૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. આમ કોરોનાના કારણે ગુજરાતમાં કુલ મૃત્યુઆંક પાંચ અને કેસ ૫૮ સુધી પહોંચ્યા છે. આપને જણાવી દઈએ કે, કોરોના વાયરસ એ સંક્રમણથી ફેલાતો રોગ છે. જે એકબીજાના સંપર્કમાં આવવાથી ફેલાય છે. ત્યારે આ વાતની ગંભીરતા જાણી ભાવનગર જિલ્લા જેલમાં ૩૦૦ જેટલા કેદીઓએ અન્નનો ગઈકાલથી ત્યાગ કર્યો હતો.હાલની સ્થિતિને ધ્યાને લઈને પેરોલ પર છોડવાની માંગ કરી હતી.

જેલ પ્રશાસને સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન પ્રમાણે ઉપર સુધી રજૂઆત કરી હતી.જો કે જિલ્લા પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓની સમજાવટ છતાં ૩૦૦થી વધારે કેદીઓ ભૂખ હડતાલ પર ઉતરી ગયા હતા.

હેલ્મેટ, સીટ બેલ્ટ તેમજ કાગળો સાથે નહીં હોય તો દંડ થશે

લોકડાઉનમાં બહાર નીકળેલા લોકો સામે ટ્રાફિક નિયમના ભંગનો પણ દંડ લેવામાં આવશે

અમદાવાદ

અત્યાર સુધી આ પોલીસ કર્મચારીઓ લોકોને ઈમરજન્સી સિવાય ઘરની બહાર નહીં નીકળવા સમજ કરતા હતા. પરંતુ શનિવાર સાંજથી દરેક ચાર રસ્તા ઉપર તહેનાત પોલીસ કર્મચારીઓને જો કોઈ વાહનચાલક હેલ્મેટ કે સીટ બેલ્ટ પહેર્યા વગર, લાઈસન્સ, પીયુસી, આરસી બુક કે વીમા પોલીસ વગર નીકળે તો તેમને મેમો આપીને દંડ વસૂલ કરવાની કડક સૂચના અપાઈ છે. અત્યાર સુધી ટ્રાફિક પોલીસના કર્મચારીઓ જ વાહનચાલકો પાસેથી દંડ વસૂલ કરતા હતા. પરંતુ હવે દરેક પોલીસ સ્ટેશનના કર્મચારીઓને દંડ વસૂલ કરવા સૂચના અપાઈ છે.

લોકડાઉનના ૫ દિવસથી એટલે કે મંગળવાર થી પોલીસ કર્મચારીઓ દરેક વ્યકિતને ઘરમાં રહેવાની સૂચના આપી રહ્યા છે. તેમજ ઈમરજન્સી સિવાય માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નહીં નીકળવા સમજણ આપી રહ્યા હતા. પરંતુ શનિવારે સાંજે રસ્તા ઉપર તહેનાત દરેક પોલીસ સ્ટેશનના કર્મચારીઓને વાહન ચાલકો પાસે ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા સૂચના આપવામાં આવી છે. જેમાં હેલ્મેટ પહેર્યા વગર કે કાગળો સાથે રાખ્યા વગર નીકળતા વાહન ચાલકોને રોકીને તેમને મેમો આપીને દંડ વસુલ કરવા સૂચના અપાઈ છે. આ અંગે કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓને પૂછતા તેમણે કહ્યું હતુ કે લોકો ઘરમાં જ રહે તે માટે પોલીસને ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા અને દંડ વસુલ કરવા સૂચના આપી છે.

સોલા સિવિલના ડીનનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

અમદાવાદ

સોલા સિવિલ હોસ્પિટલના ડીનનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. હોસ્પિટલના ડીનના તબીબ પત્નીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ નીકળતા ડીન સહિત ૧૦૦ લોકોને ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા હતા.

આજે સોલા સિવિલ હોસ્પિટલના ડીનનો રિપોર્ટ નેગેટિવ આવતા રાહત હાશકારો થયો છે. આ ૧૦૦ વ્યક્તિઓમાં સોલા સિવિલ હોસ્પિટલના અને મેડિકલ કોલેજના ડોક્ટરો, અન્ય સ્ટાફ અને સગાં-સંબંધીઓનો સમાવેશ થાય છે. ડીનના પત્ની પેથોલોજીસ્ટ છે અને અત્યારે તેમને એસ.વી.પી. હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

આ કેસ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓનું કહેવું છે કે તેમને કોરાના લાગુ પડવા અંગે હાલ બે શક્યતાઓ છે. ૧૫મી માર્ચે તેમના કોઈ સગાં મુંબઈથી આવ્યા હતા અને સમગ્ર પરિવારને મળ્યા હતા.

વહીવટી તંત્રનો આભાર માન્યો

હરિદ્વારમાં ફસાયેલા ગીરસોમનાથના ૨૯ યાત્રિકો હેમખેમ વતન પરત ફર્યા

રાજકોટ

ગીર સોમનાથથી ૨૯ યાત્રિકો યાત્રા માટે હરિદ્વાર ગયા હતા. લોકડાઉનની પરિસ્થિતિને કારણે તેઓ ત્યાં જ ફસાયા હતા અને આજે પરત ફર્યા છે. પંકજ મનજીભાઈ ચૌહાણ નામના યાત્રિકે જણાવ્યું હતું કે, અમે ૨૯ વ્યક્તિ હરિદ્વાર યાત્રા કરવા ગયા હતા. લોકડાઉનને કારણે અમે ત્યાં ફસાઈ ગયા હતા. અમે ગીરસોમનાથના રહેવાસી છીએ.

ત્યાંની સરકારને અમે રજૂઆત કરી તો ત્યાંની સરકારે અમારા માટે બસની સુવિધા કરી અને અમને ગુજરાત સુધી પહોંચાડવા આવ્યા છે. રાજકોટ પહોંચ્યા બાદ પોલીસ અને મામલદાર દ્વારા અમારી જમવાની વ્યવસ્થા કરી હતી. એસટી ડિપાર્ટમેન્ટે અમને સહયોગ આપ્યો છે. અમને સહયોગ આપનાર તમામ સરકારી અધિકારીઓનો હું આભાર માનું છું.

ઓથવાડ ગ્રામ પંચાયતે જારી કરેલો પરિપત્ર માં લોકડાઉન ને કરી નાખ્યું 'ડાઉનલોડ'

ઓથવાડ

આ ટાઇટલ વાંચતાં જ પ્રિન્ટિંગ મિસ્ટેક થઈ ગઈ છે કે કેમ તેવો વિચાર આવે તે સ્વાભાવિક છે પરંતુ આ પ્રિન્ટિંગ મિસ્ટેક નહીં પણ ઓથવાડ ગ્રામ પંચાયત દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રનો અંશ છે.

વાત એમ છે કે, કોરોનાનો કેર વધતા સમગ્ર દેશમાં ૨૧ દેશનું લોકડાઉન જારી કરવામાં આવ્યું છે. જેના અનુસંધાનમાં મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલા ઓથવાડ ગામની ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોને આ લોકડાઉનનો કડક રીતે અમલ કરવાનો નિર્દેશ અપાયો છે.

એટલું જ નહીં સમગ્ર દેશમાં હાલ ૧૪ એપ્રિલ સુધીનુ લોકડાઉન જારી કરવામાં આવ્યું છે જ્યારે ઓથવાડ ગ્રામ પંચાયતે એક ડગલું આગળ જઈને ૨૧ એપ્રિલ સુધી આ લોકડાઉન જાહેર કરાયું છે. આ ઉપરાંત લોકડાઉનનો ભંગ કરનારા સામે કડક પગલા લેવાની પણ સૂચના અપાઈ છે. આ પરિપત્રમાં સરતચૂકથી લોકડાઉનને બદલે ભલે ડાઉનલોડ લખાયું હોય પણ ઓથવાડ ગ્રામ પંચાયતે કોરોના સામે લડવા માટે જે કડક સૂચના આપી છે તે પ્રશંસનીય ચોક્કસ છે.

લોકડાઉનનો ભંગ પહેલા પાનાથી ચાલુ

લાગણીશીલ થવાને બદલે દેશ પર આવી પડેલી આફતમાં સહકાર આપવાની જરૂર છે.

વડાપ્રધાન મોદીએ તેમના રાબેતા મુજબના રેડિયો પરના કાર્યક્રમ મન કી બાતમાં આજે સવારે ૧૧ વાગે દેશને સંબોધન કર્યું હતું. મન કી બાત કાર્યક્રમનો આ ૬૩મી એડીશન છે. જેમાં મોદીએ કહ્યું કે, સામાન્ય રીતે મન કી બાતમાં હું ઘણા વિષયોને લઈને આવું છું. પરંતુ આજે વિશ્વભરમાં કોરોનાના સંકટની ચર્ચા છે. એવામાં બીજી વાત કરવી તે યોગ્ય નથી. સરકારને લોકહિતમાં કેટલાક એવા નિર્ણયો લેવા પડ્યા, જેનાથી ગરીબોને મુશ્કેલી થઈ છે, એ તમામની હું માંફી માંગુ છું. હું તમારા બધાની પરિસ્થિતિ સમજુ છું, પરંતુ કોરોનાની વિરુદ્ધની લડાઈ માટે આ સિવાય કોઈ રસ્તો નથી.

કોઈને આમ કરવાનું મન થતું નથી, પરંતુ મારે તમારા પરિવારને સુરક્ષિત રાખવાનો છે. આ કારણે બીજી વખત માંફી માંગુ છું.

વડાપ્રધાને કહ્યું કે આપણે ત્યાં કહેવાય છે કે બીમારી પહેલા તેના ઉપાય કરવા જોઈએ. કોરોના વાઈરસ માણસને ખતમ કરવાની જીદ પર છે. તેથી સૌ કોઈને એકજૂટ થઈને લોકડાઉનનું પાલન કરવાનો સંકલ્પ લેવો પડશે. લોકડાઉનમાં ધૈર્ય દેખાડવાનું છે. અમુક લોકો કોરોનાની ગંભીરતાને સમજી રહ્યા નથી. પરંતુ હું કહેવા માંગીશ કે એ ગફલતમાં ન રહેતા કે દેશ બરબાદ નહીં થઈ જાય. કોરોનાની લડાઈમાં ઘણા એવા યોદ્ધા છે જે અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

કોરોના સામે લડનારાઓને ફાઈટર્સ ગણાવીને તેઓ તેમના અનુભવોની વાતો બીજાને શેર કરે એમ કહીને તેમણે કહ્યું કે, કોરોના ફાઈટર્સ સાથે વાત કરીને મને પણ પ્રેરણા મળી છે. કોરોનાથી સ્વસ્થ થયેલા રામ કુમાર નામની વ્યક્તિએ જણાવ્યું કે હું આઈટી કંપનીમાં કામ કરું છું. છેલ્લા અમુક દિવસોમાં દુબઈ ગયો હતો , ત્યાંથી પરત ગયો તો સંક્રમણની માહિતી મળી. હોસ્પિટલમાં અમુક દિવસો સુધી મને ઘણું વિચિત્ર લાગ્યું. ડોક્ટર્સ અને નર્સે મને સ્વસ્થ થવાનો ભરોસો આપ્યો. પરિવારને જ્યારે માહિતી મળી ત્યારે હું ક્વોરેન્ટાઈનમાં હતો. હવે દિવસભર અલગ રૂમમાં રહું છું. મોદીએ રામને કહ્યું કે તમે તમારા અનુભવનો ઓડિયો બનાવીને ઈન્ટરનેટ પર મૂકો જેથી લોકો પ્રેરણા લઈ શકે.

આગ્રાના ૭૩ વર્ષના વડીલ અશોકજીએ પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, મારા બે દીકરા કામથી ઈટલી ગયા હતા. જ્યારે તેઓ પરત આવ્યા તો અમુક પરેશાની થઈ। તેઓ દિલ્હીની આરએમએલ હોસ્પિટલ ગયા, ત્યાં ટેસ્ટ પોઝિટિવ આવ્યા. ત્યારબાદ આગ્રાના અન્ય ૬ લોકો સફદરજંગ હોસ્પિટલમાં પોઝિટિવ મળ્યા હતા. અમને એમ્બ્યુલન્સ દ્વારા આગ્રાથી દિલ્હી લઈ જવામાં આવ્યા. હોસ્પિટલમાં મને અને પરિવારને કોઈ સમસ્યા થઈ નહીં. ડોક્ટર્સ અને નર્સનો વ્યવહાર ખૂબ સારો છે. હોસ્પિટલ સ્ટાફના આભારી છીએ. ખુશી છે કે મારી તમારી સાથે વાત થઈ. મોદીએ તેમને કહ્યું કે, તમે આગ્રામાં લોકોને નિયમોનું પાલન કરવા માટે કહો. ભૂખ્યાઓને ભોજન કરાવો. અમે તમારી હિંમત અને સમજદારીનું સન્માન કરીએ છીએ.

વડાપ્રધાને કોરોના દર્દીઓની સેવા કરનારા કેટલાક ડોક્ટરો સાથે પણ મન કી બાતમાં વાત કરી હતી. જેમાં દિલ્હીથી ડો. નિતેશે કહ્યુંકે અમે આર્મી મોડમાં લોકોની સેવામાં લાગેલા છીએ. જે જરૂરી ચીજો છે તે તમે ઉપલબ્ધ કરાવી જ રહ્યા છે. અમે દર્દીઓને સમજાવી રહ્યા છીએ કે તમે ગભરાઓ નહીં. ૧૪-૧૫ દિવસમાં સ્વસ્થ થઈ જશો. ત્યારબાદ જ્યારે રિપોર્ટ નેગેટિવ આવશે ત્યારે તમે ઘરે જઈ શકશો. અમે ટીમને પ્રોત્સાહિત કરી રહ્યા છીએ કે દર્દીઓનો સારો ઈલાજ અને પોતાની સુરક્ષા માટે સતર્ક રહે. મોદીએ તેમને કહ્યું કે, દુનિયાનો અનુભવ દર્શાવે છે કે આ બીમારીનું સંક્રમણ અચાનક વધે છે. ભારતમાં આ સ્થિતિ ન આવે તેના માટે આપણને લગાતાર પ્રયાસ કરવાના છે.

પૂણેના એક ડોક્ટરે જણાવ્યું કે અમારી હોસ્પિટલમાં ૧૬ સંક્રમિત આવ્યા હતા જેમાંથી ૭ લોકોને અમે સ્વસ્થ કરીને ડિસ્ચાર્જ કરી ચૂક્યા છીએ. બાકી ૯ નો ઈલાજ ચાલી રહ્યો છે. રોજ તેમની તપાસ અને કાઉન્સલિંગ કરી રહ્યા છીએ. ૪-૫ દિવસમાં તેઓ પણ સ્વસ્થ થઈ જશે. જો કોઈ શંકાસ્પદમ મળે તો અમે તેને હોમ ક્વોરેન્ટાઈન કરીએ છીએ. સંક્રમણથી બચવા માટે ઘરમાં પણ વારંવાર હાથ ધોતા રહો. અમે લોકોને કહી રહ્યા છીએ કે ૧૪ દિવસ માટે ઘરમાં રહો અને ક્વોરેન્ટાઈન રહો. અમને વિશ્વાસ છે કે આ લડાઈ જીતીશું. મોદીએ કહ્યું- સાથીઓ, આપણને ડોક્ટરોની સલાહ અને તેમની વાતોને જીવનમાં ઉતારવાની છે. આચાર્ય ચરકે કહ્યું છે કે ધન અને કોઈ ખાસ કામના માટે નહીં પરંતુ દર્દીની ભાવના માટે જે કોઈ કામ કરે છે તે જ સર્વશ્રેષ્ઠ ચિકિત્સક છે.

લોકોની મદદમાં લાગેલા ડોક્ટર્સ, નર્સ અને તમારા જેવા અન્ય સાથીઓની મદદથી આપણે કોરોના વિરુદ્ધ લડાઈ લડી શકીએ છીએ. અમે આ લોકો માટે ૫૦ લાખના હેલ્થ કવરની જોગવાઈ કરી છે. બેંગલુરુના નિરંજને લખ્યું છે કે આવા લોકો ડેલી લાઈફના રિયલ હીરો છે. આજે તમારી આસપાસના કરિયાણાની દુકાન ચલાવનારા, ડ્રાઈવર્સ વિશે વિચારો જેઓ જોખમ ઉઠાવીને પણ લોકોની સેવામાં લાગ્યા છે. બેન્કિંગ કર્મચારી પણ સતત કામમાં લાગેલા છે. તમારા ઘરે ડિલીવરી પહોંચાડનાર ઈ કોમર્સના કર્મચારીઓનો પણ ધન્યવાદ કરવો જોઈએ.

કોરોના દર્દીઓની પહેલા પાનાથી ચાલુ

અત્યાર સુધી મહારાષ્ટ્રમાં છ, ગુજરાતમાં ચાર, કર્ણાટકમાં ત્રણ, મધ્ય પ્રદેશમાં બે અને દિલ્હીમાં પણ બે લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે કેરલ, તેલંગાણા, તમિલનાડૂ, બિહાર, પંજાબ, પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં એક-એક સંક્રમિતનું મોત થયું છે.

સવારે દસ વાગે લેટેસ્ટ આંકડાઓમાં સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં ૮૬૭ એક્ટિવ સંક્રમિત હતા, જ્યારે ૮૬ની સારવાર કરીને રજા આપી દેવામાં આવી છે અને એક દેશ છોડીને જતો રહ્યો છે. તે અનુસાર દેશમાં ૪૮ વિદેશી સહિત કુલ ૯૭૯ કોરોના વાયરસ સંક્રમિત છે.

ઈટલીમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

અમેરિકાની સ્થિતિ પણ દયાજનક છે. અમેરિકામાં ૧૦૪,૦૦૦ કોરોના સંક્રમિતોથી દવાખાના કોરોનાગ્રસ્ત થઈ ગયા છે. ઈટાલીની સ્થિતિ દયાજનક છે. વૃદ્ધ અને યુવાન દર્દીઓ વચ્ચે વેન્ટીલેટર કોને ફાળવવું તેની પસંદગી કરવી પડી રહી છે.

શુક્રવારે પણ ઈટાલીમાં ૧,૦૦૦ મોત થયા હતા. સમાચાર સંસ્થા AFPના મતે વિશ્વમાં કોરોના વાયરસના કારણે ૨૬૦૦૦ મોત થઈ ગયા છે અને સંખ્યા કીડી મકોડાની જેમ વધી રહી છે.

દિલ્હીમાં ૫૦ હજારથી વધુની ભીડે લોકડાઉનની ધજ્જીયા ઉડાવી દીધી!

કોરોના મહામારીમાંથી લોકોને બચાવવા મોદી સરકારે સળંગ ૨૧ દિવસનો રાષ્ટ્ર વ્યાપી દુનિયાનો સૌથી મોટો લોકડાઉન શરૂ કરીને બીજા દેશો માટે પ્રેરકરૂપ પગલા લઇ રહ્યાં છે ત્યારે લોકડાઉનના ચોથા દિવસે આજે દિલ્હીમાં જ આનંદવિહાર બસ અડ્ડા ખાતે અંદાજે ૧૫થી ૨૦ લોકોની ભીડ પોતાના વતન યુપી-બિહાર જવા માટે એકત્ર થતાં સોશ્યલ ડીસ્ટીંગની સાથે સમગ્ર લોકડાઉનની પથારી ફરી ગઇ છે. પોલીસ અને અન્ય વહીવટીતંત્ર ઓ લોકોને સમજાવવામાં નિષ્ફળ ગયા છે અને આ લખાય છે ત્યારે રાતના ૯.૩૦ કલાકે પણ હજારો લોકોની ભીડ છે. એક ટીવી ચેનલે એવો દાવો કર્યો કે કોઇએ રાજકારણ રમીને દિલ્હીમાં આ લોકોમાં અફવા ફેલાવી કે તેમને વતન મોકલવા માટે આનંદવિહાર ખાતે બસોની વ્યવસ્થા છે....! અને તેના કારણે લોકોની ભીડ ટલી વધી કે જાણે કુંભના મેળામાં જે ભીડ જોવા મળે તેવા દ્રશ્યો સર્જાયા હતા. અને લોકડાઉનનનો જાણે કો કોઇ અર્થ જ રહ્યો નહોતો. પોલીસ કેટલાને પકડીને લોકઅપમાં મૂકે એવા સવાલો પણ થઇ રહ્યાં હતા. કેમ કે ૧૫થી ૨૦ હજાર લોકો એક જ સ્થળે એકત્ર થઇ ગયા હતા.

કોરોના વાઇરસને પગલે દેશભરમાં ૨૧ દિવસના લોકડાઉનને આજે શનિવારે ચોથો દિવસ છે. પણ દેશની રાજધાનીમાં રહેતા લોકો સામે હવે રોજી કરતા રોટીનું સંકટ ઉભુ થયું છે. આ કારણથી શનિવારે ગાઝીયાબાદમાં યુપી ગેટ બોર્ડર પર ઉત્તર પ્રદેશ પરત જનાર લોકોની મોટી ભીડ એકત્રિત થઈ ગઈ હતી. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસના ગોઠવવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ સરકાર સક્રિય છે અને તેમણે કેટલીક બસોની વ્યવસ્થા કરી લોકોને રવાના કરી હતી. આ અંગેના સમાચાર વાયુવેગે ફેલાતા આજે શનિવારે સાંજે દિલ્હીના આનંદ વિહાર બસ ટર્મિનલ પર પોતાના વતન ઘરે પરત જવાની વ્યવસ્થાની આશા સાથે હજારોની સંખ્યામાં ભીડ એકત્રિત થવા લાગી હતી. જોતજોતામાં હજારોની સંખ્યામાં લોકો પોતાના પરિવાર અને બિસ્તરા સાથે એકત્ર થઇ ગયા હતા.બસ ટર્મિનલની બહાર લોકો બસોની રાહ જોતા ઉભા દેખાતા હતા.બીજી બાજુ પોલીસ પણ સતત અપીલ કરતી રહી કે એક બીજાથી અંતર બનાવીને રાખો અને ધીમે ધીમે આગળ વધો. પણ તેમની અપીલની ખાસ અસર જોવા મળી ન હતી. અને મોડી રાત્રે તો સ્થિતિ કાબુ બહાર જતી જણાતી હતી.

સરકારો લોકોને એક બીજાથી દૂર રાખવા વારંવાર અપીલો કરી રહી છે. ભારત કોરોના મહામારીના ખતરનાક ત્રીજા તબક્કામાં છે. કરિયાણાની દુકાનની બહાર કુંડાળા કરીને ગ્રાહકોને એકબીજાથી અંતર રાખીને ઉભા રાખતી તસ્વીરો પણ જોવા મળી છે. પરંતુ આજે દિલ્હીમાં જે હજારોની ભીડ એક ત્ર થઇ તેમાંતી કોઇ કોરોનાનો ચેપી રોગ વાહક હશે તો હજારોની સંખ્યામાં કોરોનાનો રોગ ફેલાઇ ગયો હશે યા ફેલાઇ રહ્યો હશે.

સૂત્રોએ કહ્યું કે જાણે કે કંભના મેળામાં જે રીતે લોકોની ભીડ એકત્ર થાય છે વી ભીડ એક જ સ્થળે કલાકો સુધી અને કેટલાય લોકોએ એકબીજાને સ્પર્શ કર્યો હશે, નજીક આવ્યાં હશે. અને તેમાંથી કોણ કોરોનાના લક્ષણો ધરાવે છે તેની પણ કોઇને ખબર નથી. રિપબ્લિક ભારત નામની ટીવી ચેનલે દાવો કર્યો હતો કે કોઇએ સરકારના લોકડાઉનના પ્રયાસોને નિષ્ફળ બનાવવા દિલ્હીમાં અફવા ફેલાવીને બીજા રાજ્યોમાં રહેતા મજૂર વર્ગના લોકોને આનંદવિહાર બસ અડ્ડા પર મોકલવાની ચાલ રમી છે. ચેનલે એવો પણ દાવો કર્યો કે આ રાજકીય રમત કોણે કરી છે તે પરિબળોને તેઓ જાણે છે અને એ પરિબળોને ખુલ્લા પાડવાની જાહેરાત પણ ચેનલ દ્વારા કરાયો હતો.

પોલીસ એકલદોકલ લોકોને પકડીને તેમને ડંડા મારે છે. પણ દિલ્હીમાં લોકોએ ભીડનું સ્વરૂપ લઇ લીધુ ત્યારે પોલીસના હાથ પણ હેઠા પડી ગયા હતા. અને તેઓ પણ લાચાર બનીને જોઇ રહ્યાં હતા. પોતીની રોજીને છોડીને તેઓ પોતાના ઘરે જેમ બને તેમ વહેલી તકે પહોંચવા માંગતા હોય તેમ એકબીજાનું સાંભળીને આનંદવિહાર પહોંચી રહ્યાં હતા. લોકડાઉનના કડક અમલના સરકારના તમામ પ્રયાસો ચકનાચૂર થઇ ગયા હતા. દિલ્હ-યુપીની બોર્ડર પર હજોરોની ભીડના ટોળાથી યોગી સરકારની પણ ઉંઘ હરામ થઇ ગઇ હતી. અને તેમણે તાકીદની બેઠક યોજીને હજારો લોકોને યુપીમાં પ્રવેશશ આપવો કે કેમ તેની ચર્ચા કરી રહ્યાં હતા. આ બજારોની ભીડ પોતાના ગામડે જઇને તેમાંથી જો કોઇ ચેપી રોગવાળો હશે તો શું સ્થિતિ સર્જાળે તેની તો કલ્પના જ કરવી રહી....!



લોકડાઉનને લીધે હિમાચલ પ્રદેશમાં આ લોકો બરફથી છવાયેલા રસ્તા પર ચાલવાની ફરજ પડી હતી.

લોકડાઉનઃ જાહેરનામાનો ભંગ કરનાર ૧૩૦થી વધુ લોકોની ધરપકડ

અમદાવાદ

કોરોના વાઇરસના કેસોમાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી વધુ કેસો અમદાવાદમાં નોંધાયા છે. લોકડાઉન છતાં લોકો ઘરની બહાર ભેગા મળે છે. અમદાવાદમાં તો સોસાયટીના લોકો ભેગા થઈને ગેટ ટુ ગેધર કરતા પણ પોલીસના ધ્યાને આવ્યા છે. અને યુવાનીયા ઓ ખાસ રમતો રમવા ભેગા થતા પોલીસ તે લોકોને બક્ષતિ નથી અને કાર્યવાહી કરી રહી છે. પોલીસે શનિવારે શહેરના જુદા જુદા સ્થળોએથી જાહેરનામાનો ભંગ કરનાર ૧૩૦થી વધુ લોકોની ધરપકડ કરી છે.

લોકડાઉનને લઈને પોલીસે હવે કડક કાર્યવાહી કરી રહી છે. પોલીસે હવે ક્રિકેટ રમતા લોકો સામે પણ ગુનો નોંધ્યો છે. રન્નાપાર્ક સોસાયટીમાં ભેગા મળી ક્રિકેટ રમતા ૭ લોકો સામે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. આમ લૉકડાઉનને ગંભીરતાથી ન લેનારા લોકોને પોલીસે ચેતવણી લીધી છે કે સોસાયટીમાં પણ એકઠાં થશો તો પોલીસ કાર્યવાહી કરશે. રાજ્યમાં કોરોનાના કેસ વધી રહ્યા છે તેવામાં સંક્રમણને અટકાવવા માટે સરકારે પોલીસને કડક થઈ લોકોને એકઠાં થતા અટકાવવા આદેશ કર્યો છે.

ઉપરાંત અમદાવાદના વિવિધ પોલીસ સ્ટેશનમાં જાહેરનામાં ભંગના ૪૦થી વધુ ગુના નોંધાયા છે અને ૧૩૦થી વધુ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

અમદાવાદના સાબરમતી, રાણીપ, નિકોલ, રામોલ, ગોમતીપુર, રખિયાલ, ઇસનપુર, પાલડી, સેટેલાઇટ, સરખેજ સહિતના કેટલાક વિસ્તારોમાં પણ ટોળા કરીને ઉભેલા લોકો સામે કાર્યવાહી કરી છે.

લોકડાઉનઃ પોલીસનો એક્શન પ્લાન, સોસાયટીને જરૂર મુજબ પાસ ફાળવ્યા

અમદાવાદ

શહેરમાં લોકો લોકડાઉન વચ્ચે પણ બહાર નીકળી રહ્યા છે. પોલીસે સોસાયટીના લોકો બહાર ન નીકળે તે માટે ચેરમેન અને સેક્રેટરી સાથે મિટિંગ કરી હતી. પણ રહીશો ચેરમેન કે સેક્રેટરીનું ન માનતા આખરે પોલીસે નવો કીમિયો અપનાવ્યો છે. પોલીસે સોસાયટીને જરૂર મુજબ પાસ ફાળવી દીધા છે. કોઈને કોઈ પણ વસ્તુ લેવા જવી હોય તો નક્કી કરેલા બે લોકો જ આ પાસ સાથે બહાર નીકળે તેવું આયોજન કર્યું છે. અને જો આ પાસ વગર કોઈ નીકળે તો પોલીસને જાણ કરાતા પોલીસ તે લોકો સામે કાર્યવાહી કરશે. મોનીટરીંગ પાસ ઈસ્યુ કરાતા જ હવે લોકો પોલીસને બહાના નહિ બતાવી શકે.

તસ્વીરમાં દેખાતા આ ટોકન પાસ પોલીસ તરફથી અપાઈ રહ્યા છે. લોકો બહાના કરીને બહાર નીકળતા હોવાથી નારણપુરા પોલીસને સોસાયટીના સેક્રેટરી અને ચેરમેન રજૂઆત કરવા આવ્યા હતા. પોલીસ ચોપડે નામ ન ચઢે અને કેવી રીતે લોકો લોકડાઉનનું પાલન કરે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે નારણપુરા પોલીસે અલગ જ એક તરકીબ અપનાવી અને સોસાયટીના લોકોને એક પાસ ઈસ્યુ કરી આપ્યા છે. ૨૦ મકાન એક સોસાયટી કે ફ્લેટમાં હોય તો એક પાસ, ૨૫થી ૫૦ મકાન હોય તો બે પાસ અને તેનાથી વધુ મકાન હોય તો ત્રણ ચાર પાસ પીઆઈની સહી અને પોલીસસ્ટેશનના સિક્કા મારીને આપવામાં આવ્યા છે.

નારણપુરા પોલીસસ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જે આર પટેલ એ જણાવ્યું કે થોડા દિવસોથી લોકડાઉન જાહેર કરાયું પણ અનેક સોસાયટીમાં ચેરમેન સેક્રેટરી લોકોને બહાર ન જવા કહે તો લોકો ઘર્ષણ કરતા અને જેથી નારણપુરા વિસ્તારની સોસાયટીના ચેરમેન સેક્રેટરીઓ પોલીસને મળ્યા હતા. લોકોની સાથે ચર્ચા કર્યા બાદ પોલીસે આ ટોકન પાસ સિસ્ટમ અપનાવી છે. લોકોમાં કોનટામીનેશન અટકે લોકો એકબીજાથી દૂર રહે તેવા સૂચનોની અમલવારી થાય તે હેતુથી આ સિસ્ટમ ઉભી કરાઈ છે.

લોકડાઉન એટલે શું? તેની સાથે જોડાયેલા સવાલોના આ રહ્યા જવાબ

કોરોના વાયરસના ફેલાતા સંક્રમણને કારણે સરકારે સમગ્ર દેશમાં લોકડાઉન કર્યું છે. જ્યારે પણ લોકડાઉન લાદવામાં આવે છે ત્યારે સામાન્ય લોકો પર અનેક પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવે છે. ઘરની બહાર નીકળવાની પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં, તે મહત્વપૂર્ણ છે કે આ સમય દરમિયાન, તમે શું કરી શકો અને શું નહીં.

લોકડાઉન એ ઇમરજન્સી સિસ્ટમ છે, જેનો ઉપયોગ ચોક્કસ વિસ્તારના લોકોને રોકવા માટે કરવામાં આવે છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ લોકોને મોટી દુર્ઘટનાઓથી બચાવવા માટે કરવામાં આવે છે. આ વિશ્વના ઘણા દેશોમાં થઈ રહ્યું છે. સંપૂર્ણ લોકડાઉનનો અર્થ એ છે કે જ્યાં સુધી કોઈ યોગ્ય કારણ ન હોય અથવા ત્યાં કોઈ મેડિકલ ઇમરજન્સીની જરૂરિયાત ના હોય ત્યાં સુધી લોકો તેમના ઘરની બહાર બિલકુલ બહાર નીકળી શકતા નથી.

સામાન્ય લોકોએ આમાં શું કરવું જોઈએ?

લોકડાઉનમાં સરકાર ઇચ્છે છે કે લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ ન આવે. સરકારની વ્યવસ્થા પર લોકો અમલ કરે. કારણ કે આ લોકડાઉન કોરોના વાયરસના ચેપને રોકવા માટે જાહેર કરવામાં આવ્યું છે. તેથી સરકાર નથી ઈચ્છતી કે ક્યાંય પણ લોકોના એકઠા થાય અને બહાર નીકળવા પર તમે સંક્રમણનો શિકાર બનો. સરકાર દ્વારા તમને સુરક્ષિત રાખવા માટે કામ કરવામાં આવે છે. તેના પર અમલ કરવો જરૂરી છે. જો કે તમારે કોઈ ગંભીર દર્દી અથવા



સગર્ભા સ્ત્રીને હોસ્પિટલમાં લઈ જવી હોય, તો પછી તમે ચોક્કસપણે ઘર છોડી શકો છો.

શું લોકડાઉનમાં શાકભાજી, દૂધ અને જરૂરી દુકાનો ખુલશે?

દૂધ, શાકભાજી, કરિયાણા અને દવાઓની દુકાનો લોકડાઉનની બહાર હોય છે. પરંતુ આ દુકાનોમાં બિનજરૂરી રીતે ભીડ થવાનું ટાળવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

શું લોકડાઉનમાં એટીએમ અને પેટ્રોલ પમ્પ ખુલે છે?

રાજ્ય સરકારે પેટ્રોલ પમ્પ અને એટીએમ આવશ્યક સેવાઓની કેટેગરીમાં મૂક્યા છે. સરકાર જરૂરિયાત મુજબ પેટ્રોલ પમ્પ અને એટીએમ ખોલી શકે છે. આ જવાબદારી સ્થાનિક વહીવટ પર વધુ આધારિત છે. જો સ્થાનિક વહીવટ ઈચ્છે તો તે પેટ્રોલ પંપ ચલાવી શકે છે અથવા બંધ પણ કરી શકે છે.

શું લોકડાઉનમાં ખાનગી વાહનો ચલાવી શકાય છે?

કોઈપણ જિલ્લો લોકડાઉન પછી ખાનગી વાહનોનો ઉપયોગ કરી શકાય છે પરંતુ શરત માત્ર એટલી જ છે કે તે લોકોને મુશ્કેલી ન પહોંચાડે, પરંતુ સરકારે તેના લોકડાઉનમાં ખાનગી વાહનોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે.

શું તમે કામ માટે તમારા મેડ્સને બોલાવી શકો છો?

ના, લોકડાઉન કરવાનો નિર્ણય ફક્ત એટલા જ લેવામાં આવ્યો છે જેથી સામાજિક અંતર થઈ શકે. દેશની મોટાભાગની સોસાયટીઓમાં ૧૪ એપ્રિલ સુધી મેડ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો તમે કોઈ સોસાયટીમાં નથી રહેતા અને તમારા ઘરે મેડ આવે છે, તો તે વધુ સારું છે કે તમે તેને આવવા માટે ઈનકાર કરો. આ વેકેશનના આ દિવસો માટે તેનો પગાર કાપશો નહીં. પીએમ મોદીની અપીલને યાદ કરવી.

ડ્રાઈવરને બોલાવી શકશે કે નહીં?

મેડ્સ સાથેનો નિયમ તમારા વ્યક્તિગત ડ્રાઈવરને પણ લાગુ થશે. જો કે લોકડાઉન દરમિયાન ગમે ત્યાંથી બહાર નીકળવાની મનાઈ છે, પરંતુ જો તમારે કટોકટીમાં બહાર નીકળવું હોય તો કાર જાતે ચલાવો.

શું અખબાર અને દૂધની ડિલિવરી ચાલુ રહેશે?

અખબાર અને દૂધની ડિલિવરી ચાલુ રહેશે. શક્ય છે કે જો તમારી સોસાયટીમાં દૂધ અને અખબારોની ડિલિવરી લેવાની મંજૂરી ન હોય તો તમારે ગેટ પર લેવા માટે જવું પડે.

શું હું દોડવા અથવા ફરવા માટે જઈ શકું છું?

સરકારી આદેશ મુજબ જીમમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગાર્ડનમાં પણ લોકડાઉનને કારણે જઈ શકાતું નથી. હા, જો કોઈ ભીડ ન હોય તેવા સમયે તમે તમારા સોસાયટી પરિસરની અંદર ચાલી અથવા ચલાવી શકો છો. જો કે, આ સમય દરમિયાન તમારા ઘરની અંદર અથવા ટેરેસ પર કસરત કરવાનું વધુ સારું છે. ધ્યાનમાં રાખો કે આ સમયે સામાજિક અંતર ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમે કારણ વગર ઘરની બહાર જઈ શકતા નથી.

તમે હોસ્પિટલમાં જઈ શકો છો?

હા, બિલકુલ. જો તમને અથવા તમારા પરિવારના કોઈને લોકડાઉન દરમિયાન કોઈ સમસ્યા હોય તો તમે હોસ્પિટલમાં જઈ શકો છો. તેમાં તમે ધ્યાન રાખો કે જો તમને કોઈ હળવી સમસ્યા હોય, તો તમે ફોન દ્વારા કોઈ પરિચિત ડોક્ટરનો સંપર્ક પણ કરી શકો છો. સમસ્યા હોય તો જ ઘરની બહાર નીકળો.

શું હું નજીકના લોકો સાથે પાર્ટી કરી શકું છું જેમને કોરોના લક્ષણો નથી

ના. લોકડાઉન તમને કંઈપણ મનોરંજન કરવાની મંજૂરી આપતું નથી. તમે જેમને ઓળખો છો તેની સાથે પણ પાર્ટી કરી શકતા નથી. કોરોના સંક્રમણની સૌથી મોટી સમસ્યા એ છે કે તેના લક્ષણો થોડા દિવસો પછી મળી આવે છે. આવી સ્થિતિમાં, જો તમે કોઈની સાથે પાર્ટી કરો છો અને પછીથી તે કોરોના દર્દી બહાર આવે છે, તો તમે પણ મુશ્કેલીમાં મુકાઈ શકો છો. આવી સ્થિતિમાં સરકાર તમારી વિરુદ્ધ કાર્યવાહી પણ કરી શકે છે. યાદ રાખો કે કોઈપણ પ્રકારની ભિક એકત્રિત કરવા પર પ્રસશાન તમારી સામે કાર્યવાહી કરી શકે છે.

કોઈ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી શકાય?

ના, લોકડાઉન દરમિયાન તમે કોઈ ધાર્મિક કાર્યક્રમ ગોઠવી શકતા નથી કે જેમાં ભીડ એકઠા થાય. દેશના ઘણા રાજ્યોમાં તમામ ધાર્મિક સ્થળો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભીડને ટાળવા માટે આ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં જો તમારે પૂજા કરવી કે ધ્યાન કરવું હોય તો ઘરે એકલા જ કરો, કોઈપણ આયોજનને મોકૂફ કરો.

પ્રેમિકાના પરિવારે સમાધાન માટે બોલાવી બે ભાઈઓને માર મારતાં એકનું મોત

ગીર સોમનાથ

એક તરફ કાતિલ કોરોનાના કહેર વચ્ચે સજજડ બંધથી સર્વત્ર સન્નાટો છવાયો છે. ત્યારે ગીર સોમનાથના કુકરાશ ગામે પ્રેમ પ્રકરણના મનદુઃખ સંદર્ભે પ્રેમીકાના પરીવારજનોએ પ્રેમી યુવક અને તેના ભાઈને સમાધાન માટે બોલાવી ઢોર માર માર્યો હતો. જેમાં પ્રેમી યુવકનું મોત નીપજયું છે. જયારે તેના ભાઈને ગંભીર ઈજાઓ સાથે સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલ ખાતે ખસેડાયો છે.

પોલીસની માહિતી મુજબ વેરાવળના કુકરાશ ગામે રહેતા જગમાલ પુનાભાઈ બામણીયાની પુત્રી પાયલના લગ્ન તાલુકાના ડારી ગામના યુવક સાથે એક વર્ષ પૂર્વે થયા હતા. પરંતુ પાયલને કુકરાશ ગામના જ જીગર રાણા સોલંકી સાથે લાંબા સમયથી પ્રેમ સંબંધ હોવાથી તેણે થોડા સમય પૂર્વે તેના પતિ પાસેથી છુટાછેડા લઇ લીધા હતા. ત્યાર બાદ એક માસ પૂર્વે પાયલે તેના પ્રેમી જીગર રાણા સોલંકી સાથે મૈત્રી કરાર કરી બંને કુકરાશ ગામે સાથે રહેતા હતા.

યુવાન દીકરાના મોતથી દુઃખી જીગરની માતાએ જણાવ્યું કે આ પ્રેમસંબંધના મનદુઃખને લઇ અને કાયમના કંકાસમાંથી છુટકારો મેળવવા પાયલના પરિવાર દ્વારા તેમના મોટા દીકરા પ્રકાશને પચાસ હજાર આપવા અને સમાધાન કરી લેવા માટે તા.૨૭ના રોજ કુકરાશ ગામે સીમ વિસ્તારમાં આવેલ માઇન્સરની જગ્યાએ બોલાવેલ હતો. જયાં પાયલના પિતા, માતા અને મોટા બાપુજીએ પચાસ હજાર લઇ લીધા બાદ પ્રકાશ પાસે જીગરને બોલાવ્યો અને ત્યાર બાદ બંન્ને ભાઈઓની આંખ માંમરચાની ભૂકી છાંટી ઘાતક હથિયાર વડે તૂટી પડયા હતા અને મોતને ઘાટ ઉતારી દીધા. મૃતકની માતા અને પ્રેમિકા પાયલ બંન્ને આ ઘટનાથી સ્તબ્ધ બની ગઈ અને પોલીસને આરોપીઓને કડક સજાની માંગ કરી રહી છે.

રાજપીપળા કસ્બાવાડની એક મસ્જિદમાં સમૂહમાં નમાઝ પઢતા ૩૪ સામે જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ

● કોરોના વાઈરસને લઈને દેશમાં લોકડાઉન છે સાથે જિલ્લામાં ૧૪૪ ની કલમ લાગુ હોવા છતાં ૪૦૬૬૦ ના રૂમ માં ૩૪ લોકો એકઠા થઈ નમાઝ પઢતા હતા.

● પોલીસે ડ્રોન કેમેરો ઉડાવતા મસ્જિદમાં જતા લોકો જણાતા તાપસ કરતા આ બાબત સામે આવી





(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

કોરોના વાઈરસને લઈ હાલ આખા વિશ્વમાં હાહાકાર મચી ગયો છે.દેશમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન છે અને જિલ્લામાં ૧૪૪ ની કલમ લગાવી દેવામાં આવી છે એટલે ૪ વ્યક્તિ થી વધારે ભેગા ન થવું, એક મીટરનું સોસીયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે જેથી લોકો એકબીજાના સંક્રમણમાં ના આવે એટલે મંદિર મસ્જિદ,ગુરુદ્વારા સહીત તમામ ધાર્મિક અને જાહેર માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે.

નર્મદા પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના થી બહાર ફરતા કે એકઠા થતા લોકો પર વોચ રાખવા ડ્રોન કેમેરા થી તપાસ કરવામાં આવી રહી હતી.જેમાં રાજપીપળા ટાઉન વિસ્તારમાં આવેલ કસ્બાવાડમાં આવેલ મદ્રસાયે ગૌસિયા ફૈઝાનેરઝા માં કેલાક લોકો મસ્જિદમાં જતા ડ્રોન કેમેરામાં જણાતા પોલીસે તપાસ કરી ત્યારે મુસ્લિમ સમાજના લોકો એક રૂમમાં નમાજ પઢતા હતા.આ ધાર્મિક કાર્ય હતું પરંતુ હાલની સ્થિતિમાં કોરોનાના સંક્રમણને અટકાવવા ભેગા થવું ગુનો બને છે એટલે નર્મદા ન્ઝ્મ પીઆઇ એ.એમ. પટેલ, પી.એસ.આઇ સી.એમ ગામીત સહીત પોલીસ સ્ટાફે ૩૪ જેટલા મુસ્લિમ લોકો અને મૌલાના વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કોની કોની સામે ગુનો નોંધાયો

(૧)સુભાનીમીયા કાલુમીયા સૈયદ (૨) અદાકતાલી સબબીરહુસૈન સૌમરા (૩) તાહીર નિઝમત મહમદ (૪)યુનુસભાઇ અમીરભાઇ કુરેશી (૫)મકબુલ અલ્લારખા ખીમર(૬) ઈકબાલભાઈ અહેમદભાઈ નકુમ (૭)હનિભાઈ નુરભાઈ મયુરી (૮) ફીરોજખાને ગુલામ હુસૈન સીમર(૯) ઝુબેર ઇદ્યુબખાન પઠાણ (૧૦) સદ્દામ હુસેન ઝાકીર હુસૈન શેખ(૧૧)તૌસીફ પરમાર (ગરાસીયા)(૧૨) મુસ્તાક ઇબ્રાહિમ મલેક(૧૩)દિલાવર અહેમદભાઇ સાહી (૧૪) ફીરોજ સરદારખાન સોલંકી(૧૫)યુસિફ ભાઈ ગુલામનબી રાઠૌડ(૧૬) ઈબ્દઈમ અહમદભાઈ રાઠૌડ (૧૭) મહોમદ સાજીદ ઇસ્માઇલભાઈ (૧૮) અહમદભાઈ કુરેશી(૧૯) મોહિનખાન સબ્બીરભાઈ સોલંકી (૨૦)ફારૂકભાઇ અયુબ ભાઇ અજમેરી (૨૧) ઈતિયાઝભાઈ ગનીભાઈ મન્સુરી (૨૨) જુનેદભાઇ અશ્વુભભાઈ પઠાણ (૨૩) મહેબુબભાઈ મહોમદભાઈ ગરાસીયા (૨૪)અલતાફહુસૈન સલીમભાઇ કુરેશી (૨૫) જાહિદહુસેન ઉસ્માનભાઈ શોખ (૨૬) ઈરફાનખાન પઠાણ(૨૭) મુસ્તાકકીંગ ગુલાબ ખલીફા (૨૯)સાજીદ ઇબ્રાહિમ ભટ્ટી (૨૯)અસ્લમ સબીર શોખ (૩૦) મૌહિબ હસન ભાઈ મન્સુરી (૩૧) જલભાઈ શાકભાઇ અજમેર (૩૨) અનવર અહેમદ રાઠૌડ (૩૩) નિઝામ દિલાવર રાઠોડ (૩૪) અપ્પુભાઇ અનવરભાઇ પઠાણ મળી ૩૪ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.



લોકડાઉનઃ સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો રસ્તો ઝઘડિયા પાસે પોલીસે બ્લોક કર્યો

ભરૂચ

લોકડાઉનના ચોથા દિવસે ભરૂચ શહેર અને જિલ્લામાં પોલીસે જાહેરનામાની કડક અમલવારી માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સવારના સમયે લોકોની ચહેલપહેલ જોવા મળી હતી. જોકે નેશનલ હાઈવે નંબર ૪૮ પર સુરત તરફથી આવતાં લોકો સામે કડક કાર્યવાહી કરાઈ હતી. ભરૂચ સહિત અંકલેશ્વર, રાજપીપળા સહિતના વિસ્તારોમાં પોલીસે અનેક રસ્તાઓ બંધ કરી દિધા હતા. સ્ટેચ્યૂ ઓફ યુનિટી તરફ જતો માર્ગ મુલદ ચોકડીથી બંધ કર્યા બાદ ઝઘડિયા પાસે પણ પોલીસે રસ્તો બ્લોક કરી દીધો હતો અને આ રસ્તા ઉપરથી પસાર થતા લોકોને અટકાવી પોલીસે તેમને ઘર તરફ પરત મોકલ્યા હતા. પોલીસે સરદારબ્રીજ સહિત હાઈવે પર જે હિજરત કરતાં લોકો અટવાયેલાં હતાં તેમના માટે વાહનની વ્યવસ્થા કરવા સાથે સેવાભાવી સંસ્થાઓએ ફૂડ પેકેટનું પણ વિતરણ કર્યું હતું.બીમાર લોકોને સારવારની વ્યવસ્થા કરી હતી.

બે દિવસમાં ૯ શંકાસ્પદ દર્દી નોંધાયા, ૬ વ્યક્તિનો રિપોર્ટ પેન્ડિંગ

સુરતમાં યુકેથી આવેલ યુવતીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતાં હાશકારો

સુરત

સુરત અને ગુજરાત માટે એક સારા સમાચાર આવ્યા છે. સુરતમાં UKથી આવેલી યુવતીનો કોરોનાનો રિપોર્ટ સારવાર બાદ નેગેટિવ આવ્યો છે. રિકવરી દેખાતા બીજો રિપોર્ટ ૨૪ કલાક બાદ કરાશે. ત્યારબાદ યોગ્ય લાગશે તો રજા પણ આપી દેવાશે એવું પાલિકાના આરોગ્ય અધિકારી આશિષ નાયકે જણાવ્યું હતું. સમગ્ર વિશ્વમાં કહેર વર્તાવી રહેલા કોરોના વાઈરસના બે દિવસમાં વધુ ૯ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા હતા. શંકાસ્પદ દર્દીઓમાંથી બે દિવસ પહેલાના બે અને ગત રોજના એક મળી કુલ ૩નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જ્યારે ૬ વ્યક્તિનો રિપોર્ટ હાલ પેન્ડિંગ છે.

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોનાના વધુ ૭ શંકાસ્પદ દર્દીઓ શનિવારે સામે આવ્યા છે. સામે આવેલા તમામ ૭ શંકાસ્પદ કોઈ પણ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા ન હોવાનું પણ સામે આવ્યું છે. જેમાં પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય મહિલા, મોટા વરાછા વિસ્તારમાં રહેતી ૮૦ વર્ષીય વૃદ્ધા, પિપલોદ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષીય કિશોરી, કતારગામ વિસ્તારમાં રહેતી ૭૦ વર્ષીય વૃદ્ધા, પિપલોદ વિસ્તારમાં રહેતી ૫૦ વર્ષીય મહિલા, અડાજણ વિસ્તારમાં રહેતી ૮૦ વર્ષીય મહિલા અને વેસુ વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીને શંકાસ્પદ લક્ષણો જણાતા અલગ અલગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. જ્યાં તેમના લક્ષણો શંકાસ્પદ જણાતા તેઓના સેમ્પલ લઈ રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા.

વલસાડ જિલ્લામાં કોરોના વાયરસ નિયંત્રણ માટેની ઘનિષ્ઠ કામગીરી

વલસાડ

વલસાડ જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના ફેલાવા અટકાવવાના થઈ રહેલા પ્રયાસોના સંદર્ભે હાથ ધરાયેલી કામગીરી પૈકી લોકોને હાલાકી ન પડે તે માટે ઘનિષ્ઠ પગલાં લેવામાં આવ્યા છે. ૨૧૫૨૬ ઘરવિહોણા લોકોને વિનામૂલ્યે ફૂડ પેકેટસનું વિતરણ, ૮૦૦ કિ.ગ્રા. ટામેટા અને ૭૪૭૬ કરિયાણા કીટનું સ્લમ વિસ્તારમાં વિતરણ જ્યારે ૧૪ હજાર શહેરીજનોને વેજીટેબલ ઓન વ્હીકલ્સ હેઠળ ઘરઆંગણે શાકભાજી અને ફળફળાદિનું તેમજ ૫૩૯૩૪૬ લીટર દૂધનું વેચાણ કરાયું હતું. વલસાડ શહેરમાં ફ્યુમિગેશનની કામગીરી માટે ૫૫ વાહનોના ઉપયોગ થકી ૩૨૦ કિ.મી. વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. વલસાડ જિલ્લામાં કુલ ૧૦૫૭ વ્યક્તિઓને ૧૪ દિવસના હોમ કવોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હતા. જે પૈકી આજના દિન સુધીમાં ૭૨૮ વ્યક્તિઓની ૧૪ દિવસની કવોરોન્ટાઈન પૂર્ણ થઈ છે અને હાલ ૩૨૮ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈલ અને ૪ વ્યક્તિઓ સરકારના આઈસોલેશન વોર્ડમાં કવોરોન્ટાઈલ હેઠળ છે. આજદિન સુધી જિલ્લામાં એકપણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.

કોરોનાના વાયરસના ઝડપી સંક્રમણને અટકાવવા લોકડાઉન તેમજ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરતી ભરુચ શહેર સી ડીવીઝન પોલીસ

ભરુચ

પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા, વડોદરા વિભાગ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલા દ્વારા હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જે સંબંધે તકેદારીના ભાગરૂપે નોવેલ કોરોના વાયરસના વધતા સંક્રમણને અટકાવવા માટે વડાપ્રધાન દ્વારા તા. ૧૫-૪-૨૦૨૦ સુધી ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરેલ હોય મહે. ભરુચ જિલ્લા કલેક્ટર સાહેબ તરફથી તકેદારીના ભાગરુપે જાહેર જગ્યા તથા ખાનગી સ્થળોએ પબ્લિકને પોતાના ઘરમાં રહે અને અગત્યના કામ સિવાય કોઈ બહાર નહી નીકળે અને જો કોઈ બિના જરૂરી બહાર નીકળશે તેમડ કોઈ જીવન જરૂરિયાત સિવાયના કોઈ વ્યવસાય ધરાવતી વ્યક્તિ પોતાનો વ્યવસાય ચાલુ રાખી ભીડ એકઠી કરશે તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સંબંધે જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ હોય અને ચુસ્તપણે તેનું પાલન કરાવવા હુકમ થયેલ હોય જે અન્વયે કાયદેસરની કાર્યવાહી સંબંધે જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ હોય અને ચુસ્તપણે તેનું પાલન કરાવવા ભરુચ શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કારણ વગર ઘરની બહાર નીકળતા હોય જેથી (૧) પરમેશ્વર રવિન્દ્રનાથ ગાયકવાડ, ઉ. વ. ૨૭, રહે. ૧૧૧, સાંઈવાડી સોસાયટી, નિઝામવાદી પાસે, ઝાડેશ્વર, ભરુચ, (૨) પ્રદિપભાઈ રસિકભાઈ ગજજર ઉ. વ. ૪૭, રહે. દુકાન નં. ૧૦, હરિકૃષ્ણ રેસી., તુલસીધામ,તા. ભરુચ તેમજ (૩) વિરેન્દ્ર શ્યામસુન્દર પ્રસાદ ઉ. વ. ૩૬ રહે. ભરવાડ ફળીયુ, માંડવા, તા. અંકલેશ્વર, જિ. ભરુચને જાહેરનામાનો ભંગ તથા લોકડાઉન સંબંધે કારણ વગર બહાર નીકળેલ હોય જેની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર કામગીરી પો.ઈ. ડી. પી. ઉનડકટ તથા આ. પો. કો. નરેશભાઈ નટવરભાઈ બ. નં. ૬૬ તથઆ ડ્રા. પો. કો. અમીશકુમાર ભાનુપ્રસાદ બ. નં. ૨૫૮ દ્વારા કરવામાં આવેલ છે.

કોરોનાઃ સ્મીમેર હોસ્પિટલમાં ૫૦ બેડ સાથે ૨૫ વેન્ટિલેટરમાં વધારો કરાયો

સુરત

કોરોના વાયરસને લઈને દુનિયાના તમામ દેશ હેરાન છે ત્યારે આવી પડેલ પરિસ્થિતિને પોંહચી વળવા માટે તમામ દેશની મેડિકલ ટીમ સતત મહેનત કરી રહે છે. સુરતની મહાનગર પાલિકા દ્વારા આ મહામારીને પહોંચી વળવા માટે મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ૫૦ બેડ સાથે ૨૫ વેન્ટિલેટર સાથે જરૂરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે.

કોરોના વાયરસ દેશ સાથે દુનિયામાં હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે દુનિયાનાં તમામ દેશ આ રોગ સામે લડવા કમર કસી છે. આ વાયરસનાં દર્દી અન્ય કોઈને આ ચેપ નહિ લગાડે તે માટે સરકાર દ્વારા જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે સુરતની મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં તાતકાલિક ૫૦ બેડ સાથે ૨૫ વેન્ટિલેટરની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે સાથે આવનારા દર્દીને સારવાર માટે તાત્કાલિક ૪૧ તબીબ અને ૧૨૫ નર્સની ભરતી કરવામાં આવી છે. જોકે, સુરત ગુજરાતનું આર્થિક પાટનગર છે ત્યારે અહીંયા છેલ્લા ૬૦ કલાકમાં એક પણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી.

તંત્ર દ્વારા તમામ તૈયારીઓ રાખવામાં આવી છે. કારણકે સુરત ભૂતકાળમાં પ્લેગ નામના રોગના અજગરી ભરડામાં આવી ચુક્યું છે. ત્યારે ફરી આવી કોઈ મહામારી આ શહેરની સુરત બગાડી ના જાય તે માટે તંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારી કરવામાં આવી છે અને કોઈપણ પરિસ્થિતીથી પોંહચી વળવા માટે સુરતનું તંત્ર સક્ષ્મ છે.

કોરોનામાંથી પાંચ દર્દી સાજા થયા, અમદાવાદની યુવતીને ડિસ્ચાર્જ કરાઈ

વડોદરામાં ત્રણ, અમદાવાદમાં એક તેમજ સુરતમાં એક દર્દીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો

અમદાવાદ

ગુજરાતમાં કોરોના ૫૮ કેસો બાદ એક રાહતના સમાચાર આવવાની શરૂઆત થઈ છે. અમદાવાદની એક ૩૪ વર્ષની મહિલા પેશન્ટને કોરોનાથી સંપૂર્ણ મુક્ત થઈને અમદાવાદની એસવીપી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવી છે. આ સાથે વડોદરામાં ત્રણ દર્દીઓ અને સુરતમાં એક મહિલા દર્દીના બે વખત કોરોના ટેસ્ટ નેગેટિવ આવતા તેઓ પણ કોરોના વાયરસમાંથી સાજા થઈ ગયા છે. ગુજરાતમાંથી કુલ પાંચ દર્દીઓને કોરોના સંક્રમણમાંથી સાજા કરીને રજા આપવામાં આવી છે. આ અંગે સત્તાવાર જાહેરાત ટૂંકમાં કરાશે.

અમદાવાદમાં સામે આવેલા કોરોના વાયરસની પહેલી દર્દીને SVP હોસ્પિટલમાં ૧૦ દિવસની સારવાર બાદ સ્વસ્થ થઈ જતા ડિસ્ચાર્જ કરવામાં આવી છે. ફિનલેન્ડથી આવેલી યુવતીને ૧૮મી માર્ચે કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવી હતી. જ્યારે વિતેલા ૨૪ કલાકમાં તેના બે રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા.

સુરત માટે પણ રાહતના સમાચાર એ છે કે લંડનથી આવેલી સુરતની યુવતિ કે જેનો ગુજરાતમાં પહેલો કોરોના પોઝિટિવ કેસ હતો એના પણ નેગેટિવ ટેસ્ટ આવી ચૂક્યા છે અને તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવી છે તેમજ તેને હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

અગાઉ ગઈકાલે વડોદરાના ત્રણ પેશન્ટના પણ કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને રજા આપવામાં આવી હતી. આમ ગુજરાતમાં કુલ પાંચ દર્દીઓને કોરોનામાંથી સાજા થઈ જવા બદલ ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા હોવાનું જણાયું છે. આ તમામ દર્દીઓને ૧૪ દિવસના ફરજિયાત હોમ ક્વોરન્ટાઈન ગાળામાં રહેવાનું છે. ત્યારબાદ તેમની સમયાંતરે હેલ્થ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવશે અને જરૂરી ટેસ્ટ પણ કરાવવામાં આવશે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચનો નિયમ છે કે કોઈપણ કોરોના પોઝિટિવ દર્દીના ચોવીસ કલાકમાં બે ટેસ્ટ નેગેટિવ આવે તો તેનામાંથી વાયરસ અનલોડ થયો હોવાનું ગણાય અને તે સ્વસ્થ હોવાથી તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવાનો રહેશે.

હોમક્વોરેન્ટાઈન કરાયેલા લોકોનો સમયપૂર્ણ થતાં તેમના ઘર બહાર હવે ગ્રીન સ્ટીકર લગાવાશે

અમદાવાદ

અમદાવાદમાં કોરોનાવાયરસ કારણે હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા લોકોનો ૧૪ દિવસનો સમયગાળો પૂર્ણ થતા તંત્ર ફરી સક્રિય થયુ છે. અને તેમના ઘરે હવે ગ્રીન સ્ટીકર લગાવવાની કામગીરી કરવામાં આવી છે. વિદેશથી પરત ફર્યા હોય તેવા અને હોમ ક્વોરેન્ટાઈન કર્યા હોય તેવા લોકોના ઘરે અગાઉ રેડ સ્ટીકર લગાવેલા હતા.અને તેઓનો ૧૪ દિવસનો સમય પૂર્ણ થતા તેમના મકાને હવે ગ્રીન સ્ટીકર લગાવવામાં આવ્યા. જેથી કોરેન્ટાઈન કરવામાં આવ્યા હોય તે પરિવારની આસપાસના લોકો ડર વિના રહી શકે. કોર્પોરેશન દ્વારા ૩૫૦૭ લોકોને હોમ કોરેન્ટાઈ કરવામાં આવ્યા છે જેમાં ૧૯૯૪ લોકોનો હોમ કોરેન્ટાઈનનો પિરિયડ પૂર્ણ થયો છે.

૭૪ સેમ્પલ લેવાયા જેમાંથી ૬૯ નેગેટિવ જાહેર

વડોદરામાં કોરોનાનો વધુ એક દર્દી પોઝિટિવઃ કુલ ૯ કેસ પોઝિટિવ

વડોદરા

શહેરમાં વડોદરાની સયાજી હોસ્પિટલ સ્થિત કોરોના લેબમાં એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીનો આંક ૯ પર પહોંચી ગયો હતો. અત્યાર સુધી વડોદરા જિલ્લામાંથી કુલ ૭૪ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જે પૈકી ૯ પોઝિટિવ જાહેર થયા છે, જ્યારે ૬૩ નેગેટિવ જાહેર થયા છે. જ્યારે બે સેમ્પલ રિજેક્ટ થયા હતા. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના શંકાસ્પદ કુલ ૧૪ કેમ્પલ લેવાયા છે.

ગોપાલ પટેલ (ઉવ.૨૫) નામનો આ યુવક મૂળે વડોદરાનો હોવાનું કહેવાય છે પણ તેણે પોતાનું સરનામુ ગુડગાંવનું લખાવ્યું છે. આ યુવાન ત્રણ દિવસ અગાઉ પોઝિટિવ જાહેર થયેલા દર્દીના સંપર્કમાં હતો. તેને દિલ્હી એરપોર્ટ પર રિસિવ કરવા ગયો હતો, ત્યારબાદ તેની સાથે મુંબઈ ગયો અને ત્યાંથી ફ્લાઈટમાં જ અમદાવાદ પણ ગયો હતો. હાલમાં તેમને સઘન સારવારમાં રાખવામાં આવ્યા છે.

સયાજી હોસ્પિટલની સાથે હવે ગોત્રી હોસ્પિટલમાં પણ સેમ્પલ લેવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. અત્યાર સુધી વડોદરા જિલ્લામાંથી કુલ ૭૪ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જે પૈકી ૯ પોઝિટિવ જાહેર થયા છે, જ્યારે ૬૩ નેગેટિવ જાહેર થયા છે. જ્યારે બે સેમ્પલ રિજેક્ટ થયા હતા. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના શંકાસ્પદ કુલ ૧૪ કેમ્પલ લેવાયા છે. કુલ ૭૪ સેમ્પલમાંથી સયાજી હોસ્પિટલમાં ૫૩ અને ૧૬ સેમ્પલ ગોત્રી જીએમઈઆરએસ અને પાંચ સેમ્પલ ખાનગી હોસ્પિટલમાંથી પણ લેવાયા હતા. આજે કુલ ૮૫ વ્યક્તિઓનું મેડિકલ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

હાથીખાના અનાજ માર્કેટ ખુલ્લુ મૂકાયું

કોરોના સંક્રમણ અને લોક ડાઉનના પગલે વડોદરા શહેરમાં આવેલું હાથીખાના અનાજ બજારની સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી.જેથી નગરજનો સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી અનાજ કરીયાણાની ખરીદી કરી શકશે. વડોદરા શહેરમાં લોકડાઉન ને લઈ નિયમોનું ઉલ્લંઘન થતાં હાથીખાના અનાજ બજાર બંધ કરવામાં આવ્યું હતું.બાદમાં અનાજ કરિયાણા અને પ્રોવિઝન સ્ટોરનાં વેપારીઓ અને લોકોને જરૂરી અનાજનો પુરવઠો મળી રહે તે માટે કલેક્ટર અને પોલીસ કમિશ્નર તરફથી સૂચના મળતા હાથીખાના અનાજ બજાર સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી ખુલ્લું રાખવાની પરવાનગી મળતાં બજાર પુનઃ શરૂ કરાયું હતું.

નર્મદા: જાહેરનામુ અમલમાં હોવા છતા ટોળુ વળી બેસી રહેતા લોકો સાવધાન:પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે



● નર્મદા પોલીસ જાહેરનામાનો ભંગ કરતા લોકો વિરુદ્ધ કડક પગલાં લઈ રહી હોય જો ગુનો દાખલ થશે તો ભવિષ્યમાં નોકરી,પાસપોર્ટમાં તકલીફ પડી શકે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ લોકડાઉન માં અત્યારસુધી બહુ ખાસ કડકાઈ વાપરી કાયદાનો કોયડો વીજતી ન હતી પરંતુ આટ આટલું સમજાવવા છતાં બિન્દાસ રખડતા લોકો સુધરતા ન હોય હવે પોલીસ જાહેરનામા ના ભંગ કરનાર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી રહી છે ત્યારે કામ વગર રખડતા તત્વો એ હવે સાવધાન રહેવું પડશે નહિ તો જો ગુનો દાખલ થશે તો નોકરી ની સાથે પાસપોર્ટ કાઢાવવામાં પણ મુશ્કેલી પડે એમ હોય પોતાના ભવિષ્ય અને સ્વાસ્થ્ય બાબતેની ચિંતા કરી હવે સાવચેત રહેવું જરૂરી છે.નહિ તો આવા લોકો મોટી મુશ્કેલી માં મુકાય શકે છે.જાહેરનામા ના ભંગમાં વાહનો ડિટેન થાય છે લોકોની અટક થાય છે છતાં હજુ પોલીસને નરમાઈ થી લેતા વ્યક્તિઓ સુધરે તેમાજ તેમની ભલાઈ જણાઈ રહી છે.જાહેરનામાનો ભંગ કરતા ૨૬ લોકો સામે નર્મદા પોલીસે કાયદેસર પગલાં લીધા છે અને હજુ લઈ રહી હોય માટે સાવચેત રહેજો.

આજ સુધી ૨૬ વિરુદ્ધ ગુના નોંધાયા,રોજે રોજ જાહેરનામા ભંગ બદલ ગુના વધી રહ્યા હોય રખડતા તત્વોએ ચેતી જવા માજ ભલાઈ છે

નર્મદા: તિલકવાડા તાલુકામાં કચરો સાફ કરવા બોલાવી ૬ વર્ષની બાળકીની જાતીય સતામણી:પોસ્કો દાખલ



પરણિત પાડોશી યુવાને બદકામ કરવાના ઈરાદે માસૂમ બાળકી સાથે આ કૃત્ય કરતા પોસ્કોનો ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના એક ગામમાં ૬ વર્ષીય બાળકીને પાડોશી પરણિત યુવાન વિક્રમ મનાભાઈ તડવી એ પોતાના ઘરમાં કચરો સાફ કરવાના બહાને બોલાવી તેની સાથે બદકામ કરવાના ઈરાદે જાતીય સતામણી કરતા આ બાબતે બાળકીની માતાએ યુવાન વિરુદ્ધ તિલકવાડા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે પોસ્કો સહિતની કલમ લગાવી તપાસ હાથ ધરી છે.

નર્મદા : લોકડાઉનમાં પીએમ મોદીનો આ ફોટો સોશિયલ મીડિયામાં સૌથી વધુ ફરતો થયો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લોકડાઉન : નર્મદા જિલ્લામાં સોસીયલ મીડિયા ગૃપોમાં ફરતો પીએમ મોદીનો આ ફોટો ખૂબ વાયરલ થઈ રહ્યો છે,નર્મદા પોલીસ હાલ જાહેરનામા બાબતે કડક કાર્યવાહી કરી રહી છે છતાં કેટલાક રખડુ લોકો હજુ ઘરમાં રહેવાના બદલે બિન્દાસ રખડતા હોય આવા કેટલાય મેસેજ આપતા ફોટા સોસીયલ મીડિયા માં ફરે છે ત્યારે હાલ સૌથી વધુ પીએમ મોદીનો આ ફોટો સૌથી વધુ ફરતો જોવા મળી રહ્યો હોય શુ નર્મદા જીલ્લાની પ્રજા હવે જાહેરનામાનું યોગ્ય પાલન કરશે..? કે પછી દંડા ની ભાષા જ સમજશે..?

રાજપીપળામાં માલ ની અછત જણાવી ફળ, ફુટ, ગુટખા સહિતની વસ્તુઓના ભાવ બમણા : ઉઘાડી લૂંટ





પડીકીઓ,તમાકુ કાળા બજારમાં વેચાય છે જ્યારે દ્રાક્ષ સહિતના ફુટમાં પણ ભાવમાં લૂંટ છતાં મજબૂરી અને વ્યસનના કારણે લોકો ખરીદતા કાળા બજારીયાઓને ઘીકેળાં

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં હાલ લોકડાઉન સમયે કેટલીક વસ્તુઓ માં કાળા બજાર કરી બમણા ભાવ વસુલાતા હોવાની વાત સામે આવી છે જેમાં ખાસ કરીને વ્યસનીઓ કે જેમને ગુટકા,સિગારેટ, તમાકુ જેવી વસ્તુ વગર ન ચાલતું હોય તેમ બમણા ભાવ વસુલ કરી કેટલાક તત્વો લૂંટ કરતા હોવાની વાત સામે આવી છે.જોકે એમાં ફક્ત વ્યસની ગ્રાહકો જ નહીં બલ્કે નાના વેપારીઓ પાસે પણ માલ ની અછત બતાવી આવી વસ્તુઓના બમણા ભાવ વસુલ કરાય રહ્યા છે.

સાથે સાથે રાજપીપળા શહેરમાં ફળ,ફુટની લારીઓ લઈ ફરતા વેપારીઓ પણ હાલ દ્રાક્ષ,સફરજન સહિતના ફળ,ફુટ ના ભાવ વધુ લેતા હોય તેમને પૂછતાં જાણવા મળ્યું કે હોલસેલ વેપારીઓ એજ અચાનક માલ ની અછત હોય ભાવ વધારો કર્યો છે.ત્યારે લોકડાઉન સમયે હાલ કડબજારીઓ ને ઘીકેળાં હોય એમ લાગી રહ્યું છે. તંત્ર આવા તત્વો વિરુદ્ધ પગલાં લે તેવી લોકમાંગ છે.નહિ તો લોકડાઉન ખતમ થયા બાદ પણ અમુક વસ્તુઓ ના ભાવ નીચે નહિ આવે જેમાં ગ્રાહકો લૂંટાતા રહશે.

રાજપીપળા : ૧૨ દિવસથી બનારસમાં અટવાયેલા પ્રવાસીઓ ગુજરાત સરકાર ક્યારે મદદ કરે તેવી આશા રાખી બેઠા છે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના ૩૦ જેટલા પ્રવસીઓ જેમાં સિનિયર સિટીજન પણ સામેલ છે તેઓ બારેક દિવસ અગાઉ બનારસના પ્રવાસે ગયા હતા, કોરોના મહામારીના પગલે આ તમામ ત્યાં ફસાયા.

જાણવા મળ્યા મુજબ ગત તારીખ ૧૫ માર્ચે રાત્રે રાજપીપળા થી નીકળેલા ૩૦ જેવા પ્રવાસીઓ હાલ છેલ્લા બારેક દિવસ થી ઉત્તરપ્રદેશના વારાણસીમાં એક આશ્રસ્થાન પર હોય ગુજરાત સરકાર તેમને વહેલી તકે વતન રાજપીપળા પહોંચતા કરે તેવી આશા રાખી બેઠા છે.

આ તમામ કોરોનાને કારણે લોકડાઉન અમલમાં આવતા અને ટ્રેનો પણ બંધ થઈ જતા આ પ્રવસીઓ કે જેમની રિટર્ન ટિકિટ ૨૪ માર્ચની હતી તે પણ કેન્સલ થતા સૌ કોઈ ત્યાં અટવાયા હતા.અને રાજપીપળા ખાતે તેમના સગા સંબંધીઓને મેસેજ મોકલતાં આ મેસેજ સોસીયલ મીડિયામાં વાયરલ થયા હતા ત્યારે આ બાબતને જાણ બનારસના કલેક્ટર સહિત અનેકને કરી છે છતાં આજે ૧૨ દિવસ થવા છતાં આ લોકો ને રાજપીપળા આવવા હજુ સુધી કોઈ વ્યવસ્થા ન થતા ખાસ કરી મહિલાઓ બાળકો અને સિનિયર સિટીજનો હોય સરકાર ક્યારે તેમને પહોંચાડવાની વ્યવસ્થા કરશે તેની આતુરતા થી રાહ જોઈ રહ્યા છે.

આ પ્રવાસીઓ પૈકી પ્રકાશભાઈ નામના એક પ્રવાસીએ ટેલિફોનિક વાતમાં જણાવ્યું કે બનારસના સ્થાનિક તંત્રએ અમને રહેવા,જમવાની વ્યવસ્થા સારી કરી છે પરંતુ રાજપીપળા પહોંચાડવા સ્વખર્ચે જવાની વાત કરતા હાલની સ્થિતિ એ અમને પોષાય નહિ તેટલો વાહન ખર્ચ બતાવતા અમે ક્યારે રાજપીપળા પહોંચીશું એ કહી નથી શકતા.જોકે અમને અહીંયા કોઈ ખાસ તકલીફ નથી પરંતુ રૂપિયા પુરા થયા હોય અમારી સાથે કેટલીક મહિલાઓ અને બાળકો હોય એ તકલીફમાં છે.

ગુજરાત સરકારની ફરજ છે અમને રાજપીપળા વહેલીતકે પહોંચાડે : મનમોહન દસાંદી,(પ્રવાસી)

રાજપીપળાના મનમોહનભાઈ દસાંદી સાથે વાત કરતા તેમને જણાવ્યું કે બનારસ ના કેટલાક અધિકારીઓ ગઈકાલે અમને મળવા આવ્યા ત્યારે અમે રાજપીપળા જવાની વાત કરતા તેમણે જણાવ્યું કે તમારે વહેલું જવું હોય તો સ્વખર્ચે જવું પડે અમે વાહન ની વ્યવસ્થા કરી આપીએ પરંતુ વાહન કિમિ.દીઠ ૪૭/-રૂપિયા જણાવતા બનારસ થી રાજપીપળા પહોંચતા રિટર્ન ભાડું ગણતા એક લાખ થી વધુ રૂપીયા ભાડાના થતા હોય તે અમને ક્યાંથી પોષાય માટે ગુજરાત સરકારની ફરજ છે કે અમને સરકારી વ્યવસ્થા કરી રાજપીપળા પહોંચતા કરે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટીતંત્ર દ્વારા કેવડિયા અને આજુબાજુના વિસ્તામાં જીવનજરૂરિયાત કીટનું વિતરણ



પ્રત્યેક ઘરે આજે કિટનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ઘઉંનો લોટ, ચોખા, ખાંડ, તુવેર દાળ, ચા, મીઠું, તેલ સહિતની વસ્તુઓ આપવામાં આવી હતી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ન માત્ર પ્રવાસન સ્થળ છે,તેનાથી પણ વધીને સ્થાનિકોના જીવનમાં ઉજાશ પાથરવાનો રાજય સરકારનો સંનિષ્ઠ પ્રયાસ છે.આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટીતંત્ર દ્વારા સાવ છેવાડાના માનવીઓનાં જીવનમાં ઉજાશ પાથરવા માટે જીવન જરૂરીયાતની કિટનું વિતરણ જેની ટીમ મારફતે કરવામાં આવ્યું છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં આવેલ તમામ ગામોની પ્રજાનો સર્વાંગી વિકાસ એજ એક માત્ર ધ્યેય રાજય સરકારનો રહેલો છે.

કીટ વિતરણ વખતે લાભાર્થી પ્રજાજનોનાં ચહેરા પર ખુશીનું સ્મિત જોઈને અધિકારી અને કર્મચારીઓના દિલમાં સંતોષની લાગણી ફેલાઈ હતી.આ તકે હંમેશા આ વિસ્તારની પ્રજા સાથે રહેવાના કૉલ પણ વહિવટીતંત્ર તરફથી અપાયા હતા.સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટીના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ જિલ્લા પંચાયત તરફથી તલાટી સહિતના કર્મીઓ પણ હાજર રહ્યા હતા.

સરકાર દ્વારા લોકડાઉનના સમયે આર્થિક મદદ આપવાનનો નિર્ણય : પાલીકા ટીમ માહિતી મેળવશે

(ભરત શાહ દ્વાર)
રાજપીપળા

સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા નાના ધંધાદારીઓને લોકડાઉન ના સમય દરમીયાન આર્થિક મદદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,જેના સર્વે માટે સોમવાર થી પાલિકાની ટિમો ફરશે માટે નાના ધંધા સાથે સંકળાયેલા તમામ લોકો પાસેથી રાજપીપળા નગર પાલીકા ટિમ ફોર્મમાં જણાવ્યા મુજબના આધાર પુરાવા માંગશે તો આ પુરાવા હાથવગા રાખવા પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલ દ્વારા નાના ધંધાદારીઓના હિતમાં જણાવવામાં આવ્યું હોય નગર પાલિકાની ટિમ આવે તેને પૂરતો સહકાર આપી આર્થિક મદદ મેળવવા માટેની માહિતી આપવા જણાવાયું છે.

કયા પુરાવા સાથે રાખશો?

૧. આધારકાર્ડની નકલ, ૨.રેશનકાર્ડની નકલ,૩.બેંક પાસબુકના પહેલા પાનની એકાઉન્ટ નંબર,IFSC નંબર સાથેની નકલ,૪.હાલના રોજગારના સ્થળનો ફોટોગ્રાફ,૫.લાલ ચોપડીની નકલ(લાગુ પડતું હોય તો),૬.યુવીન કાર્ડની નકલ(લાગુ પડતું હોય તો),૭.રીક્ષા ડ્રાઈવર માટે ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ(લાગુ પડતું હોય તો)





પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)